MARKET 4U (OPC) PVT. LTD.
જંગ-એ-ગુજરાત
અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । મંગળવાર । તા. ૧૭-૦૩-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૨

7 કોંગ્રેસમાં જૂથવાદ પરાકાષ્ઠાએ, હજુય વધારે ધારાસભ્યોના રાજીનામાં પડશેઃ નીતિન પટેલ

8 ગુજરાતી ફિલ્મોમાં કામ કરનાર કોમેડિયન કેસ્ટો ઇકબાલનું અકસ્માતમાં મોત

10 લંડનથી રિટર્ન આવેલી યુવતીમાં શંકાસ્પદ કોરોના લક્ષણ દેખાયા

11 ભરૂચ જિલ્લાના કાવી ગામના વતની સુહેલ પર સાઉથ આફ્રિકામાં જીવલેણ હુમલો

કોરોના વાયરસ નિયંત્રણ હેતુ અગ્રસર રહેતો શ્રી રંગ અવધૂત પરિવાર

‘શ્રી હદયોર્મી પ્રેમોત્સવ’ સમિતિ શ્રી રંગખુશી દરબાર કપડવંજ દ્વારા ગુરુવર્ય શ્રી જગદિશાનંદજી નો સડસઠ માં જન્મોત્સવની ઉજવણી મોકૂફ રાખી શ્રીરંગ પરિવારોમાં શિરમોર બની ‘કોરોના વાયરસ’ નિયંત્રણ માટે પ્રેરણારૂપ દાખલી પૂરો પાડી ગુજરાત સહિત દેશભરમાં શ્રી રંગ અવધૂત બાપજીની લોક પરમાર્થની ‘સર્વે સુખાનતું નિરામયા’ની જ્યોત પ્રજ્વલિત રાખી.

છેલ્લા બે માસથી જન્મોત્સવની તડામાર તૈયારી કરતી ‘શ્રી હદયોર્મી પ્રેમોત્સવ’ સમિતિએ પોતાના હદયકમલમાં બિરાજમાન શ્રીજગદિશાનંદજી(રંગબાળ) કપડવંજ નો જન્મોત્સવ મનાવવા આતુર હતી ભાવિકો, ભક્તો, આમંત્રીતોને પત્રિકા વેળાસર વહેંચાઈ ગઇ હતી.બે દિવસના કાર્યક્રમની ઉતારા, પ્રસાદ, શોભાયાત્રા, સત્સંગ, નામસ્મરણ, મહાનુભાવોને આમંત્રણ, સાંસ્કૃતિક કાર્યક્રમો, મહાપ્રસાદ વિગેરે તૈયાર કરી કપડવંજ રંગ પરિવાર ને ચેતનાસભર બનાવ્યું હતું પણ દેશ અને રાજ્યમાં ‘કોરોના વાયરસ નિયંત્રણ ‘હાક પડી અને આઝાદી સમયથી દેશ અને નાગરિકો પ્રત્યે ‘સર્વે સુખાનતું નિરામયા’ અને પરસ્પર દેવો ભવ ની ભાવના સભર અગ્રસર રહેતો દેશનો શ્રી રંગ અવધૂત પરિવાર ક્યારેય પીછેહટ કરવામાં લાભહાની જોતો નથી અને આજે જ્યારે પોતાના ગુરુવર્યનો જન્મદિવસ ઉજવણીના ભોગે જો કોરોના વાયરસ ફેલાતો અટકવાના પગલાં લેવાના હોય તો પીછેહઠ ન કરી અને ગુરુજી ની આજ્ઞા થતાં જ ‘શ્રી હદયોર્મી પ્રેમોત્સવ’ સમિતિ શ્રી રંગખુશી દરબાર કપડવંજે તમામ કાર્યક્રમો રદ જાહેર કરી જન સંવેદના સાથે માનવતાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડી શ્રી રંગ અવધૂત બાપજી ની યશો ગાથામાં ચારચાંદ લગાવ્યા છે.

દૂરદૂરથી પરિસ્થિતિથી અજાણ ભાવિકો જેમજેમ આવતા ગયા તેમતેમ સર્વેને પરિસ્થિતિનો તાગ આપી ગુરુવર્ય જગદિશાનંદજીનો સહિત તમામ ‘શ્રી હદયોર્મી પ્રેમોત્સવ’ સમિતિ શ્રી રંગખુશી દરબાર કપડવંજે સાદગીપૂર્ણ રીતે ભાવિકોને પ્રસાદી કરાવી વળવ્યા અને આજ છે શ્રી રંગ અવધૂત બાપજીનો આચાર વિચાર એ સમગ્ર ભાવિકો ને સમજાવ્યો.

શ્રી જગદીશાનંદજીની અગમચેતીનો અનુભવ એટલે આજના પ્રસંગની ઘટમાળ જેમ જે આ વર્ષે તેઓશ્રીએ ઉજવણી ન કરવાનું મહીનાઓ પહેલા કહી તેઓના ઉત્સુક ભક્તોને નિરાશ કરેલ પણ ભક્તો પણ ગુરુપ્રત્યેની ભાવનામાં ઉણા ઉતરે તેમ ન હતાં રંગબાળના બાળકોની બાળહઠ આગળ ગુરુજીનું કોમળ મન હારી ગયું ને અંતે કપડવંજ ખાતે જ આયોજન કરવું તેમ નક્કી કરવામાં ભક્તોની ભાવના જીતી તો ગઈ પણ છેલ્લા દિવસે ‘કોરોના નિયંત્રણ’રૂપી વિઘ્ન આવ્યું ને હવે ભક્તોને ના નું કારણ સમજાયું, ખેર સૌ ભાવિકોએ ગુરુદર્શનનો લ્હાવો લીધો અને શ્રી જગદીશાનંદજી પ્રતિ પ્રેમ સમર્પિત જરૂર કૃતાર્થ થઈ આત્મચેતના પ્રગટ કરી દેશવાસીઓ સ્વસ્થ થાય તેવી અરજ પરમ કૃપાળુ પરમાત્મા અને સમર્થ ભગવાન શ્રી રંગ અવધૂત બાપજીને પ્રાર્થના કરી સૌ સ્વગૃહે સિધાવ્યા હોવાનું જાણવા મળે છે.

ધનંજય ઝવેરીના જય શ્રી ગુરુદેવ દત્ત (૭૫૭૪૮૮૮૮૬૧)

૬૭મા પ્રાગટ્યોત્સવે ગુરુજીને શત શત વંદન....



વંદે તજને વારંવાર....

Negative ion Bracelet

Positive ions are absorbed into the body from cell phones, wireless technology, electrical devices and pollution on a daily basis, causing severe damage on a cellular level. Positive ions are said to interfere with our natural balance and can lead to tiredness, lack of concentration and muscle fatigue.



MRP 1499/-

નેગેટીવ ion બ્રેસલેટ

પોઝિટિવ IONS સેલ ફોન્સ, વાયરલેસ ટેકનોલોજી, ઇલેક્ટ્રિકલ ડિવાઇસીસ અને દૈનિક ધોરણે ઉપયોગ પ્રદૂષણથી આપણા શરીરમાં સમાઈ જાય છે, જેનાથી આપણા બેલન્સને ભારે નુકસાન થાય છે. સકારાત્મક આયન આપણા કુદરતી સંતુલનમાં દખલ ઉભી કરે છે અને તે થાક, એકાગ્રતા અને સ્નાયુઓને જકડાવી થાક તરફ દોરી શકે છે.જેનાથી બચવા નેગેટિવ આયર્ન બેલ્ટ આ સમસ્યા નિવારી આરોગ્ય સુધારે છે

ફ્રી



નેગેટીવ ion બ્રેસલેટ ઓનલાઈન અને અન્ય કંપનીમાં ૫૦૦૦/-થી વધારે કિંમતમાં મળે છે
જ્યારે અહી ફક્ત રૂા. ૧૪૯૯/-માં મળશે. (હોમ ડિલીવરી)
સાથે મોબાઇલ એન્ટીરેડીએશન ચીપ તદ્દન મફત

ડિલરશીપ મેળવવા માટે સંપર્ક કરો
Market4u
9978406257

Payment : 9825318225 paytm, phone pe, gpay કરી પેમેન્ટનો ફોટો તથા
આપનું પિનકોડ સાથેનું પૂરુ સરનામું 9978406257 પર વોટ્સઅપ કરો.
બેંક ખાતામાં પણ પેમેન્ટ કરી શકો છો : Dhananjay u. Zaveri - Ac No. 10373843634,
State Bank of India, Ifsc code SBIN0009164, Pritam nagar Branch Bharuch 392002

સતત વેચવાલીના અને વાયરસની વૈશ્વિક અસરને કારણે શેરબજારમાં કડાકો

કોરોનાનો કાળો કેર: સેન્સેક્સમાં ૨૭૦૦ અંકનું ગાબડું

રોકાણકારોને અંદાજે ૭.૫૦ ત્રણ લાખ કરોડનુ ધોવાણ, ફેડરલ બેન્કે વ્યાજદર ઘટ્યા છતાં સેન્સેક્સ તેજી અપાવવામાં નિષ્ફળ, યસ બેન્કનો શેર ૫૦ ટકા ઉછળ્યો

મુંબઇ

ભારતના શેરબજારમાં કોરોનાની અસરને કારણે કડાકા ભડાકાનો દૌર ઓછો થતો ન હોય તેમ પાછલા કેટલાક દિવસોની જેમ આજે પણ કામકાજના સમાહના પહેલાં જ દિવસે જ સોમવારે કામકાજ શરૂ થતાં જ સેન્સેક્સ અને નિફ્ટી એમ બન્નેમાં ભારે ઘટાડો જોવા મળ્યો હતો.સેન્સેક્સ લગભગ ૧૦૦૦ પોઈન્ટના ઉછાળા સાથે ૩૩,૧૦૩.૨૪ પર ખુલ્યો તો એ જ રીતે નેશનલ સ્ટોક એક્સચેંજનો નિફ્ટી પણ અંદાજે ૫૦૦ના ઘટાડા સાથે ૯,૫૮૭.૮૦ પર ખુલ્યો હતો. જેમાં ત્યારબાદ વધારો થયો હતો. જો કે, બપોરે કારોબારના અંતે સેન્સેક્સમાં ૨૭૨૬ અંકનો ઘટાડો ઘટીને ૩૧,૩૭૪.૪૮ પર બંધ રહ્યો હતો. નિફ્ટી વિશે વાત કરવામાં આવે તો તે ૭૬૧.૦૫ પોઈન્ટ ઘટીને ૯૧૯૭.૨૦ પોઈન્ટ પર હતો. પણ તે ૧૦ હજારની સપાટી સસુધી પહોંચી શક્યુ નહોતું. આજે રોકાણકારોની સંપત્તિમાં અંદાજે ૭.૫૦ લાખ કરોડનું ધોવાણ જોવા મળ્યું હતું.



દિવસના અંતે સેન્સેક્સ ૨૭૧૩ અંક માઈનસ સાથે ૩૧૩૯૦ની સપાટીએ, નિફ્ટી ૭૫૭.૮૦ અંકના ઘટાડા સાથે ૯૧૯૭ની સપાટીએ બંધ

બજારમાં આજે આવેલા ભારે ઘટાડાના ચાર મુખ્ય કારણોમાં અમેરિકાના બજારોની તેજી અને ફેડરલ બેંકે વ્યાજ દરમાં કરેલો ઘટાડો સેન્સેક્સને તેજી અપાવવામાં નિષ્ફળ રહ્યો છે. કોરોનાવાઈરસનું સંક્રમણ વધવાના ખતરાથી ભારતીય બજારોમાં જબરજસ્ત ઘટાડો જોવા મળી રહ્યો છે. જોકે યસ બેંકના શેરમાં ૫૦ ટકા ઉછાળો જોવા મળ્યો છે.

યુએસ ફેડરલે વ્યાજ દરમાં ઘટાડો કરીને તેને શુન્યની નજીક લાવી દીધો છે. કોરોનાવાઈરસ ફેલાવવાને કારણે બિઝનેસ અને ટ્રાવેલ ઠપ થઈ રહ્યાં છે. તેની સામે લડવા માટે ફેડે આ પગલા ભર્યા છે. આ પગલા બાદ બોન્ડ બજારમાં ખરીદી વધી ગઈ છે. ડોલરની સરખામણીમાં રૂપિયામાં પણ ઘટાડો જોવા મળ્યો હતો.

દેશમાં કોરોનાવાઈરસનું સંક્રમણ વધવાના સમાચોરાના પગલે રોકાણકારોમાં ડર છે. મહારાષ્ટ્ર અને કેરળમાં કોરોના વાઈરસના મામલાઓની સંખ્યા વધી છે. ઈટલી અને ઈરાનથી પણ ૪૫૦ ભારતીયોને પરત લાવવામાં આવ્યા છે. ચીન બાદ આ બંને દેશો કોરોનાથી સૌથી વધુ પ્રભાવિત છે.

વૈશ્વિક ક્રેડિટ રેટિંગ એજન્સી ક્રિસેલે કહ્યું છે કે વિશ્વભરમાં કોરોનાનો ભય સતત વધી રહ્યો હોવાના પગલે ભારતીય કંપનીઓની સામે ક્રેડિટનું દબાણ વધી ગયું છે. એજન્સીએ કહ્યું છે કે એરલાઈન્સ, હોટલ, મોલ્સ, મલ્ટીપ્લેક્સ અને રેસ્ટોરન્ટ ઈન્ડસ્ટ્રી પર સૌથી વધુ અસર પડશે.

વિદેશી સંસ્થાગત રોકાણકારોએ ઘરેલું બજારોમાંથી પૈસા કાઢી લેતા બજાર પર દબાણ છે. માર્ચમાં અત્યાર સુધીમાં રોકાણકારો ૩૫,૦૦૦ કરોડ રૂપિયા કાઢી ચૂક્યા છે. કોરોનાવાઈરસ ફેલાવવાને કારણે રોકાણકારોમાં ડર છે.

યસ બેંકમાં આશ્ચર્યજનક તેજી યસ બેંકે ધારણા કરતા વધારે મોટી ખોટ કરી છે. ધારણા કરતા વધારે નબળી લોનનું પ્રમાણ જાહેર કર્યું છે. વર્તમાન શેરહોલ્ડર ઉપર ત્રણ વર્ષનું લોક ઈન હોવા છતાં આજે એકદમ નબળી બજારમાં શેરનો ભાવ ૩૨.૨૯ ટકા કે ૩.૮.૨૫ વધી ૩.૩૫.૮૦ ચાલી રહ્યો છે

બપોરે ૨:૦૫ વાગે સેન્સેક્સે ૨૨૩૯ પોઈન્ટના કડાકા સાથે ૩૨,૦૦૦ની સપાટી ગુમાવી તો નિફ્ટીમાં પણ ૬૨૭ પોઈન્ટના ઘટાડા સાથે ૯૩૩૦ પર ટ્રેડ કરી રહ્યો હતો. SBI કાર્ડ શેર ૭ ટકા તૂટીને ૭૦૨ પર ટ્રેડ કરી રહ્યો હતો અને બજાર અફવાઓને પગલે ઈમ્ન બેંક અને ઈન્ડસઈન્ડ બેંકના શેરમાં ૨૦-૨૦ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. લંડન શેરબજાર ૭.૬૦ટકા અને પેરિસનું બજાર ૫.૬૬ ટકા ડાઉન થયું હતું. જ્યારે બપોરે ૧:૦૦ વાગે સેન્સેક્સ ૧૮૦૦ પોઈન્ટના ઘટાડા સાથે ૩૨૨૪૮ પર ટ્રેડ કરી રહ્યો હતો. નિફ્ટી ૫૧૪ પોઈન્ટના ઘટાડા સાથે ૯૪૪૪ પર ટ્રેડ કરી રહ્યો હતો. એશિયન શેરબજારોમાં વેચવાલી યથાવત બેંક નિફ્ટી ૧૫૦૦ પોઈન્ટ ડાઉન થયો હતો.

ન્યૂઝીલેન્ડની સેન્ટ્રલ બેંકે પણ વ્યાજદરોમાં ઘટાડો કર્યો છે. આ પહેલાં શુક્રવારે સમગ્ર દુનિયાના બજારમાં તેજી જોવા મળી હતી. અમેરિકન બજારોમાં ડાઉ જોન્સ ૧૯૮૫ પોઈન્ટ વધીને ૨૩,૧૮૫.૬૦ની સપાટીએ બંધ થયો હતો. આ જ રીતે નેસ્ડેક કંપોઝિટ ૬૭૩ પોઈન્ટ અને એસએન્ડપી ૨૩૦ પોઈન્ટ વધીને બંધ થયા હતા. એસએન્ડપીમાં ૯.૨૯ ટકાની તેજી જોવા મળી હતી.

સૂત્રોએ કહ્યું કે, શેરબજારમાં શુક્રવારે ખૂબ વધ-ઘટનું માહોલ જોવા મળ્યું હતું. બોમ્બે સ્ટોક એક્સચેન્જમાં સેન્સેક્સ ખુલતા જ ૨,૫૩૪ પોઈન્ટનો કડાકો જોવા મળ્યો હતો. ઓપનિંગની ૧૨ મિનિટમાં જ લોઅર સર્કિટ વાગવાના કારણે ટ્રેડિંગ રોકવું પડ્યું હતું. ફરી વખત ટ્રેડિંગ શરૂ થતાં સેન્સેક્સ ૩૬૦૦ પોઈન્ટ સુધી ઘટ્યો હતો. ત્યારપછી યુએસ ફ્યુચર્સ અને સેબીના આશ્વાસન પછી બજારમાં રિકવરી શરૂ થઈ હતી. આટલા મોટા ઘટાડા પછી સેન્સેક્સમાં ૧૭૦૦ પોઈન્ટની તેજી જોવા મળી હતી. આ સેન્સેક્સના ઈતિહાસમાં સૌથી મોટી ઈન્ટ્રાડે રિકવરી છે. શુક્રવારે આખા દિવસના વેપારમાં કુલ ૫૪૦૦ પોઈન્ટનો ઉતાર-ચઢાવ જોવા મળ્યો હતો. આ પણ એક દિવસમાં બજારની સૌથી મોટી વધ-ઘટ માનવામાં આવે છે. વેપારના અંતમાં સેન્સેક્સ ૧૩૨૫ પોઈન્ટ વધીને ૩૪,૧૦૩ પોઈન્ટની સપાટીએ બંધ થયો હતો.

કમલનાથ સરકાર આજે જ બહુમત સાબિત કરે: રાજ્યપાલનો પત્ર



ભોપાલ

મધ્યપ્રદેશમા રાજકિય સંગ્રામ થંભવાનુ નામ જ નથી લઈ રહ્યુ, ત્યારે રાજ્યપાલ લાલજી ટંડને મુખ્યમંત્રી કમલનાથને આવતી કાલ એટલે કે, ૧૭ માર્ચના રોજ બહુમત સાબિત કરવા માટે કહ્યુ છે. આ બાબતે એક પત્ર પણ જાહેર કરવામાં આવ્યો છે અને કહેવામાં આવ્યુ છે કે, જો કમલનાખ સરકાર બહુમત સાબિત નહી કરી શકે તો, તે તેમને અલ્પમતમાં માનવામાં આવશે.

આ મામલે ભાજપ દ્વારા દાખલ કરવામા આવેલી અરજી પર મંગળવારે સર્વોચ્ચ અદાલતમાં સુનાવણી પણ થવાની છે.

મધ્ય પ્રદેશમાં જ્યોતિરાદિત્ય સિંધિયાના સમર્થક મંત્રીઓ અને ધારાસભ્યોએ રાજીનામું આપ્યા બાદ ખતરામાં આવી ગયેલી કમલનાથ સરકારને થોડા દિવસોની રાહત મળી છે. હાલ કોરોના વાયરસને કારણે સર્જાયેલી સ્થિતિને લીધે રાજ્યમાં વિધાનસભા ૨૬મી માર્ચ સુધી સ્થગિત કરી દેવાઈ છે. મતલબ કે, દસ દિવસ સુધી કમલનાથને બહુમતી સાબિત નહીં કરવી પડે.

આજે વિધાનસભાનું કામકાજ શરુ થતાં જ બેંગલુરુમાં રહેલા ધારાસભ્યો ભોપાલ આવી પહોંચ્યા હતા. એક તરફ વિરોધપક્ષના નેતા ગોપાલ ભાર્ગવ કમલનાથનું રાજીનામું માગી રહ્યા હતા. ત્યારે બીજી તરફ કોંગ્રેસ પોતાના કેટલાક ધારાસભ્યોનું અપહરણ કરાયું હોવાના આરોપ લગાવતી રહી હતી. કમલનાથના મંત્રી પીસી શર્માએ જણાવ્યું હતું કે, તેમની સરકાર ફ્લોર ટેસ્ટ માટે તૈયાર છે.

આજે રાજ્યપાલના અભિભાષણ બાદ વિધાનસભામાં ખાસ્સો હોબાળો પણ થયો હતો. રાજ્યપાલે પોતાના ભાષણમાં દરેકે બંધારણ હેઠળ કાયદાનું પાલન કરવું જોઈએ, જેથી મધ્ય પ્રદેશનું ઔચિત્ય જળવાઈ રહે તેમ જણાવ્યું હતું. જેની સામે કોંગ્રેસના ધારાસભ્યોએ જોરદાર હોબાળો શરુ કરી દીધો હતો. જેના કારણે કેટલોક સમય કામકાજ ખોરંભે ચઢી ગયું હતું.

રાજ્યમાં હાલ ચાલી રહેલા રાજકીય ડ્રામા વચ્ચે આજે ભારે હોબાળા બાદ સ્પીકરે કોરોના વાયરસના ખતરાનું કારણ આગળ ધરીને ૨૬ માર્ચ સુધી વિધાનસભાના કામકાજને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યું છે. રાજ્યના ગવર્નર લાલજી ટંડને ફ્લોર ટેસ્ટનો આદેશ આપ્યો હતો, પરંતુ આજે ફ્લોર ટેસ્ટ નહોતો થઈ શક્યો.

વિધાનસભાની કાર્યવાહી શરૂ થતા પહેલાં સીએમ કમલનાથે રાજ્યપાલને એક પત્ર મોકલ્યો. આ પત્રમાં આરોપ લગાવ્યો કે ભાજપે કોંગ્રેસના કેટલાંક ધારાસભ્યોને બંધક બનાવ્યા છે. અહીં તેઓ કોંગ્રેસના દગાખોર ધારાસભ્યોનો ઉલ્લેખ કરી રહ્યા હતા, જે હાલ બેંગલુરૂમાં છે. સીએમ કમલનાથે લખ્યું કે આવી સ્થિતિમાં ફ્લોર ટેસ્ટ કરાવવો અલોકતાંત્રિક અને અસંવૈધાનિક છે.

ધૂળેટીના દિવસે જ સિંધિયાએ કોંગ્રેસ છોડી હતી. તેમની સાથે તેમના સમર્થક મંત્રીઓ અને ધારાસભ્યોએ પણ રાજીનામાં ધરી દીધા હતા. સિંધિયાના વિશ્વાસુઓને બેંગલુરુ લઈ જવામાં આવ્યા હતા. પાતળી બહુમતીમાં રહેલી કમલનાથ સરકાર એક સાથે ૨૦ જેટલા ધારાસભ્યોએ રાજીનામું આપી દેતાં રાતોરાત લઘુમતીમાં આવી ગઈ હતી. રાજ્યની વિધાનસભા ભલે ૧૦ દિવસ માટે સસ્પેન્ડ કરી દેવાઈ હોય, પરંતુ રાજકીય ડ્રામા પર હજુ પડદો પડે તેમ લાગતું નથી.

ભાજપે રાજ્યપાલ સામે ૧૦૬ ધારાસભ્યોની પરેડ કરાવી

ભાજપના નેતા અને પૂર્વ મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણે આજે રાજ્યપાલ લાલજી ટંડન સાથે મુલાકાત કરી અને તેની સામે ભાજપના ૧૦૬ ધારાસભ્યોની પરેડ કરાવી હતી. શિવરાજ સિંહ ચૌહાણે રાજ્યપાલને ધારાસભ્યોની યાદી સોંપી હતી. તેમણે કહ્યું હતું કે, કલમનાથ સરકાર અલ્પમતમાં છે અને ભાજપ પાસે સરકાર બનાવવાનો બંધારણીય અધિકાર છે.



આમ આદમી માટે રાહત, જાન્યુઆરીમાં આ દર ૩.૧ ટકા હતો

ફેબ્રુઆરીમાં જથ્થાબંધ ફુગાવો દર ઘટીને ૨.૨૬ ટકા થયો

દાળ અને શાકભાજીના ભાવ ઘટતા મોંઘવારી ઘટી, આગામી મહીને આરબીઆઇ નીતિગત દરોની સમીક્ષા કરશે

ન્યુ દિલ્હી

ફેબ્રુઆરીમાં મધ્યમ વર્ગનાં લોકોને મોટી રાહત મળી છે. જથ્થાબંધ ફુગાવો દર ઘટીને ૨.૨૬ ટકા થઈ ગયો છે. આ પહેલાં જાન્યુઆરી ૨૦૨૦માં જથ્થાબંધ ભાવ આધારિત મોંઘવારી ૩.૧ ટકા હતી. જે ડિસેમ્બર ૨૦૧૯માં તે ૨.૫૯ ટકાએ હતી. વર્ષ ૨૦૧૯ની સમાન સમયગાળામાં જથ્થાબંધ ભાવ અનુક્રમણિકા આધારિત મોંઘવારી ૨.૯૩ ટકા હતી. સરકારે સોમવારનાં રોજ મોંઘવારીનાં આંકડાઓ રજૂ કર્યા જે અનુસાર મુખ્ય રૂપથી ખાવા-પીવાનાં સામાનનાં જાન્યુઆરીની હરિફાઈએ ફેબ્રુઆરીમાં સસ્તા થવાને કારણ જથ્થાબંધ ફુગાવાનાં દરમાં આ ઘટાડો આવ્યો છે. મોંઘવારી દરમાં ઘટાડો આવવાનું સૌથી મોટું કારણ દાળ અને શાકભાજીઓની કિંમતમાં ઘટાડો છે. પરંતુ ઈંડા અને માંસ-માછલીનાં મોંઘવારી દરમાં થોડી તેજી ફેબ્રુઆરીમાં જોવા મળી છે.

ઈંડા અને માંસ-માછલીનો મોંઘવારી દર ૬.૭૩ ટકાથી વધીને ૬.૮૮ ટકાએ આવી ગયો. બટાકાનાં મોંઘવારી દરમાં પણ ઘટાડો જોવા મળ્યો. શાકભાજીઓમાં આનાં ભાવમાં ઘટાડાની અસર અનાજની મોંઘવારીમાં કપાતની રીતે જોવા મળી રહી છે. ફેબ્રુઆરીમાં દાળનો જથ્થાબંધ ફુગાવો ૧૨.૮૧ ટકાથી ઘટીને ૧૧.૪૨ ટકા, જયારે બટાકાનો જથ્થાબંધ ફુગાવો ૮૭.૮૪ ટકાથી ઘટીને ૬૦.૭૩ ટકા અને ડુંગળીનો જથ્થાબંધ ફુગાવો ૨૯૩.૩૭ ટકાથી ઘટીને ૧૬૨.૩૦ ટકા રહ્યો. આ દરમ્યાન શાકભાજીનો જથ્થાબંધ ફુગાવો ૫૨.૭૨ ટકાથી ઘટીને ૨૯.૯૭ રહ્યો છે.

ગયા સમાહે સરકાર દ્વારા છૂટક ફુગાવાનાં આંકડાઓ પણ રજૂ કરવામાં આવ્યાં હતાં. અનાજની કિંમતોમાં ઘટાડો થતાં છૂટક ફુગાવો ફેબ્રુઆરીમાં ધીમો પડીને ૬.૫૮ ટકા પર આવી ગયો. ગ્રાહક ભાવ અનુક્રમણિકા આધારિત મોંઘવારી જાન્યુઆરી ૨૦૨૦માં ૭.૫૯ ટકા હતી. જયારે ફેબ્રુઆરી ૨૦૧૯માં આ આંકડો ૨.૫૭ ટકા હતો. રાષ્ટ્રીય આંકડાકીય કાર્યાલયનાં આંકડાઓ અનુસાર, ફેબ્રુઆરી ૨૦૨૦માં અનાજ ક્ષેત્રની મોંઘવારી ઘટીને ૧૦.૮૧ ટકા રહી કે જે જાન્યુઆરીમાં ૧૩.૬૩ ટકા હતી.

એપ્રિલમાં ભારતીય રિઝર્વ બેંક પોતાની દ્રિમાસિક નાણાંકીય નીતિ સમીક્ષામાં પ્રમુખ નીતિગત દરોની સમીક્ષા કરશે. આરબીઆઈએ છૂટક ફુગાવાનાં ચાર ટકા પર સીમિત કરવાનો લક્ષ્ય રાખ્યો છે. એવાં સમયમાં સરકાર દ્વારા ફુગાવાનાં આંકડાઓ રજૂ થવા એ મહત્વનું છે.

પાકિસ્તાનના પૂર્વ સાંસદે વડાપ્રધાન મોદીના ભરપેટ વખાણ કર્યા

ન્યુ દિલ્હી

દુનિયાના ૧૩૫થી પણ વધારે દેશોમાં કાળો કેર વર્તાવનારા કોરોના વાયરસ વિરૂદ્ધ ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક અતિ મહત્વની મુહિમ છેડે છે. દુનિયા આખી તેની સરાહના કરી રહી છે અને તેમાં ભાગીદાર પણ બનવા માંગે છે. આ મામલે ગઈ કાલે સાર્ક દેશોની બેઠક યોજાઈ હતી પણ પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાન ખાન તેમાં જોડ્યા નહોતા. હવે પાકિસ્તાનના પૂર્વ સાંસદે PM મોદીના ભારોભાર વખાણ કર્યા છે.

કોરોના વાયરસ અંગે સાર્ક દેશોની બેઠકમાં પાકિસ્તાનના પ્રધાનમંત્રી ઈમરાન ખાન સામેલ ન થયા. તેમના સ્થાને પાકિસ્તાનના સ્વાસ્થ્ય મંત્રીનાં વિશેષ સહાયક જઝર મિર્ઝા હાજર રહ્યાં હતાં. તેમણે કોરોના વાયરસનાં બદલે કાશ્મીર રાગ આલાપ્યો હતો. જે અંગે પાકિસ્તાનનાં પૂર્વ સાંસદે ઘણું સંભળાવ્યું.

પાકિસ્તાનનાં પૂર્વ સાંસદ ફરહતુલ્લા બાબરે કહ્યું હતું કે, સાર્કની બેઠકમાં પાકિસ્તાનનાં વડાપ્રધાન સિવાય તમામ રાષ્ટ્રપતિ કે વડાપ્રધાન હાજર રહ્યાં હતાં. શું ઈમરાન ખાને તે દાવો ન હતો કર્યો કે, ભારતનાં વડાપ્રધાન એક પગલું ભરશે તો તેઓ બે પગલા ભરશે? ખરેખર તો ઈમરાન ખાન ના સમજ, બિનજવાબદાર અને પોતે કહે તેનાથી ઊંધું કરવાવાળા છે.

રાજસ્થાનના ઉદયપુરમાં ફિલ્મસિટી બનશે

ઉદયપુર

રાજસ્થાનમાં કોરોના વાઈરસથી પ્રવાસન ઉદ્યોગને મોટો ફટકો પડ્યો છે, તો બીજી તરફ ઉદયપુર માટે એક મોટી ખુશખબરી પણ છે, જે આવનારા સમયમાં પર્યટન વ્યવસાયને નવી ઉંચાઈઓ આપશે. ઉદયપુરમાં ફિલ્મસિટી બનશે, જેના માટે મહારાણ પ્રતાપની કર્મભૂમિને પસંદ કરવામાં આવી છે. આગામી સમયમાં ગોગુંદા વિસ્તારના પડાવલી ગામમાં ફિલ્મસિટીનું નિર્માણ કામ શરુ થાય તેવી શક્યતા છે. આ ફિલ્મસિટી માટે ૩૦૦ વિઘા જમીન ફાળવણીને લઈને પ્રક્રિયા ચાલી છે. સામૂહિક પ્રયાસો થકી ઉદયપુરમાં ફિલ્મસિટીની સ્થાપનાનો માર્ક મોકળો થયો છે. અધિક જિલ્લા કલેક્ટર ઓપી બુનકરનું કહેવું છે કે, ફિલ્મસિટીના નિર્માણ માટે જમીન પસંદગી થઈ ચૂકી છે. ફિલ્મસિટી માટે જમીનની ફાળવણી અંગે રાજ્ય સરકાર તરફથી માર્ગદર્શિકા લેવામાં આવી છે, આ જમીનનો માલિક કોણ રહેશે અને અહીં ફિલ્મ સિટીના નિર્માણની જવાબદારી કોની હશે?

બે સપ્તાહમાં બીજી વખત ફેડરલે વ્યાજદર ઘટાડ્યા, ૨૦૦૮ના તળિયે

યુએસ ફેડ બેંકે વ્યાજ દર ૧-૧.૨૫%થી ઘટાડી ૦-૦.૨૫% કર્યા

ન્યૂયોર્ક

કોરોના વાઈરસને લીધે મંદીના ઓથાળા હેઠળ આવી ગયેલા વૈશ્વિક અર્થતંત્રને બચાવવા વિશ્વભરની મધ્યસ્થ બેંકો આગળ આવી રહી છે. આ કડીના ભાગરૂપે અમેરિકા ફેડરલ રિઝર્વ બેંકે તેના બેંચમાર્ક વ્યાજ દરને ૦થી ૦.૨૫ ટકાની રેન્જમાં ઘટાડો કર્યો છે. અગાઉ આ દર ૧%થી ૧.૨૫% હતા. એટલે કે અમેરિકાની મધ્યસ્થ બેંકે વ્યાજ દરમાં એક ટકા સુધીનો ઘટાડો કર્યો છે. આ અગાઉ ત્રણ માર્ચના રોજ ફેડ બેંકે વ્યાજ દરમાં ૦.૫ ટકાનો ઘટાડો કર્યો હતો.

અમેરિકા ફેડે અમેરિકાના અર્થતંત્રમાં ૭૦૦ અબજ ડોલરનું જંગી ભંડોળ પ્રવાહીત કરવાનો નિર્ણય કર્યો છે. તેણે ૫૦૦ અબજ ડોલર અને ૨૦૦ અબજ ડોલરના સરકારી બોન્ડની પણ જાહેરાત કરી છે. ન્યુઝીલેન્ડની મધ્યસ્થ બેંકે પણ ઈમર્જન્સી બેઠક બાદ સોમવારે વ્યાજ દરોમાં ૭૫ બેસિસ પોઈન્ટનો ઘટાડો કર્યો છે.

આ અગાઉ સંયુક્ત આરબ અમિરાતની મધ્યસ્થ બેંકે રવિવારે અર્થવ્યવસ્થાને પાટે ચઢાવવા માટે ૨૭ અબજ ડોલરના રાહત પેકેજની જાહેરાત કરી હતી. આ અંતર્ગત યુએઈની બેંકોને સપોર્ટ કરવામાં આવશે અને વિવિધ નિયમનકારી મર્યાદામાં છૂટછાટ આપવામાં આવશે. મધ્ય પૂર્વના લગભગ તમામ દેશોએ તેમના અર્થવ્યવસ્થામાં તેજીને પુનઃસ્થાપિત કરવા માટે સતત પ્રયત્નશીલ છે. સાઉદી અરેબિયાએ પણ આશરે ૧૩ અબજ ડોલરના રાહત પેકેજની જાહેરાત કરી છે.

ઓરિસ્સામાં પણ કોરોનાનો પહેલો કેસ, સૌથી વધુ મહારાષ્ટ્રમાં સંક્રમિત ૩૮ દર્દી

ઓરિસ્સામાં ઈટલીથી આવેલા વ્યક્તિનો કોરોના પોઝીટિવ: ભારતમાં કુલ ૧૧૬ કેસ

ન્યુ દિલ્હી

દેશમાં કોરોના વાયરસના ૧૧૬ કેસ સામે આવી ચૂક્યા છે. અત્યાર સુધી ૧૫ રાજ્યોમાં કોરોના દસ્તક દઈ ચૂક્યો છે. ભુવનેશ્વરમાં પણ એક શખ્સ કોરોના વાયરસથી સંક્રમિત જોવા મળ્યો છે. તેની ટ્રાવેલ હિસ્ટ્રી ઈટલીની જ છે. આમ ઓરિસ્સામાં પણ કોરોનાનો પહેલો કેસ સામે આવ્યો છે. એક દિવસ પહેલાં જ ઉત્તરાખંડમાં પણ પહેલો કેસ સામે આવ્યો. મહારાષ્ટ્રમાં કોરોનાના સંક્રમિત સૌથી વધુ ૩૮ દર્દી છે. જો કે કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે અત્યાર સુધી ૧૧૦ કેસની જ પુષ્ટિ કરી છે.

ભારતમાં અત્યાર સુધીમાં ૧૩ કોરોનાના દર્દી સ્વસ્થ થઈ ગયા છે. સ્વાસ્થ્ય મંત્રાલયે મોડી રાત્રે માહિતી આપી કે રાજસ્થાનમાં ત્રણ દર્દી હવે સ્વસ્થ થઈ ગયા છે અને તેમને હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી છે. આ સિવાય ત્રણ દર્દી કેરળમાં અને ૭ લોકો દિલ્હીના સફદરજંગ હોસ્પિટલમાં સ્વસ્થ છે.

મહારાષ્ટ્ર બાદ કેરળમાં કોરોના વાયરસના સૌથી વધુ દર્દી છે. અહીં ૨૨ લોકો કોરોના પોઝિટિવ આવ્યા છે. ઉત્તર પ્રદેશમાં કોરોનાના ૧૨ કેસ સામે આવ્યા છે. દેશમાં નેશનલ ઈમરજન્સી જાહેર કરાઈ ચૂકી છે. જેથી કરીને મહામારીને રોકવાના પ્રયાસ તેજ થઈ શકે.

ઉત્તરાખંડમાં પહેલો મામલો

ઉત્તરાખંડમાં રવિવારના રોજ કોરોના વાયરસ સંક્રમણનો પહેલો કેસ સામે આવ્યો છે. એફઆરઆઈના એક ટ્રેનીનો તપાસ રિપોર્ટમાં સંક્રમિત હોવાની પુષ્ટિ થઈ છે. પ્રશિક્ષુ ૧૧ માર્ચના રોજ સ્પેનથી પરત આવ્યો હતો. તેમણે કહ્યું કે હલ્દવાનીમાં નિર્દિષ્ટ પ્રયોગશાળામાં તપાસ કરતાં તેને કોરોના વાયરસથી સંક્રમિત હોવાની પુષ્ટિ થઈ. રાજ્ય સરકારે કોરોના વાયરસને મહામારી જાહેર કરી દીધી છે અને રાજ્યમાં તમામ મલ્ટીપ્લેક્સ, થિયેટર, ડિગ્રી કોલેજ, અને તકનીકી સંસ્થાનોને ૩૧ માર્ચ સુધી બંધ કરી દેવાઈ છે.

કોરોના વાયરસનો કહેર દુનિયાની સાથો સાથ ભારતમાં પણ વધી રહ્યો છે. રવિવાર બપોર સુધીમાં ૧૧૦ કેસ સામે આવી ગયા છે. તેમાંથી ૧૭ વિદેશી છે. બે લોકોના મોત પણ થઈ ચૂકયા છે. સરકારી આંકડા પ્રમાણે ૧૪ રાજ્યોના ૧૧૦ લોકોમાં વાયરસના સંક્રમણની પુષ્ટિ થઈ છે.

ઈટલીમાં બીજા વિશ્વયુદ્ધ કરતાં ય બદતર સ્થિતિ, એક દિવસમાં ૩૬૮ લોકોના મોત

કોરોના : ૧૫૭ દેશોમાં પગપેસારો, ૬૫૦૦થી વધુ લોકોના મોત

વૉશિંગ્ટન

કોરોના વાઈરસનો પ્રકોપ હવે ૧૫૭ દેશો સુધી ફેલાઈ ગયો છે. સોમવારે સવાર સુધીમાં કુલ ૧,૬૯,૫૧૫ કેસ સામે આવ્યા છે. મૃત્યુઆંક ૬,૫૧૫ સુધી પહોંચી ગયો છે. સારી વાત એ છે કે, ૭૭,૭૫૩ લોકો ઈન્ફેક્શનમાંથી સારા પણ થયા છે. અમેરિકાએ ૨૯ રાજ્યોની સ્કૂલોમાં આગામી આદેશ ન મળે ત્યાં સુધી સ્કૂલો બંધ કરવાનો આદેશ આપ્યો છે. ડોનાલ્ડ ટ્રમ્પ સરકારના જણાવ્યા પ્રમાણે બે હજાર હાઈસ્પીડ લેબ સોમવારથી શરૂ થશે. પોપ ફ્રાન્સિસ પણ વેટિકનથી નીકળીના રોમની ખાલી રસ્તાઓ પર નીકળ્યા હતા. તેમણે મહામારી ઝડપથી ખતમ થાય તે માટે પ્રાર્થના કરી હતી.

કોરોના વાઈરસના કારણે ઈટાલીમાં છેલ્લા ૨૪ કલાકમાં ૩૬૮ લોકો મોતને ભેટ્યા છે, જ્યારે એક જ દિવસમાં ૩૫૯૦ નવા કેસ નોંધાય છે. આ સાથે જ ઈટાલીમાં અત્યાર સુધીમાં ૧૮૦૯ લોકોના મોત થયા છે અને ૨૪૭૪૭ લોકો પોઝિટિવ છે.

જર્મનીએ કોરોના વાઈરસના ફેલાવાને લઈને પાંચ દેશ સાથેની બોર્ડર બંધ કરી દીધી છે. જેમાં ફ્રાન્સ, ઓસ્ટ્રિયા, સ્વિત્ઝરલેન્ડ, ડેનમાર્ક અને લક્ઝમબર્ગનો સમાવેશ થાય છે. જર્મનીમાં પોઝિટિવ કેસની સંખ્યા ૪૮૩૮ થઈ છે. જાપાનમાં કોરોના વાઈરસના કુલ કેસ ૮૩૯ થયા અને મૃત્યુઆંક ૨૪ થયો છે.

કોરોના વાયરસના વધી રહેલા ખતરાને ધ્યાનમાં રાખીને ન્યૂયૉર્કમાં તમામ સ્કૂલો બંધ કરવામાં આવી છે. જેમાં કારણે આશરે ૧૧ લાખ બાળકોએ ઘરે બેસવું પડ્યું છે. શહેરના મેયર બિલ ડી બ્લાજિયોએ જાહેરાત કરી કે ૨૦ એપ્રિલ સુધી તમામ સ્કૂલો બંધ રહેશે. આ આદેશથી શહેરમાં આવેલી ૧૯૦૦ ખાનગી સ્કૂલો પ્રભાવિત થશે. અનેક ખાનગી સ્કૂલો પહેલાથી જ બંધ છે. સોમવાર સવાર સુધીમાં અહીં કુલ ૩,૭૩૭ કેસ સામે આવ્યા હતા. અહીં ૬૮ લોકોના મોત થયા છે. નેવી શિપ યુએસએસ બોક્સર પર એક સૈનિકને કોરોના પોઝિટિવ જોવા મળ્યો છે. ઉપરાષ્ટ્રપતિ માઈક પેન્સના જણાવ્યા પ્રમાણે, સોમવારથી બે હજાર હાઈસ્પીડ લેબનું કામ શરૂ કરવામાં આવશે. તેનાથી ઈન્ફેક્ટેડ લોકોની ઓળખ અને સારવાર વધારે સરળ થઈ જશે. અહીં હેલ્થ ઈમરજન્સી પહેલાં જ જાહેર કરી દેવામાં આવી છે.

કોરોના મહામારીએ સર્વોચ્ચ ઈસાઈ ધર્મગુરુ પોપ ફ્રાન્સિસને પણ ચિંતિત કરી દીધા છે. પોપ રવિવારે બપોરે વેટિકનથી નીકળીને રોમના ખાલી રસ્તાઓ પર જોવા મળ્યા હતા. વેટિકનના એક નિવેદનમાં કહેવામાં આવ્યું હતું કે, પોપ રોમના રસ્તાઓ પર નીકળ્યા હતા. તેઓ બે એવી જગ્યાઓ પર ગયા હતા જ્યાં શ્રદ્ધાળુઓ જાય છે. રવિવારે વેટિકનમાં આવેલું સેન્ટ પીટર્સ સ્ક્વેર ચર્ચ પણ ખાલી જોવા મળ્યું હતું.

એક એવિયેશન સલાહકારે વિશ્વને ચેતવણી આપી

કોરોના ઈફેક્ટ: મેના અંત સુધીમાં કેટલીય એરલાઈન્સ દેવાળુ ફૂંકે તેવી સંભાવના

ન્યુ દિલ્હી

જો સરકારો અને ઉદ્યોગો આ રોગચાળામાં કોઈ નક્કર પગલાં ના લે તો કોરોના વાઈરસની અસરે મેના અંત સુધીમાં વિશ્વની કેટલીય એરલાઈન્સ દેવાળું ફૂંકે એવી સંભાવના છે, એમ એક એવિયેશન સલાહકારે આ વિશે વિશ્વને ચેતવણી આપી છે. કેટલીય એરલાઈન્સો પહેલાંથી જ ટેક્નિકલરૂપથી નાદારી થવામાં અગ્રેસર છે અને દેવાંમાં ડૂબેલી છે, એમ સિડની બેઝ્ડ કન્સ્લ્ટન્સી કાપા સેન્ટર ફોર એવિયેશને સોમવારે એક નિવેદનમાં ચેતવણી આપી હતી.

તેણે એક નિવેદનમાં કહ્યું હતું કે એરલાઈન્સ ઝડપથી પોતાની રોકડનું ફંડ ઓછું કરી રહી છે, કેમ કે એમનાં વિમાન ઊડી નથી રહ્યાં અથવા જે ઊડી રહ્યાં છે, એ અડધાં ખાલી રહે છે. સિડની બેઝ્ડ કન્સ્લ્ટન્સી કાપા સેન્ટર ફોર એવિયેશનએ કહ્યું હતું કે જો એરલાઈન્સને મોટા નુકસાનથી બચાવવી હોય તો સરકારો અને ઈન્ડસ્ટ્રીએ જોડે મળીને પ્રયાસો કરવા પડશે. સિડની બેઝ્ડ કન્સ્લ્ટન્સી કાપા સેન્ટર ફોર એવિયેશનએ કહ્યું હતું કે જો આવું નહીં થાય તો આ સમસ્યાનો સામનો કરવા માટે એક યુદ્ધના મેદાનમાં ઊતરવા જેવું હશે. સિડની બેઝ્ડ કન્સ્લ્ટન્સી કાપા સેન્ટર ફોર એવિયેશનએ કહ્યું કે અમેરિકા, ચીન અને મધ્ય-પૂર્વની કેટલીક એરલાઈન્સે સરકાર પાસે મદદ માગી છે. અથવા તેમના માલિકોની મદદથી સર્વાઈવ થઈ રહી છે.

કોરોના વાઈરસના પ્રકોપને લીધે વેપાર-ધંધામાં એવિયેશન ક્ષેત્રને મોટું નુકસાન થઈ રહ્યું છે. આ રોગચાળાને લીધે એર ટ્રાફિકમાં ભારે ઘટાડો થયો છે. અમેરિકન એરલાઈન્સ ગ્રુપથી માંડીને ઓસ્ટ્રેલિયાના ઊંહકજ એરવેઝ લિમિટેડ સુધી વાહક ક્ષમતામાં ઘટાડો આવ્યો છે, જ્યારે સ્વીડનની SAS AB જેવી એરલાઈન્સે મોટા ભાગના હંગામી કર્મચારીઓને દૂર કર્યા છે. બીજી બાજુ યુરોપની સૌથી મોટી એરલાઈન્સ Flybe પહેલેથી જ ધ્વસ્ત થઈ ગઈ છે. આંતરરાષ્ટ્રીય એર ટ્રાન્સપોર્ટ એસોસિયેશન અનુસાર એરલાઈન્સને આ વર્ષે આશરે ૧૧૩ બિલિયન ડોલરની આવકનું નુકસાન થવાની શક્યતા છે.

વૈષ્ણો દેવી શ્રાઈન બોર્ડે શ્રદ્ધાળુઓ માટે એડવાઈઝરી જાહેર કરી

ન્યુ દિલ્હી

કોરોના વાયસરની વધતી અસરને જોતા ધાર્મિક સ્થળ પણ સતર્કથઈ ગયા છે. વારાણસીના કાશી વિશ્વનાથ મંદિરમાં દર્શન કરવા પહોંચી રહેલા શ્રદ્ધાળુઓને હાથ ધોયા બાદ જ પ્રવેશ આપવામાં આવે છે.

શ્રી માતા વૈષ્ણો દેવી શ્રાઈન બોર્ડે પણ એડવાઈઝરી જાહેર કરી દીધી છે. શ્રાઈન બોર્ડે વિદેશથી આવી રહેલા શ્રદ્ધાળુઓ અથવા અપ્રવાસી ભારતીયોને ભારત પહોંચ્યા બાદ ૨૮ દિવસ સુધી માતા વૈષ્ણો દેવી મંદિર ન આવવાની સલાહ આપી છે.

કોરોના વાયરસ ફેલાતો અટકાવવા માટે સેનેટાઈઝર કરવાની સાથે સાથે પ્રતિષ્ઠાનોમાં દિવસમાં ચાર વાર સફાઈ કરવામાં આવી રહી છે. ક્યૂ કોમ્પલેક્સ, વેટિંગ હોલ, આવાસ વગેરેની સફાઈ પર વિશેષ ધ્યાન આપવામાં આવી રહ્યું છે.

આ અંગે બોર્ડના મુખ્ય કાર્યકારી અધિકારી રમેશ કુમારે જણાવ્યું છે કે કટારા રેલવે સ્ટેશનથી નિહારિકા કોમ્પલેક્ષ, હેલીપેડ પર હેલ્પ ડેસ્ક બનાવવામાં આવ્યા છે. જ્યાં શ્રદ્ધાળુઓ પાસે આવેદન પત્ર ભરાવવામાં આવ્યા છે અનેક જગ્યાએ હોર્ડિંગ લગાવવામાં આવ્યા છે.

કોઈ પણ વ્યક્તિમાં તાવ કે ખાંસીના લક્ષણો જણાય તો ડૉક્ટરોની ટીમ તેમનું નિદાન કરે છે. કર્મચારીઓ માટે માસ્ક અને સેનેટાઈઝરની વ્યવસ્થા કરવામાં આવી છે. લોકોને જાગૃત કરવા માટે કટારાથી મંદિર સુધી ઓડિયો સિસ્ટમના માધ્યમથી જાણકારી આપી રહ્યા છે.

કોરોના વાઈરસનો કહેર: દિલ્હીમાં ૩૧ માર્ચ સુધી વીકલી બજાર બંધ

ન્યુ દિલ્હી

દિલ્હીમાં કોરોના વાઈરસનો ભય જોતા દિલ્હી સરકારે સામાહિક બજારને ૩૧ માર્ચ સુધી બંધ રાખવાનો નિર્ણય કર્યો છે. આ સિવાય દિલ્હીના તમામ જીમ, નાઈટ ક્લબ અને સ્પા સેન્ટરોને પણ ૩૧ માર્ચ સુધી બંધ કરી દેવામાં આવ્યા છે. જ્યારે ૫૦થી વધારે લોકોના એક જગ્યા પર એકત્રિત થવા પર પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો છે. પછી ભલેને લગ્ન સમારોહ જ કેમ ના હોય.

સોમવારે અધિકારીઓ સાથે સમિક્ષા બેઠક બાદ મુખ્યમંત્રી કેજરીવાલે લોકોને અપીલ કરતા કહ્યું કે, જો કોઈ કાર્યક્રમ જરૂરી ના હોય તો તેને સ્થગિત કરી દેવામાં આવે. લોકો ભીડમાં જાય નહી અને ના તો ભીડ એકઠી થવા દે. કોરોનાને લઈને લોકોમાં ભય ફેલાવો નહી, પરંતુ જાગૃત થાવ. સરકાર કોરોનાનો સામનો કરવા જરૂરી અને ત્વરિત પગલાં ભરી રહી છે. દિલ્હીમાં અત્યાર સુધીમાં સાત કેસ આવ્યા છે, ચાર હોસ્પિટલમાં એડમીટ છે. એકનું મોત થયું છે. અન્ય સાજા થઈ ગયા છે.

તેમણે જણાવ્યું કે, દિલ્હીમાં હાથ ધોવા માટે મોબાઈલ સેવા શરૂ કરવામાં આવશે. સોસાયટી વગેરેની બહાર સેનેટાઈઝર ઉપલબ્ધ કરાવવામાં આવશે. ૫૦થી વધારે લોકોવાળા કાર્યક્રમોને મંજુરી આપવામાં નહી આવે. કેજરીવાલે લોકોને અપીલ કરી કે જો બની શકે તો લગ્ન સમારોહ પણ ટાળવા. પરંતુ તેના પર રોક લગાવવામાં આવી નથી. કેજરીવાલે કહ્યું કે, મોલ પર હજુ રોક લગાવવામાં આવી નથી પરંતુ જરૂર પડ્યે તેના પર એક-બે દિવસમાં વિચાર કરવામાં આવશે.

કોરોના વાયરસ: પાકિસ્તાનમાં નવા ૪૧ કેસ, ચેપગ્રસ્ત લોકોની સંખ્યા ૯૪ થઈ

ઈસ્લામાબાદ

પાકિસ્તાનમાં કોરોના વાયરસનાં ચેપનાં નવા ૪૧ કેસ નોંધાતા સોમવારે દેશમાં તેનો આંક વધીને ૯૪ થયો, રવિવાર સુંધી કોરોના વાયરસથી ચેપગ્રસ્ત લોકોની સંખ્યા ૫૩ હતી.

તમામ નવા કેસ દક્ષીણ સિંધ પ્રાંતમાં જોવા મળ્યા, જ્યાં સરકારનાં પ્રવક્તા મુર્તુઝા વહાબે કહ્યું કે તે એ લોકો હતાં, જે ઈરાનની સરહદ પર તાફતાનથી સિંધ સ્થળાંત્તરિત થયા હતાં.

વહાબે કહ્યું કે નવા પરિણામો આવ્યા છે,આ રીતે સિંધમાં ચેપગ્રસ્તોની સંખ્યા ૭૬ સુંધી પહોંચી છે, આ ૭૬ દર્દીઓમાંથી બેની તબિયતમાં સુધારો થયો છે, તથા અન્ય ૭૪ને અલગ રાખવામાં આવ્યા છે, હાલ જે નવા કેસ નોંધાયા ત્યાર બાદ આંકડો વધીને ૯૪ સુંધી પહોંચી ગયો છે.

આ દરમિયાન સરકારે રોગચાળાને ફેલાતો રોકવા માટે પગલા લીધા છે, તેને ધ્યાનમાં રાખીને પંજાબ પ્રાંતે તાત્કાલિક તૈયારીઓ કરીને યુનિવર્સિટીઓ અને હોસ્ટેલોને આઈસોલેસન સેંન્ટરમાં પરિવર્તીત કરી નાખ્યા છે.

કોરોના વાયરસનાં પગલે પાકિસ્તાનની તમામ શિક્ષણ સંસ્થાઓ ૫ એપ્રિલ સુંધી બંધ રાખવાનો આદેશ આપવામાં આવ્યો છે, પાકિસ્તાનનાં વડાપ્રધાન ઈમરાન ખાને શનિવારે કહ્યું હતું કે દેશમાં કોરોના વાયરસ સામે લડવા માટે લેવામાં આવેલા પગલાઓ પર તે વ્યક્તિગત રીતે નજર રાખી રહ્યા છે.

તેમણે ટ્વીટર પર લખ્યું કે તેની સામે લડવા માટે લેવામાં આવેલા ઉપાયો અંગે લોકોને વિશ્વાસમાં લેવા માટે લોકોને સંબોધિત કરશે.

કોરોનાથી ફ્રાંસમાં વધુ ૩૬ લોકોના મોત

કોરોના વાઈરસને લીધે ફ્રાંસમાં મૃત્યુઆંક ૧૨૭ પહોંચ્યો છે અને ૫,૪૨૩ કેસની પૃષ્ટી થઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં વધુ ૩૬ લોકોના મોત થયા છે અને આશરે ૯૦૦ નવા કેસ નોંધાયા છે.આ ઉપરાંત ૪૦૦થી વધુ લોકોને ગંભીર પરિસ્થિતિમાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

કોરોના વાયરસને કારણે મુંબઈનું સિદ્ધિવિનાયક મંદિર બંધ

મુંબઈ

ભારતમાં કોરોના વાયરસના કેસની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. દેશમાં અત્યાર સુધીમાં કુલ ૧૧૪ કેસ નોંધાયા છે. કેંદ્ર સરકાર દ્વારા સાવધાની માટે પગલા ભરવામાં આવી રહ્યા છે, આ સાથે જ દેશના મોટા ભાગના રાજ્યોમાં સ્કૂલ-કોલેજ અને થિયેટરને બંધ રાખવાના આદેશ આપવામાં આવ્યા છે.

આજે જ મહારાષ્ટ્રમાં ચાર નવા કેસ સામે આવતા રાજ્યમાં કોરોના વાયરસના કેસની સંખ્યા ૩૮ પર પહોંચી છે. મુંબઈનું સિદ્ધિવિનાયક મંદિર સાવચેતીના પગલા તરીકે આજે સાંજથી બંધ કરવામાં આવ્યું છે. જ્યાં સુધી અન્ય નોટિસ નહી મળે ત્યાં સુધી મંદિર બંધ રહેશે.

યેરૂસલમમાં મસ્જિદ પર રોક લાગી

યેરૂસલેમ

કોરોના વાયરસના કારણે ઈસ્લામમાં ત્રીજા સૌથી પવિત્ર સ્થળ મસ્જિદ અલ અક્સાને અનિશ્ચિતિકાળ માટે બંધ કરી દેવાઈ છે. આ ઈઝરાયલની રાજધાની યેરૂશલમમાં છે. કોરોના વાયરસના કારણે જોતા મસ્જિદના ડાયરેક્ટર શેખ ઉમર કિસવાનીએ રવિવારે એ જાણકારી આપતા કહ્યુ કે નમાજ બહાર થશે અને મસ્જિદ બંધ કરી દેવાઈ છે.

સાઉદી અરબના મક્કામાં સ્થિત મસ્જિદ અને મદીનામાં સ્થિત અલ નબવી બાદ યેરૂશલેમમાં સ્થિત અલ અક્સા ઈસ્લામમાં ત્રીજુ પવિત્ર સ્થાન છે. ત્યાં પશ્ચિમ એશિયામાં કોરોના વાયરસથી ઈરાન ખરાબ રીતે પ્રભાવિત છે. અહીં બીમારી સામે ઉકેલ મેળવવા માટે દળની અધ્યક્ષતા કરી રહેલા એક અધિકારીએ રવિવારે માન્યુ કે આ મહામારીને દેશની સ્વાસ્થ્ય સેવાઓને ખરાબ રીતે પ્રભાવિત કરી છે.

અદાલતોનું બધી રીતે શટડાઉન અસંભવ, વર્ચ્યુઅલ કોર્ટ ટૂંકમાં જ શરૂ થશે: સુપ્રિમ

કેદીઓ માટે જેલમાં વ્યવસ્થા અંગે ૨૦ માર્ચ સુધી જવાબ માંગ્યો

ન્યુ દિલ્હી

સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ એસ બોબડેએ કહ્યું છે કે, દેશમાં વધી રહેલા કોરોના વાયરસના સંકટને લઈને અદાલતોને બધી જ રીતે શટડાઉન કરી શકાય નહીં. વર્ચ્યુઅલ અદાલતો ટૂંક જ સમયમાં શરૂ થવાની છે. એવામાં વર્તમાન સમયમાં સીમિત શટડાઉન જ થશે. જોકે, સીજેઆઈએ બાર કાઉન્સિલને અપીલ કરી કે નિષ્ણાતો દ્વારા જે સુરક્ષા ઉપાય બતાવવામાં આવ્યા છે, તેનું પાલન કરવામાં આવે. તે પછી સોમવારે સવારે સુપ્રીમ કોર્ટ બહાર થર્મલ સ્કીનિંગ કરવવા માટે લોકોની લાંબી લાઈનો જોવા મળી હતી.

જસ્ટિસ ડીવાય ચંદ્રચૂડની અધ્યક્ષતાવાળી બેન્ચે કહ્યું કે, વર્ચ્યુઅલ કોર્ટ શરૂ થવાની છે. પરંતુ આ કામ નીચલી અદાલતોમાં કઠિન છે, કેમ ત્યાં પડકારો અલગ જ હોય છે. અમારૂ માનવું છે કે, કોર્ટ એવી જગ્યા ના બને, જ્યાંથી સંક્રમણ ફેલાય. ચીફ જસ્ટિસ સતત આ મુદ્દા પર બધી જ હાઈકોર્ટના સંપર્કમાં છે. અમે પ્રાથમિકી રૂપે બધા જ પગલા ભર્યા છે. આગામી નિર્ણય ડિજિટલ અને વર્ચ્યુઅલ કોર્ટ પર લેવામાં આવી શકે છે.

સુપ્રીમ કોર્ટે કોરોના સંકટને નજર હેઠળ રાખીને જેલોમાં કેદીઓ માટે વ્યવસ્થા પર સ્વતઃ સંજ્ઞાન લીધું. બધા રાજ્યોના મુખ્ય સચિવ અને જેલ મહાનિર્દેશકો પાસે ૨૦ માર્ચ સુધી જવાબ માંગ્યો છે. કોર્ટે કહ્યું કે, કેટલાક રાજ્યઓએ કોરોના વાયરસના ખતરાને જોતા ઉપાય કર્યા, પરંતુ હજું પણ કેટલાક રાજ્યોએ યોગ્ય નિર્ણય લીધા નથી. જેલોમાં ક્ષમતાથી વધારે કેદીઓને રાખવા પર કહ્યું-એક જગ્યાએ ભીડ ભેગી થવી એક મોટી સમસ્યા છે. આ સંક્રમણ ફેલવાનું કેન્દ્ર બનશે. આના માટે લાઈડલાઈન રજૂ કરવી જરૂરી છે.

કોરોનાનો કહેર: ઈરાનથી ૫૩ અને યુરોપથી ૪૪ ભારતીયો વતન લવાયા

ન્યુ દિલ્હી

ઈરાનથી હવે ૫૩ જેટલા ભારતીયોને એરલીફ્ટ કરીને ભારત લાવવામાં આવ્યા છે. અત્યારસુધીમાં કુલ ૩૮૯ જેટલા ભારતીયોને ઈરાન લાવવામાં આવ્યા છે. આ ૫૩ સદસ્યોના ગ્રૂપમાં ૫૨ સ્ટુડન્ટ્સ અને ૧ ટીચર છે. આ લોકોને એરલાઈન્સના ખાસ વિમાનના માધ્યમથી ભારત પરત લાવવામાં આવ્યા છે. ઈરાનથી આવેલા આ ૫૩ ભારતીયોની ફ્લાઈટ મોડી રાત્રે ૩.૧૦ કલાકે દિલ્હી એરપોર્ટ પર લેન્ડ થઈ હતી.

ઈરાન બાદ સવારે ૪.૩૦ કલાકે યુરોપીય દેશોમાં ફસાયેલા ભારતીયોના ૪૪ સદસ્યોનો ગ્રૂપને એમ્સ્ટર્ડેમથી KLM DUTCH એરલાઈન દ્વારા દિલ્હી લાવવામાં આવ્યા. એરપોર્ટથી તેઓને કડક સુરક્ષામાં છતરપુર સ્થિત આઈસોલેશન સેન્ટરમાં મોકલવામાં આવ્યા છે.

તંત્રી લેખ

કોરોના ચોક્કસપણે જીવલેણ છે

ભારતમાં કોરોના વાયરસના કારણે પ્રથમ મોત થયા બાદ આ ખતરાને લઈને લાપરવાહી અમારા માટે ખુબ ખતરનાક સાબિત થઈ શકે છે. હાલમાં ભારતમાં જે રીતે કેસોની સંખ્યા દિનપ્રતિદિન વધી છે તે દર્શાવે છે કે શરૂઆતમાં કોરોના વાયરસને લઈને ભારતમાં જુદા જુદા રાજ્યો દ્વારા પુરતા પગલા લેવામાં આવ્યા ન હતા. સાથે સાથે પુરતી લાપરવાહી પણ આમાં દેખાઈ આવી છે. કર્ણાટકમાં વ્યક્તિના મોત બાદ રિપોર્ટ મળતા જાણવા મળ્યુ હતુ કે કોરોનાના કારણે તેમનુ મોત થયુ છે. કોરોનાને રોકવા માટે ભારતમાં જુદા જુદા રાજ્યો દ્વારા પગલા તો પુરતા પ્રમાણમાં લેવામાં આવી રહ્યા છે પરંતુ આ પગલા પુરતા છે કે કેમ તે પ્રશ્ન તમામને સતાવી રહ્યો છે. કેરળમાં સૌથી પહેલા કોરોના વાયરસના ત્રણ પોઝિટિવ કેસો સપાટી પર આવ્યા હતા. આ ત્રણ દર્દીઓ સ્વસ્થ થઈ ગયા બાદ એમ માની લેવામાં આવ્યુ હતુ કે કોઈ ખતરો વધારે દેખાઈ રહ્યો નથી. દેશમાં હવે મોતનો સિલસિલો શરૂ થયા બાદ આ પ્રકારના ભાવને દુર કરવાની જરૂર છે. સાથે સાથે લાપરવાહીને દુર કરવાની પણ જરૂર છે. દુનિયામાં રોકેટગતિથી ફેલાઈ રહેલા અને દુનિયાના ૧૫૦થી વધારે દેશોમાં હજુ સુધી ફેલાઈ ચુકેલા કોરોના વાયરસને રોકવા માટેનો સર્વશ્રેષ્ઠ રસ્તો તો સાવધાની અને સતર્કતા છે. આ બાબત જાણવી જરૂરી છે કે જે પગલા ભારત સરકાર દ્વારા લેવામાં આવ્યા છે તે પુરતા છે કે કેમ. સરકારે જાગરૂકતા માટે તમામ પ્રયાસો ચોક્કસપણે કર્યા છે. જેમાં બચાવના તરીકા, પ્રચાર અને પ્રસાર માધ્યમથી તેના ફેલાવાને રોકવા માટેના પગલા, દેશના વિમાનીમથકો પર યાત્રીઓનુ નિરીક્ષણ, જાહેર કાર્યક્રમોથી દુર રહેવાની સલાહ જેવા પગલા સામેલ રહ્યા છે. આ ઉપરાંત વાયરસની ચકાસણી માટે ૫૨ લેબ સ્થાપિત કરવામાં આવી ચુકી છે. ઈન્ફેક્શનની ખાતરી થયા બાદ સારવારની વ્યવસ્થા પણ કરવામાં આવી ચુકી છે. પરંતુ જે રીતે દર્દીઓની સંખ્યા વધી રહી છે કે તે દર્શાવે છે કે ચોક્કસપણે કોઈને કોઈ ખામી રહેલી છે. આ સમય ચીનની પાસેથી શિખવા જેવો છે. કોરોના વાયરસની શરૂઆત ચીનમાંથી થઈ ચુકી છે. સૌથી વધારે શિકાર પણ ચીનમાં જ લોકો થયા છે. પહેલા એમ માનવામાં આવી રહ્યુ હતુ કે ચીની અધિકારીઓ આ વાયરસને ગંભીરતાથી લઈ રહ્યા નથી. જો કે હવે તેમની ગંભીરતા દેખાઈ રહી છે. હવે ચીનના અધિકારીઓની પ્રશંસા માત્ર તેમના લોકોને બચાવી લેવા માટે જ થઈ રહી નથી બલ્કે દુનિયાના દેશોના લોકોને બચાવી લેવા માટે તેમના પ્રયાસોની પ્રશંસા થઈ રહી છે. મોટા પાયે જાહેર સ્થળો પરથી વાયરસને દુર કરવા માટેના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. રેલવે સ્ટેશનો, બસ સ્ટેશનો અને અન્ય જાહેર સ્થળો પર નિરીક્ષણના પુરતા પગલા લેવામાં આવ્યા છે. ચીનમાં હવે સ્વસ્થ થઈ રહેલા લોકોની સંખ્યા ઝડપથી વધી રહી છે. સાથે સાથે સ્થિતી પણ કાબુમાં આવી રહી છે. આની સામે ભારતની વાત કરવામાં આવે તો કેટલાક પ્રકારની લાપરવાહીને જોઈ શકાય છે. રાજ્યોમાં હવે સ્કુલ કોલેજોને બંધ કરવામાં આવી રહ્યા છે. કેટલાક રાજ્યોમાં તો મોલ, સિનેમા હોલ હજુ ખુલેલા છે. રમતગમતની સ્પર્ધાને રોકવા માટે હજુ તો ભારતમાં માત્ર ચર્ચા જ ચાલી રહી છે.

જે રીતે અસરગ્રસ્ત દર્દીઓની સંખ્યા વધી છે તે દર્શાવે છે કે શરૂમાં લાપરવાહી થઈ

ટેક વર્લ્ડ : ફેન્ટેસી સ્પોર્ટસ માટે ખાસ એપ્સ પણ ઉપલબ્ધ છે...

ભારતીયોમાં ફેન્ટેસી સ્પોર્ટસનો ક્રેઝ

અમે ભારતીય લોકો ખોખો, કબડ્ડીથી લઈને ફુટબોલ તેમજ ક્રિકેટ સહિત તમામ રમતને પસંદ કરીએ છીએ. ભારતીય લોકોમાં લગભગ તમામ રમતોને લઈને ક્રેજ જોવા મળે છે. આ જ બાબતને ધ્યાનમાં લઈને જન્મેલા કેટલાક સ્ટાર્ટ અપ આઈડિયાના કારણે આજે ભારતીય લોકો ફેન્ટેસી સ્પોર્ટસના ક્રેઝને લઈને રોમાંચિત થઈ રહ્યા છે. ફેન્ટેસી સ્પોર્ટસની બોલાબાલા ભારતમાં દેખાઈ રહી છે. છેલ્લા કેટલાક વર્ષોમાં ફેન્ટેસી સ્પોર્ટસની માંગ અનેક ગણી રીતે વધી રહી છે. આની માંગને પૂર્ણ કરવા માટે પણ તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આની માંગને પૂર્ણ કરવા માટે કેટલાક ઈનોવેટિવ એપ્સ પણ બજારમાં ઉપલબ્ધ બની રહ્યા છે.જુદા જુદા એપની વાત કરવામાં આવે તો બલ્લેબાજી ડોટ કોમ,ક્રિક પ્લે, માઇ ટીમ ૧૧નો સમાવેશ થાય છે. માય ટીમ ૧૧ એક એવા જ એપ તરીકે છે. જેમાં ક્રિકેટ ઉપરાંત અન્ય કેટલાક સ્પોર્ટસ પણ રમવાની તક મળી જાય છે. તેમાં મનપસંદ ખેલાડીઓની પસંદગી કરવાની સ્વતંત્રતા હોય છે. વર્ષ ૨૦૧૬માં લોંચ કરવામાં આવેલા આ એપ વર્તમાન સમયમાં એક કરોડ કરતા વધારે લોકોની સાથે પ્રથમ સ્થાન પર છે. આ એપમાં કબડ્ડી, ફુટબોલની સાથે સાથે તમામ સ્પોર્ટસની મજા માણી શકાય છે. અહીં યુઝર્સ એપ્લીકેશનની સાથે ઈન્ટરકનેક્ટ કરીને સ્પર્ધામાં ભાગ લઈ શકે છે. સાથે સાથે ખેલમાં પોતાના જ્ઞાન મુજબ જીત હાંસલ કરી શકે છે. આ બલ્લેબાજી ડોટ કોમ પણ આવી જ એક એપ તરીકે છે. વર્ષ ૨૦૧૮માં બલ્લેબાજી ફેન્ટેસી સ્પોર્ટસ પ્લેટફોર્મ તરીકે તેની શરૂઆત થઈ હતી. ત્યારબાદથી આ આ પ્લેટફોર્મ યુઝર્સ બેઝ અને ફેન્ટેસીના કેટલાક કામોની ઓફર કરે છે. ફેન્ટેસી કબડ્ડી અને ફેન્ટેસી ફુટબોલની સાથે સાતે બલ્લેબાજીના યુઝર બેઝ હવે ૩૦ લાખના આંકડા સુધી પહોંચી જતા તેને જોનાર લોકો કેટલા છે તે આ બાબતની સાબિતી આપે છે. જેમાં ૧૦ લાખ દરરોજના ખેલાડી છે. જે એપ પર તેમની ટીમ બનાવે છે. બલ્લેબાજી બેટિંગ ફેન્ટેસી અને બોલિંગ ફેન્ટેસી ફોર્મેટની સાથે એકમાત્ર ફેન્ટેસી ક્રિકેટ પ્લેટફોર્મ તરીકે છે. જ્યાં યુઝર્સ પાંચ ખેલાડીની પસંદગી કરી શકે છે. સાથે સાથે ક્લાસિક ફેન્ટેસી ફોર્મેટની સાથે કેટલીક લીગમાં ભાગ લઈ શકે છે. આ ભારતના સૌથી નવા મફત ફેન્ટેસી સ્પોર્ટસ ગેમ એપ તરીકે છે. ક્રિક પ્લે ભારતના સૌથી નવા મફટ ફેન્ટેસી સ્પોર્ટસ ગેમ એપ તરીકે છે. આ ખેલની અસલી ક્રિકેટ મેચ જીતવા જેવી ખુશી અને રોમાંચ ઉપલબ્ધ કરાવે છે. સાથે સાથે પોતાના ક્રિકેટના જ્ઞાનના પ્રદર્શનને કરવાની પણ તક આપે છે. અહીં આપને દરેક પ્રકારના સ્પોર્ટસ રમવા માટેની તક આપે છે. આ સાથે ઓનલાઈન ક્રિકેટ રમવાની તક આપે છે. આમાં તમે મોટા મોટા ક્રિકેટ ખેલાડીઓ સાથે સ્પર્ધા કરી શકો છો.જે ક્રિકેટના જુદા જુદા ફોર્મેટમાં આંતરરાષ્ટ્રીય સ્તર પર ભારતીય ટીમના હિસ્સા તરીકે રહી ચુક્યા છે. સાથે સાથે ભારત તરફથી જોરદાર દેખાવ પણ કરી ચુક્યા છે. તમામ લોકો સારી રીતે જાણે છે કે દુનિયાની દરેક વ્યક્તિને સ્પોર્ટસ સાથે પ્રેમ હોય છે. આપના સ્પોર્ટસ ફેન્ટેસી માટે ક્યા ક્યા એપ ઉપયોગી અને રોમાંચ સર્જે તેવા છે તેમાં અભ્યાસ કરવામાં આવે તો કહી શકાય છે કે ફેન્ટેસી સ્પોર્ટસ માટે પણ ખાસ એપ્સ ઉપલબ્ધ છે. આવનાર સમયમાં ફેન્ટેસી સ્પોર્ટસને લઈને અન્ય નવી નવી એપ્સ વધારે રોમાંચ સાથે બજારમાં આવી શકે છે. ભારતીય લોકોના ક્રેઝને જોતા હવે ટેક વર્લ્ડમાં રહેલા નિષ્ણાંત લોકો હવે એપના આઈડિયા સાથે આવી રહ્યા છે. લોકોની પસંદ શુ છે તે અંગે જાણવા માટે સર્વે પણ કરવામાં આવી રહ્યા છે. હાલમાં તો માઇ ટીમ ૧૧, બલ્લેબાજી ડોટ કોમ અને ક્રિક પ્લેની બોલબાલા દેખાઈ રહી છે. આ પ્લેટફોર્મ પર લાખો લોકો આની મજા માણી રહ્યા છે. ક્રિકેટ ઉપરાંત અન્ય રમતોની મજા પણ માણવામાં આવી રહી છે. ફેન્ટેસી સ્પોર્ટસને લઈને સામાન્ય લોકો પાસે તો ઓછી માહિતી છે પરંતુ યુવા પેઢીમાં આનો ક્રેઝ વધારે જોવા મળે છે.



છેલ્લા કેટલાક વર્ષોમાં ભારતમાં ફેન્ટેસી સ્પોર્ટસની માંગ ખુબ ઝડપથી વધી છે : માંગને પૂર્ણ કરવા માટે અનેક ઈનોવેટિવ એપ્સ બજારમાં છે


ફેન્ટેસી સ્પોર્ટસ આખરે શુ છે

ફેન્ટેસી સ્પોર્ટસની બોલબાલા ભારતમાં વધી રહી છે.જો કે આને લઈને લોકો પાસે હજુ માહિતી ઓછી છે. યુવા પેઢી આને લઈને વધારે ક્રેઝ ધરાવે છે. જો કે પહેલાના લોકો પાસે આને લઈને કોઈ માહિતી નથી. જેથી પહેલાના લોકો આને લઈને વારંવાર પ્રશ્ન કરતા નજરે પડે છે. ફેન્ટેસી સ્પોર્ટસ આખરે શુ છે તેવો પ્રશ્ન કરવામાં આવે ત્યારે તેમના માટે જવાબ એ છે કે ફેન્ટેસી સ્પોર્ટસ એક રીતે ખેલ તરીકે છે. જેને સામાન્ય રીતે ઈન્ટરનેટનો ઉપયોગ કરીને રમવામાં આવે છે. જ્યાં સ્પર્ધામાં ભાગ લઈ રહેલા લોકો પ્રોફેશનલ ખેલના વાસ્તવિક ખેલાડીની કાલ્પનિક અથવા તો આભાસી ટીમને એકત્રિત કરે છે. આ ટીમ વાસ્તવિક ખેલોમાં એવા ખેલાડીઓના સ્ટેટિક પ્રદર્શનના આધાર પર સ્પર્ધા કરે છે. આ પ્રદર્શનને એવા પોઈન્ટમાં સામેલ કરવામાં આવે છે. ફેન્ટેસી સ્પોર્ટસ એક પ્રકારની રમત તરીકે છે. જ્યાં દરેક ખેલાડી એક ટીમ બનાવી શકે છે. તે ૨૫થી ૩૦ ખેલાડીઓના પુલમાંથી ખેલાડીઓની પસંદગી કરી શકે છે. ખેલ શરૂ કરવામાં આવ્યા બાદ યુજર્સને વાસ્તવિક મેચમાં પ્રદર્શનના આધાર પર ટીમના ૧૧ ખેલાડીઓ માટે પોઈન્ટ આપવામાં આવે છે. આ પોઈન્ટ અલગ અલગ સ્પોર્ટસના આધાર પર આપવામાં આવે છે. આવનાર સમયમાં ફેન્ટેસી સ્પોર્ટસની બોલબાલા વધારે રહી શકે છે. છેલ્લા કેટલાક વર્ષોમાં ફેન્ટેસી સ્પોર્ટસની માંગ અનેક ગણી રીતે વધી રહી છે. આની માંગને પૂર્ણ કરવા માટે પણ તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આની માંગને પૂર્ણ કરવા માટે કેટલાક ઈનોવેટિવ એપ્સ પણ બજારમાં ઉપલબ્ધ બની રહ્યા છે.જુદા જુદા એપની વાત કરવામાં આવે તો બલ્લેબાજી ડોટ કોમ,ક્રિક પ્લે, માઇ ટીમ ૧૧નો સમાવેશ થાય છે. ફેન્ટેસી સ્પોર્ટસ માર્કેટ કદમાં દિન પ્રતિદિન ઝડપથી વધારો થઈ રહ્યો છે. તેનુ કદ અનેક ગણુ વધી શકે છે. આવનાર સમયમાં યુવા પેઢી માટે વધારે આની સાથે સંબંધિત એપ્સ તૈયાર કરવામાં આવે તેવી શક્યતા છે.

જીવનમાં કેલેન્ડરની ભૂમિકા મહત્વપૂર્ણ હોય છે...

સારા પરિણામ માટે કેલેન્ડર એપ્સ જરૂરી

અમારા તમામના જીવનમાં કેલેન્ડરની ભૂમિકા નિર્ણાયક રહે છે. કેલેન્ડર વગર અમારા પ્લાનિંગ પણ અધુરા રહેલા છે. કેલેન્ડર એપ્સ આપને એપોઈન્ટમેન્ટ્સના સંબંધમાં અનેક ઉપયોગી માહિતી આપે છે. સાથે સાથે સારી બાબતોને યાદ અપાવે છે. સારા કેલેન્ડર એપ્સ આપને પૂર્ણ કેલેન્ડર અથવા તો પસંદગીના ઈવેન્ટસને બીજા સાથે શેયર કરવા માટે વિકલ્પ આપે છે. કેટલાક શ્રેષ્ઠ કેલેન્ડરના સંબંધમાં ચારેબાજુ ચર્ચા જોવા મળી રહી છે. આના માટે માહિતી મેળવી શકાય છે. જુદા જુદા કેલેન્ડર એપ્સની વાત કરવામાં આવે તો તેમાં અનેક કેલેન્ડર સામેલ છે. એપલ કેલેન્ડર આઈઓએસ મેક ઓએસ ઉપયોગી છે. તે વર્તમાન સમયમાં સ્પેસમાંમાં પાવરહાઉસનુ કામ કરે છે. કેટલીક અન્ય એપ્સ પણ રહેલી છે. અન્ય એપ્સ કનેક્સન તેની સાથે જોડી ચુકી છે. જો તમે પ્રાઈમરી કેલેન્ડર એપ્સ તરીકે એપ્પલ કેલેન્ડર કામમાં લઈ રહ્યા છો તો અન્ય એપ્સ પર પણ પોતાના ઈવેન્ટ્સ અને અન્ય માહિતીઓને સરળ રીતે એક્સેસ કરી શકો છો. કેલેન્ડર એપ્સ એવી જ રીતે પાવરફુલ સર્વિસ આપે છે જેવી રીતે ક્લાઈન્ટ એપ્સ સર્વિસ આપે છે. તેમની મદદથી આપના કેલેન્ડરિંગ અનુભવમાં નવા ફંક્શન જોડાઈ જાય છે. આના કારણે આપનુ કામ વધારે સરળ બની જાય છે. આમાં કેટલીક કેટગરી રહેલી છે. જેની આજે અમે વાત કરવા જઈ રહ્યા છીએ. ક્લાઈન્ટ એપ્સ ઉપયોગી રહેલી છે. બટલેરોય મેકઓએએસ એક ઓનલાઈન ક્લેન્ડર તરીકેછે. આ ઓનલાઈન કેલેન્ડર રિમાઈન્ડર અને ટુ ડુ લિસ્ટની સાથે જોડાઈ જાય છે. તે કેટલીક એપ્સની સાથે લિંક પણ થઈ જાય છે. જો યુડુ એપોઈન્ટમેન્ટસ અને રિમાઈન્ડર્સને એક સાથે જોવા માટે ઈચ્છા છે તો આ શાનદાર એપ્સ તરીકે છે. આવી જ રીતે કેલેન્ડર્સપ આઈપેડ અને આઈફોન ઓએસ પણ છે. રિડલના એપ કેલેન્ડર્સ પ ગુગલ કેલેન્ડર, એપ્પલ કેલેન્ડર, તેમજ આઉટલુક કેલેન્ડરની સાથે કનેક્ટ થઈ શકે છે. તમે કેલેન્ડરના માસિક વ્યુ અને ઈવેન્ટ્સ તેમજ એપોઈન્ટસમેન્ટના વ્યુ વચ્ચે સરળ રીતે સ્વેપ કરી શકો છો. આવી જ રીતે ફેન્ટાસટિકલ ર આઈઓએસ મેકઓએએસ પણ છે. ફ્લેક્સિબિટ્સના આ કેલેન્ડર એપ કોઈ અન્ય કેલેન્ડરની સાથે કનેક્ટ થવાની સ્થિતીમાં કામ કરે છે. આના માટે આઈક્લાઉડ, માઈક્રોસોફ્ટ એક્સચેંજ, ઓફિસ ૩૬૫, ગુગલ, યાહુ, મીટ અપ જેવા વિકલ્પ રહેલા છે. ગ્રુપકોલ એન્ડ્રોઈડ અને આઈઓએસ કેલેન્ડર્સને ખાસ રીતે ટ્રીટ કરે છે. જેમ વોટ્સ એપ ગ્રુપના થ્રેડ હોય છે તેવી જ રીતે કામ કરે છે. તમે બીજાને પણ કોમન કેલેન્ડર તૈયાર કરવા માટે આમંત્રિત કરી શકો છો. ટાઈમપેજ ાઈફોન અને આઈપેડ મોસસ્કિનના એપ ટાઈમપેજ તરીકે છે. તે એક સિમ્પલ એપ તરીકે છે. અલબત્ત કેટલાક કેલેન્ડર એપ્સ જટિલ દેખાય છે. પરંતુ ટાઈમ પેજને નેગેટિવ કરવાની બાબત સરળ રહેલી છે. આવી જ રીતે લાઈટનિંગ કેલેન્ડર થંડરબર્ડ મેલ એપના હિસ્સા તરીકે છે. આ ફ્રી અને ઓપન સોર્સ કેલેન્ડર તરીકે છે. આને બિનલાભકારી સંસ્થા મોજિલા દ્વારા તૈયાર કરવામાં આવ્યા બાદ તેની પણ ચર્ચા રહેલી છે. તે લિનક્સ, મેકઓએસ તેમજ વિન્ડોઝ પ્લેટફોર્મ પર વધારે સારી રીતે કામ કરે છે. આવી જ રીતે ગુગલ કેલેન્ડર સૌથી સારી રીતે કનેક્ટેડ કેલેન્ડર એપ તરીકે છે. તમે ઈચ્છો તો અન્ય લોકોના કેલેન્ડર્સને સબક્રાઈબ કરી શકો છો. તે કેટલાક ટાઈમ ઝોનની સાથે કામ કરવા માટેની સુવિધા પણ ઉપલબ્ધ કરાવે છે. ઓનલાઈન કેલેન્ડર કેલેન્ડર્સ સર્વિસ પણ ઉપયોગી છે. જો તમે કોઈ પણ કેલેન્ડર એપ કામમાં લઈ રહ્યા છો તો આપને એક ઓનલાઈન કેલેન્ડરની જરૂર પડી શકે છે. દુનિયાના ટોપ ઓનલાઈન કેલેન્ડર કેલેન્ડર ઈમેલ સર્વિસના હિસ્સા તરીકે છે. એપ્પલ તેમાં સામેલ નથી. તેના કેલેન્ડર તેની ઈમેલ સર્વિસ સાતે જોડાયેલા નથી. અલબત્ત તેમાં એપ્પલ ઈમેલ ઓફરિંગ જેમ ઈકો સિસ્ટમ છે. આઉટલુક કેલેન્ડર, ગુગલ કેલેન્ડર, યાહુ કેલેન્ડરની સર્વિસ ખુબ શાનદાર રહેલી છે. સૌથી ખાસ બાબત એ છે કે કંપનીની અન્ય સર્વિસની સાથે આ કેલેન્ડર સરળતાથી સિંક થઈ જાય છે. આવી સ્થિતીમાં પ્લાનિંગ કરવાની બાબત સરળ બની જાય છે. યાહુના કેલેન્ડર પર લોકોનુ વધારે ધ્યાન ગયુ નથી. યાહુ કેલેન્ડરમાં આપને ડાબી બાજુ વાર્ષિક કેલેન્ડર મળી જાય છે. તેમાં સારા વિકલ્પ પણ છે.



કેલેન્ડર વગર અમારા પ્લાનિંગ ખોરવાઈ જાય છે : સારા કેલેન્ડર એપ્સ ઉપયોગી સાબિત થાય છે : સારા રિઝલ્ટ માટે કેલેન્ડર એપ ઉપયોગી

હેલ્થી ઈટિંગની ટેવ જરૂરી



તાજેતરમાં જ કરવામાં આવેલાં નવા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે, આરોગ્યપ્રદ ચીજો ખાવાથી હાર્ટ સાથે સંબંધિત રોગોથી મૃત્યુ થવાની સંભાવના ઘટી જાય છે. કાર્ડિયોવેસ્ક્યુલર ડિસીઝ (સીવીડી)થી મોતની ટકાવારીમાં આનાં લીધે ઘટાડો થાય છે. અભ્યાસમાં જાણવા મળ્યું છે કે, આરોગ્યપ્રદ ચીજ-વસ્તુઓ અથવા તો શાકભાજીનો ઉપયોગ કરવામાં આવેતો સીવીડીથી મોતનો દર ઘટીને અડધો થઈ જાય છે. ઈન્સ્ટીટ્યુટ ઓફ સાયકોલોજીનાં પ્રોફેસર સિમોન કેપવેલે કહ્યું છે કે, બિનઆરોગ્યપ્રદ ખાવાની ટેવ હમેંશા ખતરનાક સાબિત થાય છે. આનાં લીધે રોગપ્રતિકારક શક્તિમાં ઘટાડો થાય છે. સીવીડી સામે લડવા માટે આરોગ્યપ્રદ ચીજ-વસ્તુઓ જરૂરી છે. વ્યક્તિગતો અને વસતીનાં સ્તરમાં સીવીડી સંબંધિત મોતને રોકવા હેલ્થી ઈટિંગની ટેવ રાખવી જોઈએ. યુનિવર્સિટી ઓફ લિવરપુલ દ્વારા કરવામાં આવેલાં અભ્યાસમાં જાણવા મળ્યું છે કે પોષક તત્વો વગરના ભોજનથી સીવીડીનો ખતરો વધે છે. અભ્યાસમાં જાણવા મળ્યું છે કે વધારે પ્રમાણમાં ફળફળાદિ, શાકભાજી ખાવાથી બિમારી દૂર થાય છે. ડાયટને સંતુલિત રાખવામાં આવે તેવી રજૂઆત પણ આમાં કરવામાં આવી છે. આ અભ્યાસનાં તારણો બ્રિટિશ મેડિકલ જનરલમાં પ્રકાશિત કરવામાં આવ્યા છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે, ફળફળાદી, શાકભાજી વધારે પ્રમાણમાં ખાનાર વ્યક્તિમાં વૈશ્વિક સ્તરે સીવીડીથી મોતનો આંકડો ૨.૬ મિલિયન જેટલો ઘટી જાય છે.અમેરિકામાં તાજેતરમાં જ કરવામાં આવેલાં અભ્યાસમાં જાણવા મળ્યું છે કે, એક દિવસમાં ત્રણ વખત જમવાથી ઘણો ફાયદો થાય છે. કેટલાંક પ્રમાણમાં ચરબીને દૂર કરવામાં ત્રણ વખત જમવાની બાબત ખૂબ સારી છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે, વારંવાર ઓછા પ્રમાણમાં જમવા કરતાં ત્રણ વખત પૂરતા પ્રમાણમાં ભોજન કરવામાં આવે તે જરૂરી છે. ઈન્ડિયાનામાં યુનિવર્સિટી ખાતે સંશોધકોએ અભ્યાસ બાદ કહ્યું છે કે, સ્થૂળ લોકોમાં બિમારીનું પ્રમાણ વધુ હોય છે. લો કેલેરી, હાઈપ્રોટીન ડાયટ ધરાવતા લોકો પણ આ વાત માને છે કે ઓછા પ્રમાણમાં જમવાથી ફાયદો થાય છે. દિવસમાં છ વખતની સરખામણીમાં દિવસમાં ત્રણ વખત જમવાથી શરીર વધુ સ્વસ્થ રહે છે. બિમારીનું પ્રમાણ ઘટે છે. મોટાભાગનાં અભ્યાસમાં અગાઉ પણ આવા જ કારણો આપવામાં આવ્યા છે.

કાકડી ખાવાથી થાક દુર થાય



કાકડી ખાવાથી થાક લાગતી નથી. કારણ કે કાકડીમાં કેટલાક એવા પોષક તત્વો હોય છે જે થાકને દુર કરવામાં ભૂમિકા અદા કરે છે. કાકડીમાં આશરે ૭૦-૮૦ ટકા પાણી હોય છે. જેથી તે શરીરને હાઈડ્રેટ કરે છે. જેના કારણે ગરમીમાં લુ અને થાક લાગતી નથી. શરીરમાં પાણીનુ સ્તર પુરતા પ્રમાણમાં હોવાથી સ્કીન સંબંધી પરેશાની પણ થતી નથી. સાથે સાથે ટોક્સિન તત્વો યુરિનની સાથે બહાર નિકળી જાય છે. જેના કારણે સ્કીનમાં ચમક આવે છે. કાકડીમાં ફાઈબરનુ પ્રમાણ પણ વધારે હોય છે. જેના કારણે પેટની કેટલીક તકલીફ થતી નથી. કેલ્શિયમનુ પ્રમાણ પણ વધારે હોય છે. જેના કારણે હાડકાને પણ ફાયદો થાય છે. કાકડીમાં ભરપુર પ્રમાણમાં વિટામિન એ, બી અને સી હોય છે. વિટામિન એ આંખ માટે ઉપયોગી રહે છે. જ્યારે બી અને સી રોગપ્રતિકારક ક્ષમતાને વધારી દેવામાં ભૂમિકા અદા કરે છે. જે લોકો પોતાના વજનને ઘટાડી દેવા માટે ઈચ્છુક હોય છે તે લોકોએ સ્નેક્સ તરીકે કાકડીનો ભરપુર ઉપયોગ કરવો જોઈએ. તેને સલાડ તરીકે પણ ઉપયોગમાં લઈ શકાય છે. તે શરીરમાં ઈન્સુલિન અને કોલેસ્ટ્રોલ લેવલને પણ વ્યવસ્થિત કરે છે. સ્કીન સંબંધી પરેશાનીમાં તેના જ્યુસને પણ ઉપયોગમાં લઈ શકાય છે. કાકડી એકંદરે ખુબ ઉપયોગી હોય છે. નિયમિત રીતે તેના ઉપયોગ કરવાથી સીધા ફાયદા શરીરને રહેલા છે. થાક હાલના સમયમાં તમામને થાય છે. આવી સ્થિતીમાં કાકડી ખુબ ઉપયોગી છે.

૮૦૦ કરોડના નુકશાનની શક્યતા

ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝને કોરોનાની અસરઃ ૩૧ માર્ચ સુધી તમામ શૂટિંગ રદ

મુંબઇ


કોરોના વાયરસની અસર ફક્ત સામાન્ય લોકો પર જનહી વિશ્વની ઘણી મોટી હસ્તીઓ પણ શામેલ છે. જ્યારે તેની અસર બોલિવુડ પર પણ અસર સર્જાઈ છે. ઘણા રાજ્યોમાં સિનેમા ઘરો બંધ કરવાના આદેશ આપવામાં આવ્યા છે. આ સિવાય ઘણી ફિલ્મોની રિલીઝ અને શૂટીગ ટળી ગઈ છે. ઉલ્લેખનીય છે એવું માનવામાં આવી રહ્યું છે કે આ કારણે હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝને ૮૦૦ કરોડ રૂપિયાનું નુકશાન વેઠવું પડી શકે છે. રવિવારની બપોરે ૧૨ વાગ્યા સુધી દેશભરમાં ૩,૫૦૦ થિયેટર્સ કોરોનાવાયરસનાં કારણે બંધ કરી દેવામાં આવ્યા છે. કોરોના વાયરસનો કાળો કહેર યથાવત છે. હિન્દી ફિલ્મોનું મોટું માર્કેટ મુંબઈ, દિલ્હી, રાજસ્થાન, બિહાર અને પંજાબ જેવા પ્રદેશોમાં છે. જ્યારે આ થિયેટર્સ બંધ કરવાના કારણે હાલમાં ચાલી રહેલી ફિલ્મો જેવી કે ટાઈગર શ્રોફની ફિલ્મ બાગી-૩ અને ઈરફાન ખાનની અંગ્રેજી મીડિયમને મોટું નુકશાન થયું છે.

ઉલ્લેખનિય છે કે ગયા અઠવાડિયો બ્રહ્માસ્ત્રની શૂટીંગ રોકવામાં આવી છે. જ્યારે હવે ત્યારે તેની રીલીઝ ડેટ પણ આગળ વધી શકે છે. આ સિવાય પહેલા જ અક્ષય-કેટરાનીની સૂર્યવંશી અને રણવીર સિંહની ૮૩ની રીલીઝ પહેલાજ અટકાવી દેવામાં આવી છે. આ સિવાય કોરોનાવાયરસનાં કારણે ફિલ્મ અને ટીવી ઈન્ડસ્ટ્રીઝનાં ૧૫ માર્ચ એટલેકે રવિવારે આગમી ૧૯થી ૩૧ માર્ચ સુધી રોકવાનો નિર્ણય કર્યો છે.

આ મામલે ટ્રેડ એનાલિસ્ટ કોમલ નહાટાનું કહેવું છે કે બાગી-૩નાં મેકર્સને કોરોનાવાયરસનાં કારણે અંદાજીત ૨૫-૩૦ કરોડ રૂપિયાનું નુકશાન થયું છે. આ સિવાય ઈરફાનની અંગ્રેજી મીડિયમને પણ વિકેન્ડ પર ભારી નુકશાન ઉઠાવવું પડ્યું છે. તેમણે વધુમાં જણાવ્યું કે ફિલ્મોની રીલીઝ અટકવાને અને શૂટીંગ રદ થવાને કારણે હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝને ૮૦૦ કરોડ રૂપિયાનું નુકશાન થઈ શકે તેવી પરિસ્થિતી ઉત્પન્ન થઈ છે.

કોરોના વાયરસ મુદ્દે ક્રિકેટ રોહિત શર્માએ વીડિયો શેર કર્યો

મુંબઇ



ટીમ ઈન્ડિયાના સ્ટાર બેટ્સમેન રોહિત શર્માએ આ સમયે ફેલાયેલી ખતરનાક બીમારી કોરોના વાયરસને લઈને ચિંતા વ્યક્ત કરી છે અને દેશવાસીઓને તેને લઈને સાવચેત રહેવાનું કહ્યું છે.

રોહિતે પોતાના ટ્વીટર અને ફેસબુક પર સોમવારે એક વીડિયો પોસ્ટ કર્યો, જેમાં તે લોકોને બીમારીને લઈને સાવચેત અને સાવધાન રહેવાની વાત કરી રહ્યો છે.

રોહિતે કહ્યું, 'પાછલા કેટલાક સપ્તાહ આપણા માટે ઘણા મુશ્કેલ રહ્યાં છે અને વિશ્વ આ સમયે થોભી ગયું છે, જે ખુબ ખરાબ છે. આપણે સામાન્ય સ્થિતિ પર પરત આવીએ અને તેના માટે જરૂરી છે કે આપણે બધા એક થઈને બીમારી સામે લડીએ અને આ થોડુ સચેત અને સાવધાન રહી, આપણી આસપાસની જાણકારી રાખીને કરી શકીએ.'

તમામ રાજ્યની સરકારો આ બીમારીનો સામનો કરવા માટે લોકોને ભેગા ન થવાની સલાહ આપી રહી છે અને શાળા, કોલેજો, મોલ, સિનેમા હોલ બંધ કરી દેવામાં આવ્યા છે, જેથી લોકો ભેગા ન થઈ શકે.

રોહિતે કહ્યું, 'આ તે માટે કારણ કે આપણે બધા ઈચ્છીએ છીએ કે આપણા બાળકો સ્કૂલ જાય. આપણે મોલ જવા ઈચ્છીએ, થિએટરમાં ફિલ્મ જોવા ઈચ્છીએ છીએ.' રોહિતે આ સાથે બીમારી સામે લડી રહેલા ડોક્ટરોની પ્રશંસા કરી છે.

સંસદમાં રાહુલ અને અનુરાગ વચ્ચે થઈ ગરમા-ગરમી

મોદી સરકાર બેન્ક ડિફોલ્ટરોના નામો જાહેર કરેઃ સંસદમાં રાહુલની માંગણી

ન્યુ દિલ્હી

લોકસભામાં આજે કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધી અને કેન્દ્રીય નાણાં રાજ્ય મંત્રી અનુરાગ ઠાકુર વચ્ચે લોકસભામાં ચકમચ ઝરી હતી. રાહુલ ગાંધીએ પ્રશ્નકાળ દરમિયાન બેંકિંગ ફ્રોડનો મુદ્દો ઉઠાવતા બંને નેતાઓ સામ સામે આવી ગયા હતાં.

રાહુલ ગાંધીએ બેંકિંગ ફ્રોડનો મુદ્દો ઉઠાવતા મોદી સરકારને ઘેરવાનો પ્રયાસ કર્યો હતો અને ૫૦ સૌથી વિલફૂલ ડિફોલ્ટર્સના નામ જાહેર કરવા કહ્યું હતું. તો જવાબમાં રાજ્ય નાણાં મંત્રી અનુરાગ ઠાકુરે કહ્યું હતું કે, ૫૦ લાખ રૂપિયાથી વધારાના ડિફોલ્ટ કરનારા તમામ લોકોના નામ વેબસાઈટ પર છે જ. આ દરમિયાન અનુરાગ ઠાકુરે યસ બેંકના ફાઉંડર રાણા કપૂર અને પ્રિયંકા ગાંધી વચ્ચેના પેંટિંગ સોદાને લઈને પણ ટોણો માર્યો હતો.

રાહુલ ગાંધીએ આજે લોકસભામાં પ્રશ્નકાળ દરમિયાન સવાલ કર્યો હતો કે, ભારતીય અર્થ વ્યવસ્થા ખુબ જ ખરાબ તબક્કામાંથી પસાર થઈ રહી છે. આપની બેંકિંગ વ્યવસ્થા કામ નથી કરી રહી. બેંક નિષ્ફળ જઈ રહી છે અને વર્તમાન વૈશ્વિક પરિસ્થિતિમાં બેંકો વધારે ડૂબી શકે છે. તેનું મુખ્ય કારણ બેંકોના પૈસાની ચોરી છે. તેમણે મોદી સરકારને ઘેરવાનો પ્રયાસ કરતા કહ્યું હતું કે, મેં સવાલ કર્યો હતો કે, ૫૦ વિલફૂલ ડિફોલ્ટર્સ હિંદુસ્તાનમાં કોણ છે? પરંતુ મને તેનો જવાબ મળ્યો નથી. તેનો ફેરવી ફેરવીને જવાબ આપવામાં આવ્યો. વડાપ્રધાન કહે છે કે, જે લોકોએ હિંદુસ્તાનના બેંકોની ચોરી કરી છે તેમને પકડી લાવીશ, મેં વડાપ્રધાનને પુછ્યું કે, એ ૫૦ લોકો છે કોણ?

રાહુલ ગાંધીના આ સવાલનો જવાબ આપતા કેન્દ્રીય રાજ્ય નાણાંમંત્રી અનુરાગ ઠાકુરે કહ્યું હતું કે, ૨૫ લાખ રૂપિયા કરતા વધારે ડિફોલ્ટ કરનારા તમામ લોકોના નામ સીઆઈસીની વેબસાઈટ પર ઉપલબ્ધ છે જ. આ કંઈ છુપાવવાની વાત છે જ નહીં. કેટલાક લોકો પોતે કરેલા પાપો બીજાના માથે ઢોળવા માંગે છે. ૨૫ લાખથી વધારે ડિફોલ્ટ કરનારા તમામ લોકોના નામ સીઆઈસીની વેબસાઈટ પર છે. તેમાં કંઈ છુપાવવા જેવુ નથી. તમે ઈચ્છો તો હું તે વાંચી સંભળાવી શકુ છું. તમારા શાસનકાળમાં જે લોકો પૈસા લૂંટીને ભાગી ગયા તેમના વિરૂદ્ધ મોદી સરકારે કાર્યવાહી કરી અને ૪ લાખ કરોડથી પણ વધારે રૂપિયા પાછા લાવી. અમારી સરકારે જ તેમની પ્રોપર્ટી જપ્ત કરી લીધી.

અનુરાગ ઠાકુરે રાણા કપૂર અને પ્રિયંકા ગાંધી વચ્ચે ૨ કરોડ રૂપિયાની પેંટિંગને લઈને થયેલા સોદાનો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે, સદનના સદસ્યો કહે તો હું પેંટિંગની વાત કરૂં. હું અહીં રાજનીતિ નથી કરવા માંગતો. પેંટિંગ કોણે વેચી? અને પૈસા કોના ખાતામાં ગયા?

પ્રિયંકા ગાંધીના પેંટિંગનો ઉલ્લેખ કરતા જ કોંગ્રેસે સંસદમાં હોબાળો મચાવી દીધો હતો. કોંગ્રેસના વિરોધ પક્ષના નેતા અધિર રંજન ચૌધરીએ તો સીટ પર ઉભા થઈને વાંધો ઉઠાવ્યો હતો.

સારા અલી ખાને ગંગા ઘાટની પૂજા કરી ગંગાની આરતી ઊતારી

વારાણસી

સારા અલી ખાન હાલ તેની ફિલ્મ અતરંગી રેના શૂટિંગમાં વ્યસ્ત છે. પણ શૂટિંગ વચ્ચે પણ તે વારાણસીમાં ફરવા માટે સમય નીકાળી રહી છે. અને તેના આ પ્રવાસના વીડિયો અને ફોટો તે પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર શેર કરી રહી છે. લગભગ એક સમાહથી સારા વારાણસી અને ચંદૌલીમાં પોતાની ફિલ્મ અતરંગી રેની શૂટિંગ કરી રહી છે. આ દરમિયાન તે બીજા વાર પોતાની મા અમૃતા સાથે ગંગા ઘાટ પહોંચીને ગંગા આરતી કરી હતી. જેની કેટલીક તસવીરો અને વીડિયો તેણે પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર શેર કર્યા છે.

દશાશ્વમેધ ઘાટ પર થનારી માં ગંગાની આરતીમાં એક મહિનામાં બીજી વાર સારા અલી ખાન પહોંચી હચી. અહીં સારા અને અમૃતાએ વૈદિક રીતી રિવાજથી માં ભગવતીનું પૂજન કર્યું હતું. ગંગા આરતી પછી તેમને મોમેન્ટો પણ ભેટ કરવામાં આવ્યો. ગંગા આરતી દરમિયાન સારા ભક્તિમાં લીન જોવા મળી હતી.

મંત્રોચ્ચાર વચ્ચે તે તાળી બજાવીને હાથ જોડીને માં ગંગાની સ્તૃતિત કરતી નજરે પડી હતી. આ દરમિયાન સારા અલી ખાન લાઇટ ગુલાબી રંગનો સૂટ પહેર્યો હતો અને સામાન્ય શ્રદ્ધાળુની જેમ ભીડની વચ્ચે બેઠી હતી.

કોઈ મારા જેવું બનવા નથી માંગતુ, હું મનોરંજન માટે નથી રમતોઃ પૂજારા

રાજકોટ



ભારતીય ટીમનો ટેસ્ટ સ્પેશ્યાલિસ્ટ બેટ્સમેન ચેતેશ્વર પૂજારા હાલના દિવસોમાં પોતાની ધીમી બેટિંગને લઈને ચર્ચામાં છે. ન્યૂઝીલેન્ડ સામે વેલિંગ્ટન ટેસ્ટ પછી ભારતીય કેપ્ટન વિરાટ કોહલીની પણ ધીરજ તુટી હતી અને તેણે સાર્વજનિક રુપથી પૂજારાની ધીમી બેટિંગ પર સવાલ ઉભા કર્યા હતા. તે મેચમાં પૂજારાએ પ્રથમ ઈનિંગ્સમાં ૪૨ બોલમાં ૧૧ અને બીજી ઈનિંગ્સમાં ૮૧ બોલ પર ૧૧ રન બનાવ્યા હતા. હવે આ મામલામાં પૂજારાનું દર્દ છલકાઈ આવ્યું છે.

એક વાતચીતમાં ચેતેશ્વર પૂજારાએ પોતાની બેટિંગ પર મહત્વપૂર્ણ વાતો કરી હતી. પૂજારાને જ્યારે પૂછવામાં આવ્યું કે શું તેમને લાગે છે કે વર્તમાન સમયમાં કોઈ પણ તેમના જેવો બેટ્સમેન બનવા માંગતા નથી. આ સવાલ પર પૂજારાએ કહ્યું હતું કે જી હા, હું આ વાત સાથે સહમત છું પણ યુવા પેઢી મારી રમતને સમજે છે. ટેસ્ટ મેચ હવે ઓછી રમાઈ રહી છે. સિમિત ઓવર ફોર્મેટની મેચોની સંખ્યા વધી રહી છે તો યુવા પેઢી મારી બેટિંગ શૈલીને વધારે અપનાવતી નથી. એવું નથી કે હું ઝડપી શકી શકતો નથી. હું સિમિત ઓવરના ફોર્મેટમાં પણ રમી શકું છું. મોટા ભાગના લોકોએ મને સફેદ બોલથી રમતા ટીવી પર જોયો નથી.

ચેતેશ્વર પૂજારાએ કહ્યું હતું કે તે સોશિયલ મીડિયા માટે બેટિંગ કરતા નથી. સોશિયલ મીડિયા પર ટિપ્પણી કરનાર મોટાભાગના લોકો મારી રમત અને ટેસ્ટ ક્રિકેટ સમજતા નથી. કારણ કે તે વધારે વન-ડે અને ટી-૨૦ ક્રિકેટ જોવે છે. કૃપા કરીને એ વાત સમજો કે મારો લક્ષ્યાંક કોઈનું મનોરંજન કરવાનો નથી પણ પોતાની ટીમ માટે મેચ જીતવાનો છે. હું સોશિયલ મીડિયાને નજર અંદાજ કરવાનો પ્રયત્ન કરું છું. જ્યારે હું રમી રહ્યો હોવ છું ત્યારે સોશિયલ મીડિયા પર ધ્યાન આપતો નથી. હું મનોરંજન માટે બેટિંગ કરતો નથી.

યસ બેન્કના ગ્રાહકોને મળશે રાહતઃ કાલથી તમામ સેવાઓ શરૂ થઈ જશે

ન્યુ દિલ્હી

સંકટ સામે લડી રહેલી યસ બેંક ને પાટા ઉપર લાવવા માટે લાગુ કરવામાં આવેલા નવા પ્લાન બાદ હવે યસ બેંકના ખાતાધારકો માટે એક રાહતના સમાચાર છે. બેંકે આજે એટલે કે સોમવારે ટ્વીટ કરીને જાણકારી આપી છે કે, ખાતાધારકો ઉપરથી બેંકના બધા પ્રતિબંધો હટાવી લીધા છે. એટલે કે ૧૮ માર્ચ સાંજે છ વાગ્યા બાદ ગ્રાહકો પોતાના ખાતાઓમાંથી સામાન્ય ટ્રાન્જેક્શન કરી શકેશે. ખાતા ધારકો બધી ૧૧૩૨ શાખાઓમાંથી ટ્રાન્જેક્શન કરી શકશે.

ઉલ્લેખનિય છે કે, ૫ માર્ચ ૨૦૨૦ના સાંજે છ વાગ્યે આરબીઆઈ દ્વારા યસ બેંક ડિપોઝિટર્સની વિડ્રોલ લિમિટ ૫૦૦૦૦ રૂપિયા નક્કી કરી હતી. ત્યારબાદથી યસ બેંકનો કોઈપણ ગ્રાહક કોઈપણ માધ્યમથી પૈસા ટ્રાન્સફર ન કરી શક્યો અને એટીએમથી કેશ ઉપાડી પણ ન શક્યો.

નાણામંત્રી નિર્મલા સીતારમણએ શુક્રવારે પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે, યસ બેંકમાં ભારતીય સ્ટેટ બેંક ૪૯ ટકાની ભાગીદારી ખરીદશે. એસબીઆઈ ૩ વર્ષ સુધી પોતાના સ્ટેકને ૨૬ ટકા સુધી ઓછા નહીં કરી શકે. આ ઉપરાંત પ્રાઈવેટ બેંક પણ આ બેંકમાં રોકાણ કરશે. પ્રાઈવેટ બેંકો માટે પણ લોકઈન પીરિયડ ૩ વર્ષ સુધી રહેશે. પરંતુ તેમના માટે સ્ટેકની લિમિટ ૭૫ ટકા સુધી છે.

ફિલ્મ હિટ જવાની ખાતરી હશે તો જ ફિલ્મમાં કામ કરીશ : નેહા કક્કર

મુંબઇ

પોતાના મધુર અવાજથી લોકોના દિલ જીતનારી નેહા કક્કરે ફિલ્મોમાં કામ કરવા અંગ વાત કરી હતી. ફિલ્મમાં કામ કરવા પર નેહાએ કહ્યું કે જ્યારે તેણીને લાગશે કે આ ફિલ્મ હિટ જશે તો જ તે એક્ટિંગ કરશે.

બૉલિવુડની પોપ્યુલર સિંગર નેહા કક્કર કોઈના કોઈ મુદ્દે લાઈમ લાઈટમાં રહેતી જ હોય છે. ગર્મી, સાકી સાકી, દિલબર, પ્યાર દો અને આંખ મારે જેવા ધમાકેદાર ગીતને પોતાનો અવાજ આપનારી નેહા એક્ટિંગમાં પણ અજમાવી શકે છે, પરંતુ આ અંગે નેહાનુ કહેવુ છે કે જ્યારે મને લાગશે કે આ ફિલ્મ હિટ જશે ત્યારે જ ફિલ્મમાં એક્ટિંગ કરીશ.

આ અંગે વધુમાં નેહાએ કહ્યું કે, ×અત્યાર સુધી જે પણ સિંગરોએ ફિલ્મમાં અજમાવવાનો પ્રયાસ કર્યો તે લોકો સફળ રહ્યાં નથી. તેવામાં હું ઈચ્છુ છું કે હું ફિલ્મમાં કામ કરીશ તો ધ્યાન રાખીશ કે જો ફિલ્મ હિટ જાય તેમ હશે તો જ હું ફિલ્મમાં કામ કરીશ. આ સાથે નેહાએ જણાવ્યું કે હું માત્ર ફિલ્મ કરવા ખાતર નહી કરું. જો મને લાગશે આ ફિલ્મ હિટ જાય તેમ છે તો જ ફિલ્મમાં હાથ અજમાવીશ.

ઈડીએ અનિલ અંબાણીને સમન્સ પાઠવ્યું

મુંબઇ

યસ બેંકના ફાઉન્ડર રાણા કપૂર અને અન્ય સામે મની લોન્ડ્રિંગ મામલે તપાસ કરી રહેલ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) એ સોમવારે રિલાયન્સ ગ્રુપના ચેરમેન અનિલ અંબાણીને સમન્સ મોકલ્યું છે. જ્યારે અનિલ અંબાણીએ સ્વાસ્થ્યના આધારે છૂટ માંગી છે અને તેમને નવી તારીખ આપવામાં આવી શકે છે. એમ મુદ્દા સાથે સંકળાયેલ સૂત્રોએ જણાવ્યું છે.

રિપોર્ટ મુજબ રિલાયન્સ ગ્રુપની કંપનીઓએ બેંકથી લગભગ ૧૨,૮૦૦ કરોડ રૂપિયાની લોન લીધી હતી. જે એનપીએ થઈ ગઈ છે. વિત મંત્રી નિર્મલા સીતારમણે છ માર્ચે કરેલી પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું હતું કે અનિલ અંબાણી ગ્રુપ, એસ્સેલ, આઈએલએફએસ, ડીએચએફએલ અને વોડાફોન વગેરે ગ્રુપે યસ બેંકથી લોન લીધી હતી.

જ્યારે મુદ્દા સાથે સંકળાયેલ અધિકારીઓએ જણાવ્યું કે એવી દરેક કંપનીઓના પ્રમોટર્સને પૂછપરછ માટે બોલાવવામાં આવ્યા છે જેમને લોન તો લીધી હતી પરંતુ પરત ચુકવણી કરી નથી. આપણે જણાવી દઈએ કે યસ બેંક પર રિઝર્વ બેંક દ્વારા લગાવવામાં આવેલ રોક ૧૮ માર્ચે હટી જશે. સરકાર દ્વારા શુક્રવારે મોડી સાંજે યસ બેંકના પુનર્ગઠન યોજના ૨૦૨૦ ને સૂચિત કરાઈ હતી.

ડબલ્યુએચઓએ કોરોના વાયરસ મુદ્દે બોલિવૂડ સેલેબ્સને જાગૃતિ ફેલાવવા કહ્યું

મુંબઇ

કોરોના વાયરસના કારણે દુનિયા જાણે થંભી ગઈ હોય તેવી સ્થિતિ આવી પહોંચી છે. તેની અસર ફિલ્મ ઉદ્યોગ પર પણ પડી છે. અનેક ફિલ્મોની શૂટિંગ રોકી દેવામાં આવી છે. અને જાણીતા ફિલ્મ મહોત્સવ સમેત ફિલ્મોની રીલિઝ પણ અટકી પડી છે. કોવિડ-૧૯ના વધતા પ્રકોપને દેખતા ભારત સમેત દુનિયાભરમાં સાવચેતીના પગલે લોકો ભીડથી દૂર ઘરમાં બેસી રહ્યા છે. ત્યારે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈજેશનએ પણ સોશિયલ મીડિયાના માધ્યમથી બોલિવૂડના સુપરસ્ટાર સેલેબ્સની કોરોના અંગે જાગૃતતા ફેલાવવા માટે અપીલ કરી છે.

કોરોના વાયરસ ના કારણે દુનિયાના અનેક વિસ્તારોમાં લોકડાઉન થઈ ચૂક્યું છે. સોશિયલ મીડિયામાં પણ લોકો આ અંગે જાગૃતતા ફેલાવી રહ્યા છે. આ વચ્ચે ડબલ્યુએચઓના ડાયરેક્ટર જનરલ ડૉક્ટર ટેડ્રોસ એધાનોમે ટ્વિટ કરીને અનેક સેલેબને ટેગ કર્યા છે. અને તેમને સેફ હેન્ડ ચેલેન્જ માટે રિક્વેસ્ટ કરી છે. આ માટે તેમણે દીપિકા પાદુકોણ અને પ્રિયંકા ચોપરાને ટેગ કરતા કહ્યું છે કે ગ્લોબલ સ્ટાર્સ સેફ હેન્ડ ચેલેન્જને લઈને પોતાનો વીડિયો શેયર કરે. અને સાથે જ પોતાની સાથે ત્રણ બીજા લોકોને પણ આ ચેલેન્જ લેવાનું કહે. જેથી આપણે સાથે મળીને આ વાયરસથી સાવધાની વર્તી શકીએ.

પાકિસ્તાન-બાંગ્લાદેશ વચ્ચેની વન-ડે, ટેસ્ટ સિરિઝ સ્થગિત

ઈસ્લામાબાદ

પાકિસ્તાન અને બાંગ્લાદેશના ક્રિકેટ બોર્ડે બંને દેશ વચ્ચે આવતા મહિને રમાનારી વનડે અને ટેસ્ટ કોરોનાવાઈરસના કારણે સ્થગિત કરવામાં આવી છે. પાકિસ્તાને જાન્યુઆરીમાં ૩ ટી-૨૦ની સીરિઝમાં બાંગ્લાદેશને ૨-૦થી હરાવ્યું હતું. તેમજ યજમાને સીરિઝની પ્રથમ ટેસ્ટમાં બાંગ્લાદેશને રાવલપિંડી ખાતે એક ઈનિંગ્સ અને ૪૪ રને હરાવ્યું હતું.

એકમાત્ર વનડે ૧ એપ્રિલે અને બીજી ટેસ્ટ ૫ એપ્રિલે કરાચીમાં રમાવવાની હતી. આઈસીસી ટેસ્ટ ચેમ્પિયનશિપ ચાલતી હોવાથી બંને દેશોએ આ ટેસ્ટ માર્ચ ૨૦૨૧ સુધીમાં રમવાની રહેશે.

ચેસ ટૂર્નામેન્ટમાં રમવા ગયેલા વિશ્વનાથન આનંદ જર્મનીમાં ફસાયા

ન્યુ દિલ્હી

ભારતીય ગ્રાન્ડમાસ્ટર અને ૫ વારના વર્લ્ડ ચેસ ચેમ્પિયન વિશ્વનાથન આનંદ કોરોનાવાઈરસના અને વિઝા પ્રતિબંધના કારણે જર્મનીમાં ફસાય ગયો છે. તેને ૧૬ માર્ચે પરત ફરવાનું હતું. તે બુંદેસલીગા ચેસ ટૂર્નામેન્ટ રમવા ફેબ્રુઆરીમાં જર્મની ગયો હતો. કોરોનાના વધતા પ્રકોપના કારણે તેણે એક અઠવાડિયા માટે પોતાને આઈસોલેશનમાં રાખ્યો છે. હવે તે મહિનાના અંતે ચેન્નાઈ પાછો આવશે તેવી સંભાવના છે. આનંદે કહ્યું કે, આ મારો અત્યારસુધીનો સૌથી ખરાબ અનુભવ છે. જીવનમાં પહેલીવાર પોતાને આઈસોલેટ કરવા મજબૂર છું. હું દરરોજ સવારે ઉઠીને પુત્ર અખિલ અને પત્ની અરુણા સાથે વીડિયો કોલ પર વાત કરું છું. અમે એકબીજા સાથે વાત કરીને ખુશ રહેવાનો પ્રયાસ કરીએ છીએ.

તેણે વધુ ઉમેરતા કહ્યું કે, હું ઈન્ટરનેટ પર મિત્રો સાથે ચેટિંગ કરીને અથવા વોકિંગ કરીને દિવસો વિતાવી રહ્યો છું. કોરોનાવાઈરસના કારણે દુનિયાભરમાં મારા મિત્રો હેરાન છે. મારી પાસે બધા સાથે વાત કરવાનો સારો સમય છે. હું દિવસમાં એક અથવા બેવાર વોક પર જાવ છું. તે દરમિયાન રસ્તામાં કોઈપણ મળે તો તેની સાથે અમુક મીટરનો અંતર રાખું છું.

એસબીઆઈ કાર્ડના આઈપીઓના લીસ્ટીંગે રોકાણકારોને નિરાશ કર્યા

મુંબઇ

એસબીઆઈ કાર્ડ્સ એન્ડ પેમેન્ટ્સ સર્વિસિસના શેર ૧૨.૮૫ ટકાના ડિસ્કાઉન્ટે લિસ્ટ થયા હતા. આ શેર મુંબઈ શેરબજાર પર શેરદીઠ રૂ. ૬૫૮ની કિંમતે લિસ્ટ થયો હતો, જે શેરની ઈસ્યુ કિંમત રૂ. ૭૫૫થી રૂ. ૯૭ નીચે લિસ્ટ થયો હતો. જ્યારે એનએસઈ પર આ શેર રૂ. ૬૬૧ની કિંમતે લિસ્ટ થયો હતો. જે ઈસ્યુ કિંમત કરતાં ૧૨.૪૫ ટકા નીચે હતો. આ શેરે એનએસઈ પર ઈન્ટ્રા-ડેમાં રૂ. ૬૫૬નો લો બનાવ્યો હતો અને રૂ. ૭૫૫નો હાઈ બનાવ્યો હતો. સવારે બીએસઈ પર આ શેરનું વોલ્યુમ ૧૧.૬૪ લાખ શેર્સ હતું, જ્યારે એનએસઈ પર આ શેરનું વોલ્યુમ ૪.૭૦ કરોડ કરતાં વધુ હતું.

બીએસઈ સેન્સેક્સ છેલ્લાં પાંચ ટ્રેડિંગ સેશનમાં ત્રીજી વાર ૨૦૦૦ પોઈન્ટ કરતાં વધુ તૂટ્યો છે. હાલ એ ૨,૦૧૬.૬૨ પોઈન્ટ અથવા ૫.૯૧ ટકા તૂટીને ૩૨,૦૮૬ના મથાળે ટ્રેડ કરી રહ્યો છે, જ્યારે નિફ્ટી ૫૦ પણ ૫૬૭.૯૫ અતવા ૫.૭૧ ટકા તૂટીને ૯,૩૮૭.૨૫ના મથાયે ટ્રેડ કરી રહ્યો છે.

એસબીઆઈ કાર્ડ્સના ઈસ્યુને રોકાણકારોનો બહોળો પ્રતિસાદ મળ્યો હતો. વળી, આ ઈસ્યુ અંતિમ દિને ૨૬.૫ ગણો ભરાયો હતો. આ ઈસ્યુમાં શેરદીઠ કિંમત રૂ. ૭૫૦-૭૫૫ રાખવામાં આવી હતી.

તિહાર જેલમાં ફાંસીની તૈયારીઓ શરૂ, જલ્લાદને વહેલો બોલાવાયો

નિર્ભયા કેસઃ દોષિતોના પરિજનોએ રાષ્ટ્રપતિ પાસે ઈચ્છામૃત્યુ માંગ્યુ

નિર્ભયા કેસઃ ચારેય આરોપીઓને ૨૦ માર્ચે સવારે ૫.૩૦ વાગ્યે ફાંસી અપાશે

ન્યુ દિલ્હી

નિર્ભયા ગેંગરેપ કેસમાં હવે નવો વળાંક આવ્યો છે. ફાંસીની સજા પામેલા ચારેય દોષિતોના પરિવારજનોએ હવે રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદને પત્ર લખીને ઈચ્છામૃત્યુની અનુમતી માંગી છે. ઈચ્છામૃત્યુ માંગનારા લોકોમાં દોષિતોના વૃદ્ધ માતા-પિતા, ભાઈ-બહેન અને તેમના બાળકો સામેલ છે.

નિર્ભયાના દોષિતોના પરિજનોએ હિન્દીમાં રાષ્ટ્રપતિને લખેલા પત્રમાં કહ્યું છે કે અમે દેશના રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ અને પીડિતાના માતા-પિતાને વિનંતી કરીએ છીએ અમારા અનુરાધોને સ્વીકાર કરે અને અમને ઈચ્છામૃત્યુની મંજૂરી આપે. તેઓએ કહ્યું કે અમને ઈચ્છામૃત્યુ આપવાથી ભવિષ્યમાં થનારા કોઈ પણ અપરાધને રોકી શકાય છે. તેઓએ કહ્યું કે જો અમારા સમગ્ર પરિવારને ઈચ્છામૃત્યુ આપવામાં આવે છે તો નિર્ભયા જેવી બીજી ઘટના રોકી શકાય છે.

હકીકતમાં હવે ચારેય દોષીતોના પરિવારજનોમાં થઈ કુલ ૧૩ લોકોએ રાષ્ટ્રપતિ પાસે આ માગ કરી છે. તેમાં મુકેશના પરિવારના ૨, પવન-વિનયના ૪-૪ અને અક્ષયના પરિવારના ૩ સભ્યો સામેલ છે. પરંતુ કાયદાકીય પત્રનો કોઈ મતલબ નથી અને કાયદામાં આવી કોઈ ઈચ્છા મૃત્યુની જોગવાઈ નથી.

દોષિતોના પરિજનોએ કહ્યું છે કે, એવું કોઈ પાપ નથી, જેને માફ ન કરી શકાય. તેઓએ કહ્યું કે પહેલા જ દેશના મહાપાપીઓને માફ કરવામાં આવી રહ્યા છે. બદલાની પરિભાષા શક્તિ નથી. ક્ષમા કરવું જ સૌથી મોટી શક્તિનું ઉદાહરણ છે. ઉલ્લેખનીય છે કે, નિર્ભયાના તમામ દોષિતો વિનય શર્મા, અક્ષય સિંહ ઠાકુર, પવન ગુપ્તા અને મુકેશને ૨૦ માર્ચ સવારે સાડા પાંચ વાગ્યે ફાંસી આપવાની છે.

નિર્ભયાના ચારેય દોષિતોને પોતાની ફાંસીની સજા માફ કરવા માટે દયા અરજી રાષ્ટ્રપતિની પાસે મોકલી હતી, જેને રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ ફગાવી ચૂક્યા છે. જોકે દોષી અક્ષયસિંહ ઠાકુરે નવી દયા અરજી દાખલ કરી છે, જેમાં તેણે કહ્યું છે કે રાષ્ટ્રપતિએ જે જૂની દયા અરજી દાખલ કરી હતી તેમાં તમામ વિગતોનો ઉલ્લેખ નહોતો.

તિહાર જેલ પ્રશાસને નિર્ભયાના ગુનેગારોને ફાંસી આપવાની તૈયારી શરૂ કરી દીધી છે. જેલ અધિકારીઓએ ઉત્તર પ્રદેશના મેરઠ નિવાસી પવન જલ્લાદને ફાંસી આપવાના ત્રણ દિવસ પહેલા ૧૭ માર્ચે તિહાર જેલ આવીને રિપોર્ટ કરવા માટે કહ્યું છે. તેમના આવ્યા બાદ અધિકારીઓ એક વાર ફરી ડમી ફાંસી આપીને ટેસ્ટિંગ કરશે. આ મહિનાની શરૂઆતમાં દિલ્હીની કોર્ટે ચારેય આરોપી મુકેશ(૩૨), પવન ગુપ્તા(૨૫), વિનય શર્મા (૨૬) અને અક્ષય સિંહ (૩૧)ને ૨૦ માર્ચની સવારે ૫.૩૦ વાગ્યે ફાંસી આપવાનું વોરંટ જાહેર કર્યું હતું.

સુપ્રિમે દોષી મુકેશની અરજી નકારી

ન્યુ દિલ્હી

નિર્ભયા કેસના દોષીતોની ફાંસીનો માર્ગ મોકળો બની ગયો છે. સુપ્રીમ કોર્ટે દોષી મુકેશની અરજી નકારી દીધી છે.

મહત્વનું છે કે નિર્ભયાના કેસમાં દોષી મુકેશે સુપ્રીમ કોર્ટમાં નવી અરજી દાખલ કરી હતી. અરજીમાં આરોપ લગાવવામાં આવ્યો હતો કે સુપ્રીમ કોર્ટ તરફથી મુકેશ માટે નિયુક્ત પૂર્વ એમિક્સ ક્યૂરી એટલે કે પૂર્વ વકીલ વૃંદા ગ્રોવરે મુકેશ પર દબાવ નાખી તેની ક્યૂરેટિવ અરજી જલદી દાખલ કરાવી હતી, જ્યારે આ અરજી દાખલ કરવા માટે મુકેશની પાસે હજુ ઘણો સમય બાકી હતી.

ત્રણ આરોપીઓએ ફાંસીને અટકાવવા આઈસીજેનો દરવાજો ખખડાવ્યો

નિર્ભયા કેસના ત્રણ આરોપીએ ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટિસનો દરવાજો ખખડાવ્યો છે. મુકેશ સિવાયના અક્ષય, પવન અને વિનયે તેમના ડેથ વોરંટને અટકાવવા માટે આઈસીજેનો દરવાજો ખખડાવ્યો છે.

મને માઈ લોર્ડ અને યોર લોર્ડશિપ કહીને ન બોલાવોઃ પંજાબ-હરિયાણા ન્યાયાધીશની વિનંતી

ચંડીગઢ

દિલ્હી હાઈકોર્ટમાંથી બદલી કર્યા પછી સૌથી વધારે ચર્ચિત રહેલ ન્યાયાધીશ એસ મુરલીધરે પંજાબ અને હરિયાણા હાઈકોર્ટમાં જોડાયાના બીજા જ દિવસે અદાલતે વકીલોને કહ્યું કે, તેઓ તેમને 'માઈ લોર્ડ' અને 'યોર લોર્ડશિપ' કહીને સંબોધિત ના કરે.

સોમવારે તેમની બેન્ચે રજૂ કરેલી એક લાઈનની ભલામણમાં કહ્યું છે, ડો. એસ મુરલીધર વિનંતી કરે છે કે, તેમને યોર લોર્ડશિપ અથવા માઈ લોર્ડ કહીને સંબોધિત કરવાથી બચો. અને આ બારના બધા જ સન્માનિય સભ્યોની જાણકારી માટે છે.

મુરલીધર પંજાબ અને હરિયાણા ઉચ્ચ ન્યાયાલયના બીજા સૌથી વરિષ્ઠ ન્યાયાધીશ છે, જ્યાં તેઓ સેકેન્ડ ડિવીઝન બેન્ચનું પ્રતિનિધિત્વ કરે છે. તેમને ચંદીગઢ અદાલતમાં ૬ માર્ચે પોતાનું પદભાર સંભાળ્યું છે.

સુપ્રીમ કોર્ટની કોલોજિયમે ૧૨ ફેબ્રુઆરીએ તેમનું સ્થાનાંતરણ કરી દીધું હતુ, પરંતુ તેઓ વિવાદમાં ત્યારે ફસાઈ ગયા હતા, જ્યારે ૨૬ ફેબ્રુઆરીએ રાતે ન્યાયમૂર્તિ મુરલીધરની અધ્યક્ષતાવાળી પીઠે દિલ્હીમાં થયેલ સાંપ્રદાયિક હિંસા દરમિયાન દિલ્હી પોલીસના કાન ખીંચ્યા હતા, તેના ૨૪ કલાકથી પણ ઓછા સમયમાં તેમનું સ્થાનાંતરણ કરી દેવામાં આવ્યું હતુ.

વોડાફોન-આઈડિયાએ એજીઆર પેટે બાકી નીકળતા ૩૩૫૪ કરોડ ચૂકવ્યા

ગાંધીનગર

ખોટના ખાડામાં ચાલી રહેલ અને સાથે ખંભાતી તાળું લઈને ફરી રહેલ દેશની સૌથી વધુ યુઝર્સ ધરાવતી ટેલિકોમ ઓપરેટર વોડાફોન આઈડિયાએ સોમવારે એજીઆર પેટે બાકીના બધા જ નાણાં ચૂકવી દીધા હોવાની જાણકારી આપી છે.

સોમવારે વોડા-આઈડિયાએ જણાવ્યું કે તેમણે ટેલિકોમ વિભાગ (ડીઓટી)ને એડજસ્ટેડ ગ્રોસ રેવેન્યુ પેટે ચૂકવવાના બાકી થતા ૩૩૫૪ કરોડ રૂપિયાનું પેમેન્ટ કર્યું છે.

કંપનીએ કહ્યું કે સ્વ-આકારણીના આધારે નક્કી થયેલ રકમ આજના ૩૩૫૪ કરોડના ચૂકવણાં સાથે પુરી થઈ છે. આજની નવી ચુકવણી સાથે વોડાફોન આઈડિયાએ AGR મુદ્દલ પેટે કુલ રૂ. ૬૮૫૪ કરોડ ચૂકવ્યા છે.

ડીઓટીએ વોડા-આઈડિયાની એજીઆર જવાબદારી માટે આશરે રૂ. ૫૩,૦૦૦ની કુલ માંગણી કરી હતી જેમાં વ્યાજ, દંડ અને રકમ ચૂકવવામાં વિલંબ પરના વ્યાજ પણ શામેલ છે.

જોકે સામે પક્ષે વોડાફોન-આઈડિયાએ કહ્યું હતુ કે ૬ માર્ચ, ૨૦૨૦ના રોજ ડીઓટી પાસે એજીઆર જવાબદારીઓનું સ્વ-મૂલ્યાંકન નોંધાવ્યું હતું, જેમાં નાણાકીય વર્ષ ૨૦૦૬-૦૭થી નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ માટેના સમયગાળા માટે એજીઆર ચૂકવણીની મુખ્ય રકમ ૬૮૫૪ કરોડ બાકી નીકળી હતી. ટેલિકોમ કંપનીએ અગાઉ ૧૭ ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ રૂ. ૨,૫૦૦ કરોડ અને ૨૦ ફેબ્રુઆરીએ રૂ. ૧૦૦૦ કરોડ ચૂકવ્યા હતા.

સીઆરપીએફ ૨,૨૦૦ શહીદોના સ્વજનોનું સંપૂર્ણ સ્વાસ્થ્ય પ્રીમિયમ ભરશે

ન્યુ દિલ્હી

સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (સીઆરપીએફ)ની સ્થાપના થઈ ત્યારથી અત્યાર સુધી ફરજ દરમિયાન મૃત્યુ પામેલા અંદાજે ૨૦૦૦ જવાનના પરિવારના સભ્યોને વ્યાપક સ્વાસ્થ્ય કવચ પૂરું પાડવાનું અને સંપૂર્ણ પ્રીમિયમ ભરવાનું સીઆરપીએફ દ્વારા નક્કી કરાયું છે. સીઆરપીએફ દ્વારા આ પ્રકારનું પ્રથમ વખત જ પગલું લેવામાં આવ્યું છે.

દેશનું સૌથી મોટું અર્ધલશ્કરી દળ સીઆરપીએફ, જેમાં વિવિધ રેંકના ૩.૨૫ કર્મચારી છે, ૧૯મી માર્ચે ૮૧મા સ્થાપના દિવસની ઉજવણી કરી રહ્યું છે જેના ભાગ રૂપે 'શહીદોને સલામ, વીરતાની ઉજવણી' થીમ લોન્ચ કરવામાં આવી છે. આ થીમ હેઠળ શહીદોના પરિવારના સભ્યોને સ્વાસ્થ્ય કવચ પૂરું પાડવા સહિતના પગલાં લેવાનું નક્કી કરાયું છે.

'અમારા દળના શહીદોના પરિવારના સભ્યોને વ્યાપક સ્વાસ્થ્ય કવચ પૂરું પાડવામાં આવશે જેનું સંપૂર્ણ પ્રીમિયમ દળ દ્વારા ભરવામાં આવશે. આ માટે વેલ્ફેર ફંડમાંથી ભંડોળ પૂરું પાડવામાં આવશે', એમ સીઆરપીએફના ડિરેક્ટર જનરલ (ડીજી) એ. પી. મહેશ્વરીએ જણાવ્યું હતું.

આ યોજનાનો લાભ દળના ૨,૨૦૦ શહીદના પરિવારના સભ્યોને મળશે. હાલપર્યંત સરકારી સ્વાસ્થ્ય કવચનો લાભ મેળવવા માટે શહીદના પરિવારને પ્રીમિયમ ભરવું પડતું હતું.

છેલ્લા છ મહિનામાં સોનાની આયાતમાં ૮.૮૬ ટકાનો ઘટાડો

ન્યુ દિલ્હી

છેલ્લા છ મહિનામાં સોનાની આયાત ૮.૮૬ ટકા ઘટીને ૨૭ અબજ ડૉલરની થઈ છે. ગયા નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ના સમાન સમયગાળામાં સોનાની આયાત ૨૯.૬૨ અબજ ડૉલર મૂલ્યની હતી. ડિસેમ્બર ૨૦૧૯થી સોનાની આયાતમાં ઘટાડો થઈ રહ્યો છે. સોનાની આયાત ઘટાડવા સોનાની આયાત ડ્યૂટી ૧૦ ટકા હતી જે વધારીને ૧૨.૫ ટકા કરવામાં આવી છે.

એપ્રિલ-ફેબ્રુઆરીના સમયગાળા દરમિયાન જેમ્સ, જવેલરીની નિકાસ ૮.૨૫ ટકા ઘટીને ૩૩.૭૮ અબજ ડૉલર મૂલ્યની થઈ હતી. વર્ષ ૨૦૧૮-૧૯માં ભારતની સોનાની આયાત ૩ ટકા ઘટીને ૩૨.૮ અબજ ડૉલર મૂલ્યની થઈ હતી.

વિદેશ હૂંડિયામણના ઈનફ્લો અને આઉટફ્લો વચ્ચેનો તફાવત એટલે કે કરંટ એકાઉન્ટ ડેફિસિટ જુલાઈ - સપ્ટેમ્બર ૨૦૧૯ સમયગાળામાં ૬.૩ અબજ ડૉલર થયું હતું જે એક વર્ષે અગાઉના સમયગાળામાં ૧૯ અબજ ડૉલર નોંધાયું હતું.

કોરોના વાઈરસના ભય વચ્ચે રાજકોટમાં સ્વાઈન ફ્લૂ, પડધરીમાં મહિલાનું મોત

રાજકોટ

વિશ્વના ૧૪૮ દેશમાં ફેલાયેલા કોરોના વાઈરસથી ગુજરાતમાં પણ ફફડાટ જોવા મળી રહ્યો છે. કોરોનાના ભય વચ્ચે હવે રાજકોટમા સ્વાઈન ફ્લૂ દેખાયો છે. સ્વાઈન ફ્લુના કારણે રાજકોટની ખાનગી હોસ્પિટલમાં પડધરીની ૪૬ વર્ષીય મહિલાનું મોત થયું છે. ૧૧ માર્ચના રોજ મહિલાનો રિપોર્ટ પોઝિટીવ આવતા તેની સારવાર ચાલી રહી હતી.

એક તરફ ગુજરાતમાં કોરોનાનો ભય ચાલી રહ્યો છે. જ્યારે બીજી તરફ સ્વાઈન ફ્લૂનો પોઝિટિવ કેસ સામે આવતા લોકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. દોઢ મહિના બાદ સ્વાઈન ફ્લૂથી મહિલાના મોતથી આરોગ્ય વિભાગ પણ દોડતું થયું છે. સ્વાઈન ફ્લૂ વોર્ડમાં ૯ વર્ષના બાળકની પણ સારવાર ચાલી રહી છે.

વિદેશ અને અન્ય રાજ્યોમાંથી રાજકોટમાં આવતા લોકોને સિવિલ હોસ્પિટલમાં ઓબ્ઝર્વેશન હેઠળ રાખવામાં આવી રહ્યા છે. ગ્રામ્યના ૨૯ અને શહેરના ૬૦ લોકો સિવિલ હોસ્પિટલમાં ઓબ્ઝર્વેશન હેઠળ છે.

કોરોનાનો ડરઃ પોરબંદરના માધવપુરનો સુપ્રસિદ્ધ મેળો રદ્દ

ગાંધીનગર

કોરોના વાયરસની દહેશતને કારણે અનેક ધાર્મિક કાર્યક્રમો અને આયોજનો રદ્દ કરવામાં આવ્યા છે. ત્યારે પોરબંદરના માધવપુરનો સુપ્રસિદ્ધ મેળો પણ મોકૂફ રાખવામાં આવ્યો છે. માધવપુરનો આંતરરાષ્ટ્રીય કક્ષાનો મેળો નહીં યોજાય તેવી પ્રવાસન વિભાગે સત્તાવાર જાહેરાત કરી છે. મહત્વનું છે કે માધવપુરનો મેળો આદિકાળથી યોજાઈ રહ્યો હોવાની માન્યતા છે. મેળાની મહત્તા દર્શાવતું લોકગીત માધવપુરનો માંડવો અને જાદવકુળની જાન પણ ખૂબ પ્રસિદ્ધ છે. પરંતુ હવે ભગવાનની જાન દરમ્યાન પરંપરાગત રીતે યોજાતો મેળો નહીં યોજાય તેવી સરકારે જાહેરાત કરી છે.



મુંબઈના મેન્યુફેક્ચરિંગ યુનિટમાં કામદારો ફેસ માસ્ક બનાવે છે જે કોવિડ -૧૯ ને અટકાવવા મદદ કરે છે.

યસ બેંકના ખાતાધારકોની રકમ પૂરી રીતે સુરક્ષિતઃ ગવર્નર

આગામી છ મહિના સુધી અમેરિકન ડોલરના સેલ બાય સ્વૈપ કરવામાં આવશેઃ આરબીઆઈ

આગામી બેઠકમાં વ્યાજદરમાં કાપ મૂકાય તેવી શક્યતા

મુંબઈ

કોરોના વાયરસને લઈને ભારતીય રિઝર્વ બેંકના ગર્વનર શક્તિકાંત દાસે પ્રેસ કોન્ફરન્સ કરી હતી. આરબીઆઈ ગર્વનરે કહ્યું હતું કે ભારત પણ કોરોના વાયરસની ઝપેટમાં છે. અત્યાર સુધી ૧૦૦થી વધારે સંક્રમણના મામલા સામે આવી ચૂક્યા છે. કોરોના વાયરસની અસર પર આરબીઆઈએ ૨ મોટા પગલા ભર્યા છે. આ દરમિયાન તેમણે યસ બેંક સંકટ ઉપર પણ વાત કરી હતી. યસ બેંકને લઈને તેમણે ડિપોઝીટર્સને કહ્યું હતું કે તેમની રકમ પૂરી રીતે સુરક્ષિત છે.

કોરોના વાયરસ પર શક્તિકાંત દાસે કહ્યું હતું કે ટુરિઝમ, હોસ્પિટેલિટી અને એરલાઈન્સ સહિત ઘણા સેક્ટર પર તેની અસર પડી રહી છે. વિત્તીય બજારનું સ્વાસ્થ્ય ઠીક રાખવા માટે આરબીઆઈએ જરુરી પગલાં ભર્યા છે.

૧. આરબીઆઈએ જે બે પગલાં ભર્યા છે તેમાં સૌથી પહેલું એ છે કે આગામી ૬ મહિના સુધી અમેરિકન ડોલરના સેલ બાય સ્વૈપ કરવામાં આવશે.

૨. આરબીઆઈ વર્તમાન વ્યાજ દરમાં ૧ લાખ કરોડ રુપિયા સુધી ઘણા હપ્તામાં એલટીઆરઓ કરશે. આ પછી તેનું રિવ્યૂ પણ કરવામાં આવશે.

વ્યાજદરમાં કાપના મામલા પર પૂછવામાં આવેલા એક સવાલ પર તેમણે કહ્યું હતું કે કાનૂની રીતે આ નિર્ણય ફક્ત મૌદ્રિક સમીક્ષા નીતિ બેઠકમાં લેવામાં આવી શકાય છે. આગામી બેઠક થશે તો તેના પર વિચાર કર્યો નથી. જોકે તેમણે ઈશારો કર્યો હતો કે એમપીસીની આગામી બેઠકમાં વ્યાજ દરમાં કાપ કરવામાં આવી શકે છે.

આરબીઆઈ ગર્વનરે કહ્યું હતું કે આ પહેલા કોઈ બેંક સંકટમાં સ્થિતિમાં આવતી હતી તો તેનું વિલય કરી દેવામાં આવતું હતું. આ વખતે અમે આવા પગલાં ભર્યા નથી. અમે ઈચ્છીએ છીએ કે યસ બેંક પોતાની ઓળખ બનાવી રાખે. ડિપાઝીટર્સની પુંજી પૂરી રીતે સુરક્ષિત છે. ભારતમાં બેંકિંગ સેક્ટર પૂરી રીતે સુરક્ષિત છે. પબ્લિક સેક્ટરથી લઈને પ્રાઈવેટ સેક્ટર સુધી બધી બેંકો પૂરી રીતે સુરક્ષિત છે.

૩૦૦ કપલ છૂટાછેડા માટે એપોઈમેન્ટ લઈ ચૂક્યા છે

કોરોના સંકટ વચ્ચે ચીનમાં છૂટાછેડાના કેસમાં અધધ... વધારો

બેઈજિંગ

કોરોના વાયરસની ઈફેક્ટ વચ્ચે ચીનમાં છુટાછેડાના કેસમાં વધારો થઈ રહ્યો છે. ડેલી મેલના રિપોર્ટ અનુસાર, ચીનના મેરેજ રજિસ્ટ્રી ઓફિસનું માનવુ છે કે એવુ એટલે થઈ રહ્યુ છે કે કોરોના વાયરસના કારણે કપલ ઘરમાં વધારે સમય સાથે પસાર થઈ રહ્યા છે.

કોરોના વાયરસના સંક્રમણથી બચાવ માટે ચીને દેશના કેટલાક વિસ્તારોમાં લોક ડાઉનનું એલાન કર્યુ હતુ. લાખો લોકોને લગભગ મહિનાથી ઘરમાં બંધ રહેવુ પડ્યુ. માત્ર ઈમરજન્સી કે અગત્યનું કાર્ય હોવા પર જ લોકોને ઘરની બહાર જવાની અનુમતિ મળી.

ચીનના સિચુઆન પ્રોવિન્સના એક મેરેજ રજિસ્ટ્રી ઓફિસના અધિકારી લુ શિજુને કહ્યુ કે ૨૪ ફેબ્રુઆરી બાદથી ૩૦૦ કપલ છુટાછેડા માટે એપોઈન્ટમેન્ટ લઈ ચૂક્યા છે.

સ્થાનિક મીડિયા સાથે વાત કરતા શિજુને કહ્યુ કે છુટાછેડાના વધારે કિસ્સા સામે આવ્યા છે. લોકો ઘણો સમય ઘરે પસાર કરી રહ્યા છે. સામાન્ય વાત પર કપલ વચ્ચે ભયંકર ઝઘડો થઈ રહ્યો છે અને બાદમાં તેઓ છુટાછેડા લઈ રહ્યા છે.

શાંઝી પ્રોવિન્સના મેરેજ રજિસ્ટ્રેશન ઓફિસમાં પણ ડાયવોર્સ માટે એપોઈન્ટમેન્ટ લેનારા લોકોમાં વધારો જોવા મળી રહ્યો છે. જોકે, લગભગ એક મહિનાથી ઓફિસ પણ બંધ થઈ ગઈ છે.

એક ઓફિસમાં તો એક જ દિવસમાં ૧૪ કેસ આવ્યા. ફુઝોઉમાં અધિકારીઓએ મોટી સંખ્યામાં આવેદન મળ્યા બાદ એક દિવસમાં છુટાછેડા એપોઈન્ટમેન્ટ આપવાની સીમા ૧૦ કરી દીધી.

કોરોના સંકટઃ ચીનમાં ફેક્ટરી ઉત્પાદન ઘટીને ૩૦ વર્ષના તળિયે

બેઈજિંગ

કોરોના વાયરસે ચીનના અર્થતંત્રને ભારે ફટકો પહોંચાડ્યો છે. વર્ષના પ્રથમ બે માસ દરમિયાન દેશમાં ફેક્ટરી ઉત્પાદન ઝડપથી ઘટીને ૩૦ વર્ષનાં તળિયે પહોંચી ગયું છે. કોરોનાનો પ્રચાર પ્રસાર તેમજ તેને અટકાવવા માટે કરવામાં આવેલ સંપૂર્ણ લોકડાઉનને પગલે વિશ્વની બીજા નંબરની સૌથી મોટી અર્થવ્યવસ્થા ખરાબ રીતે મંદીમાં ફસાઈ ગઈ છે. શહેરી રોકાણ અને રિટેલ વેચાણમાં પણ ભારે ઘટાડો જોવા મળ્યો છે. આ કારણે પ્રથમ ક્વાર્ટરમાં આર્થિક વૃદ્ધિ દર અડધો થઈ શકે છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે આર્થિક વૃદ્ધિને વધારવાની તાતી જરૂર છે.

નેશનલ બ્યુરો ઓફ સ્ટેટિક્સે જાહેર કરેલ આંકડા અનુસાર જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં ઔધોગિક ઉત્પાદન ૧૩.૫ ટકાથી વધુ ઘટી ગયું છે જે ૧૯૯૦ બાદનું સૌથી નબળું રીડીગ છે. ડિસેમ્બરમાં ઔધોગિક ઉત્પાદન ૬.૯ ટકા હતું.

સોમવારે સત્તાવાર આર્થિક ડેટામાં પણ રિટેલ અને પ્રોપર્ટી સેક્ટર્સમાં આંચકાજનક ઘટાડો જોવા મળ્યો છે. વધુમાં ફિક્સ્ડ એસેટ ઈન્વેસ્ટમેંટ વર્ષ-દર-વર્ષે ૨૪.૫% ઘટ્યું છે. પ્રાઈવેંત સેક્ટર્સના રોકાણમાં એક વર્ષની સરખામણીએ ૨૬.૪ ટકાનો ઘટાડો નોંધાયો છે. ફેબ્રુઆરીમાં ચીનનો બેરોજગાર દર વધીને ૬.૨ ટકાએ પહોંચી ગયો છે જે ડિસેમ્બરમાં ૫.૨ ટકા હતો. આમ સત્તાવાર રેકોર્ડ પ્રમાણે બેરોજગારીનો દર સૌથી ઉચ્ચસપાટીએ પહોંચી ગયો છે.

કોરોના વાયરસને કારણે કોંગ્રેસે સત્ર ટૂંકાવવાની માંગ કરીઃ અધ્યક્ષે ના પાડી

ગાંધીનગર

વિધાનસભાનું સત્ર કોરોનાને કારણે મોકૂફ રાખવાની દરખાસ્ત કોંગ્રેસના શૈલેષ પરમારે ગૃહમાં રજૂ કરી છે. કોંગ્રેસે ૨૯ માર્ચસુધી સત્ર મુલતવી રાખવાની માંગણી કરી હતી. જેને સરકાર દ્વારા ફગાવી દેવામાં આવી છે. રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે આ અંગે જણાવ્યું કે, કોરોનાની ગુજરાતમાં અસર નથી, પરંતુ અગમચેતીના ભાગરૂપે શાળા કોલેજ બંધ રાખવામાં આવી છે. તેમજ એરપોર્ટ પર ચકાસણી થાય છે, રવિવારે તાકીદની બેઠક બોલાવી દોઢ કલાકની ચર્ચા કર્યા બાદ તમામ પાસાની વિચારણા કરીને શાળા કોલેજ અંગે નિર્ણય કર્યો છે. વિધાનસભા સત્ર ટૂંકાવવામાં ના આવતા વિપક્ષ દ્વારા વોકઆઉટ કરવામાં આવ્યું છે. નાયબ મુખ્યમંત્રીએ આગળ કહ્યું કે હાલ બજેટ સત્ર ચાલુ છે, અત્યારે આપણું ગૃહમાં અગત્યનું કામ પણ બાકી છે. વિધાનસભા મુલાકાતીઓ માટે બંધ કર્યું છે. પરંતુ અમે બજેટની કામગીરી પૂર્ણ કરવા માંગીએ છીએ અને વિધાનસભામાં મોટો ધસારો થવાની શક્યતા નથી.

કોંગ્રેસમાં જૂથવાદ પરાકાષ્ઠાએ, હજુય વધારે ધારાસભ્યોના રાજીનામાં પડશેઃ નીતિન પટેલ

ગાંધીનગર

ગુજરાતમાં હવે ૧૦ દિવસ પછી રાજ્યસભાની ખાલી પડેલી ૪ બેઠકોની ચૂંટણી યોજાવાની છે આ ચૂંટણી પહેલા કોંગ્રેસમાં રાજકીય ભૂંકપ આવી રહ્યા છે. ગઈકાલે કોંગ્રેસના ચાર ધારાસભ્યોએ વિધાનસભાના સ્પીકર રાજેન્દ્ર ત્રિવેદીને રાજીનામું આપી દીધું હતું જેની સ્પષ્ટતા તેમના દ્વારા કરવામાં આવી હતી. જોકે, આ સિલસિલો હજુ ચાલુ રહેશે અને કોંગ્રેસને હજુ કેટલાક ઝાટકા પડવાના છે તેવી વાત રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે કરી છે. નીતિન પટેલે હજુ કોંગ્રેસના ધારાસભ્યો રાજીનામા આપશે તેમ જણાવ્યું છે.

પત્રકારો સાથે વાત કરતી વખતે નીતિન પટેલે કહ્યું કે, સ્પીકરે જણાવ્યા પ્રમાણે કોંગ્રેસના ૪ ધારાસભ્યોએ રાજીનામા આપ્યા હોવાની માહિતી મને મળી છે. તેમણે કહ્યું કે "ઘણી ચર્ચાઓ થતી હોય છે કે, હજુ પણ ઘણાં ધારાસભ્યો કોંગ્રેસ છોડવાના છે, ધારાસભ્ય પદેથી રાજીનામું આપવાના છે." તેમણે કહ્યું કે "અમે અગાઉથી જેમ કહેતા હતા તે પ્રમાણે કોંગ્રેસમાં ખુબ મોટી આંતરિક જુથબંધી છે. નેતાઓ એકબીજાને નીચું દેખાડવા માટે અથવા કોઈ આગળ ના વધી જાય તે માટે સતત પ્રયત્ન કરે છે." તેમણે કહ્યું કે કોંગ્રેસમાં જે જૂથવાદ છે તેનું પરિણામ અત્યારે પાર્ટી ભોગવી રહી છે.

તેમણે એમ પણ કહ્યું કે, "કોંગ્રેસના કાર્યકર, હોદ્દેદાર કે ધારાસભ્યો જેઓ ભાજપના સિદ્ધાંતો પ્રમાણે ભાજપને સ્વીકારવા સહમત હોય તેમનો ભાજપમાં આવકાર છે. ભાજપ સરકારના સમયમાં નિર્માણ પામેલી પ્રસિદ્ધ જગ્યાઓ છે જ્યાં કોંગ્રેસના ધારાસભ્યો જવાનું ટાળે છે, મહાત્મા મંદિર છે સ્ટેચ્યૂ ઓફ યુનિટી છે આ જગ્યાઓ પર કોંગ્રેસના ઘણાં નેતા જતા નથી. કોંગ્રેસને જે એલર્જી થાય છે તે યોગ્ય નથી. અમે જે કરીએ છીએ તે ગુજરાત માટે કરીએ છીએ, પ્રજા માટે કરીએ છીએ.

ભરતસિંહના કહેવાથી જ કાકડીયા ભાજપમાં જોડાયાઃ પત્ની કોકિલાબહેન

ગાંધીનગર

રાજ્યસભાની ચૂંટણી પહેલાં કોંગ્રેસનાં પાંચ ધારાસભ્યોએ રાજીનામું આપી દેતાં ગુજરાતનાં રાજકારણમાં ઉથલપાથલ મચી છે. તેવામાં રાજીનામું આપનાર કોંગ્રેસનાં એક ધારાસભ્ય જે.વી. કાકડીયાના પત્ની કોકિલાબહેન કાકડીયાએ કોંગ્રેસનાં રાજ્યસભાના ઉમેદવાર ભરતસિંહ સોલંકી પર સનસનીખેજ આરોપ લગાવ્યો છે. કોકિલાબહેને કહ્યું કે, ભરતસિંહનાં કહેવાથી જ કાકડીયા ભાજપમાં જોડાયા છે.

કોંગ્રેસ ધારાસભ્ય જે.વી. કાકડીયાના પત્ની કોકિલાબહેન કાકડીયાએ સનસનીખેજ આરોપ લગાવતાં કહ્યું કે, ભરતસિંહના કહેવાથી જે.વી.કાકડિયા ભાજપમાં જોડાયા છે. ભરતસિંહે ફોન કરીને કાકડીયાને ભાજપમાં જોડાવા માટે કહ્યું હતું. પણ ભરતસિંહની રાજ્યસભાની ટિકિટ નક્કી થતાં અમને બદનામ કરે છે. ભરતસિંહ સોલંકીએ અમારો ઉપયોગ કર્યો છે. ભરતસિંહ સોલંકી અમારા નેતા હોવાથી અમે વાત માની હતી. કોકિલાબહેનનાં આ સનસનીખેજ આરોપ બાદ ગુજરાતનાં રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. અને અનેક લોકો ચર્ચા કરી રહ્યા છે કે, શું ભરતસિંહ સોલંકીએ પોતાના જ ધારાસભ્યોને રાજીનામું આપવા માટે કહ્યું છે. કે પછી આ પણ જે.વી. કાકડીયાની રાજનીતિનો એક ભાગ હોઈ શકે છે. પોતાની પત્નીને આગળ ધરીને જે.વી.કાકડીયા બચવાનો પ્રયાસ કરી રહ્યા છે. તો બીજી બાજુ પરેશ ધાનાણીએ કોકીલાબહેનનાં આરોપો પર પ્રતિક્રિયા આપવાનું ટાળ્યું હતું.

રાજકોટવાસીઓ માટે ખુશખબર, દિલ્હી જવા માટે ૨ નવી ફ્લાઈટો થશે શરૂ

રાજકોટ



રાજકોટથી મુંબઈ નવી ફ્લાઈટ શરૂ કર્યા બાદ સ્પાઈસ જેટ હવે રાજકોટથી દિલ્હી ફીક્વન્સી ઉપર પણ ૨૧ માર્ચથી બે નવી ફ્લાઈટ શરૂ કરવા જઈ રહ્યું છે. બંને દિલ્હીની ફ્લાઈટ પૈકી એક દરરોજ ઉડાન ભરશે જ્યારે બીજી સપ્તાહમાં ચાર દિવસ ઉડાન ભરશે.

રાજકોટ થી સાંજે ૧૯.૩૦ કલાકે ઉડાન ભરશે. સાંજની દિલ્હીની ફ્લાઈટ દર સોમવાર, ગુરુવાર, શુક્રવાર અને શનિવારે જ ઉડાન ભરશે. નવી બંને ફ્લાઈટ ૨૧ માર્ચથી શરૂ થશે. સ્પાઈસ જેટની દિલ્હીની નવી ફ્લાઈટ શરૂ થવાથી યાત્રિકોને હવે દિલ્હી જવા કુલ ચાર ફ્લાઈટ મળશે જેમાં બે સ્પાઈસ જેટની અને બે એર ઈન્ડિયાની મળશે.

ઓક્ટોબરમાં સ્પાઈસ જેટની રાજકોટ-મુંબઈ નવી ફ્લાઈટ શરૂ થયા બાદ હવે ૨૯ માર્ચથી મુંબઈ રૂટની જ બીજી ફ્લાઈટ શરૂ થવા જઈ રહી છે. જેનું બુકિંગ સ્પાઈસ જેટ દ્વારા શરૂ કરી દેવામાં આવ્યું છે.

સ્પાઈસ જેટની ફ્લાઈટ દિલ્હીથી સવારે ૧૦.૦૫ કલાકે રાજકોટ માટે ઉડાન ભરશે. એવી જ રીતે રાજકોટથી દિલ્હી જવા સવારે ૧૦.૩૫ કલાકે ઉડાન ભરશે. આ ફ્લાઈટનું દરરોજ સંચાલન થશે, જ્યારે સપ્તાહમાં ચાર દિવસ ઉડાન ભરનારી સ્પાઈસ જેટની બીજી દિલ્હીની ફ્લાઈટ સાંજે ૧૮.૫૦ કલાકે દિલ્હીથી ઉડાન ભરી રાજકોટ આવશે.

ગુજરાત કોંગ્રેસે પાંચ ધારાસભ્યોને પાર્ટીમાંથી કર્યા સસ્પેન્ડ

ગાંધીનગર

રાજ્યસભાની ચૂંટણી નજીક છે ત્યારે ગુજરાત કોંગ્રેસના ૫ ધારાસભ્યોએ રાજીનામા આપી દીધા છે. ગુજરાત કોંગ્રેસે ધારાસભ્યોની પાર્ટી વિરૂદ્ધની પ્રવૃતિને જોતા તેમણે પાર્ટી અધ્યક્ષે સસ્પેન્ડ કરી દીધા છે.

ગુજરાત પ્રદેશ અધ્યક્ષ અમિત ચાવડાએ પાંચેય ધારાસભ્યોને પત્ર લખી કહ્યું કે, તમે કોંગ્રેસ પક્ષના નિશાન પર ચૂંટાયેલા સભ્ય છો. તાજેતરમાં રાજ્યસભાની ચૂંટણી યોજાઈ રહી છે ત્યારે તમે ધારાસભ્ય પદેથી રાજીનામું આપી પક્ષની અક્ષમ્ય અવહેલના કરી છે. તે બદલ તમને કોંગ્રેસ પક્ષમાંથી તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવે છે.

કોંગ્રેસના ધારાસભ્યો ક્રોસ વોટિંગ કરશે : જીતુ વાઘાણી

ગાંધીનગર

બીજી તરફ ભાજપના પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણીએ પ્રતિક્રિયા આપતાં જણાવ્યું છે કે, ડાંગના ધારાસભ્યના રાજીનામાની વિગતો મને મળી છે. વિધાનસભા અધ્યક્ષને તે અંગેની માહિતી હશે. કોંગ્રેસના રાજ્યસભા ઉમેદવારની હુંસાતુંસીના કારણે કોંગ્રેસના ધારાસભ્યો નારાજ હોય એવું લાગી રહ્યું છે. રાજ્યની જનતા કોંગ્રેસને ક્યારેય માફ નહીં કરે. કેટલાક કોંગ્રેસના ધારાસભ્યો સંપર્ક વિહોણાં છે. મારું માનવું છે કે રિસોર્ટમાં લઈ ગયેલા કોંગ્રેસના ધારાસભ્યો પણ ક્રોસ વોટિંગ કરીને ભાજપના ઉમેદવારને મત આપી શકે છે. કોંગ્રેસ પોતાના ધારાસભ્યોને સાચવવા માટે રૂપિયા આપ્યા છે. તેથી કોંગ્રેસે ભાજપ પર દોષારોપણ કરવાની જરૂર નથી.

રાજ્યસભા ચૂંટણીમાં એનસીપીનો મત કોંગ્રેસને જ મળશેઃ શંકરસિંહ વાઘેલા

નવસારી

રાજ્યસભાની ચૂંટણી પહેલા ફરી એકવાર રાજ્યમાં રાજકીય ઘમાસાણ ફેલાયું છે. રાજકીય તોડફોડ શરૂ થઈ છે. જેમાં કોંગ્રેસને દર વખતની જેમ જે ડર હતો તે જ થયું. ભાજપે રાજ્યસભાની ચૂંટણીમાં પાટીદાર ઉમેદવારને ટિકીટ આપીને ત્રીજું પાસું ખોલ્યું અને આ તરફ કોંગ્રેસમાંથી વિકેટો ખડવાનું શરૂ થઈ ગયું છે. બીજી બાજુ ચૂંટણી ટાણે સક્રિય થતા શંકરસિંહ બાપુને લઈને એક મોટા સમાચાર મળી રહ્યા છે. રાજ્યસભાની ચૂંટણીમાં શંકરસિંહ વાઘેલાએ એક મોટો દાવો કર્યો છે. શંકરસિંહ વાઘેલાએ ગુજરાતમાં ખરીદ-વેચાણ મામલે પોતાની પ્રતિક્રિયા આપતા જણાવ્યું કે, એનસીપીનો મત કોંગ્રેસને જ મળશે. એનસીપી હોર્સ ટ્રેડિંગથી અલિપ્ત છે.

આ વિશે મળતી માહિતી પ્રમાણે, નવસારી બિરસા મુંડા અધિકાર યાત્રા અંતર્ગત આવેલા શંકરસિંહ બાપુએ રાજ્યસભાની ચૂંટણીને લઈને એક મહત્વપૂર્ણ નિવેદન આપ્યું છે. ગુજરાતમાં ચાલી રહેલા ધારાસભ્ય ખરીદ વેચાણ મામલે પોતાની પ્રતિક્રિયા આપતા જણાવ્યું કે, એન.સી.પી.હોર્સ ટ્રેડિંગથી અલિપ્ત છે. એન.સી.પી.નો ધારાસભ્ય કોંગ્રેસના અધિકૃત ઉમેદવારને રાજ્યસભામાં મત આપશે.

પખવાણાની શાળામાં યુવક-યુવતીની લટકતી લાશ મળતા ચકચાર

પાલનપુર

બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકાના પખાણવા ગામથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. પખાણવા ગામની પ્રાથમિક શાળામાં પતરાના એંગલ સાથે યુવક-યુવતીની લટકતી લાશો મળી આવતાં સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

મળતી માહિતી મુજબ, પખાણવા ગામની પ્રાથમિક શાળા ખાતે પતરાના એંગલ સાથે ગળે ફાંસો ખાઈને યુવક-યુવતીએ આત્મહત્યા કરી લીધી છે. યુવક-યુવતીની લટકતી લાશો જોઈને સ્થાનિક લોકોએ પાલનપુર તાલુકા પોલીસને જાણ કરી હતી. ડબલ સુસાઈડની જાણ થતાં જ તાલુકા પોલીસ પખાણવા ગામે પહોંચીને તપાસ હાથ ધરી હતી.

પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે યુવક અને યુવતીએ પ્રેમ સંબંધમાં ગળે ફાંસો ખાઈ લીધા છે. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે યુવક અને યુવતી પખાણવા ગામના જ રહેવાસી છે. મૃતક યુવકનું નામ જીતેન્દ્ર અહીણીયાતર અને મૃતક યુવતીનું નામ પાયલ ખેંચતી છે. બંનેએ પ્રેમ સંબંધના કારણે આત્મહત્યા કરતાં સમગ્ર ગામમાં માતમ છવાઈ ગયો છે. પાલનપુર તાલુકા પોલીસ ઘટનાસ્થળે પહોંચીને લાશોનો કબજો લઈ પોસ્ટમોર્ટમ માટેની કાર્યવાહી હાથ ધરી રહી છે. આ ઉપરાંત બંનેના આત્મહત્યાના ચોક્કસ કારણો જાણવા માટે વધુ તપાસ હાથ ધરી છે.

ભાજપે કોંગ્રેસના ધારાસભ્યોને ૬૫ કરોડમાં ખરીદ્યાઃ ચાવડાનો આક્ષેપ

વિધાનસભામાં ભાજપ અને કોંગ્રેસના ધારાસભ્યો વચ્ચે આક્ષેપબાજી કરવામાં આવી છે. જે દરમિયાન ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા હતા. અમિત ચાવડાએ ગૃહમાં ગંભીર આક્ષેપ કરતા જણાવ્યું હતું કે મુખ્યમંત્રીના બંગલે ૪ ધારાસભ્યો ૬૫ કરોડમાં ખરીદવામાં આવ્યા હતા. મુખ્યમંત્રી કહેતા હતા કે અમે ભ્રષ્ટાચાર કરતા નથી. પરંતુ ગુજરાતના એક સમાચારપત્રમાં લખાયું છેકે ૬૫ કરોડમાં સોદો થયો અને આ સોદો સીએમ હાઉસ ખાતે થયો હોય તો આ રૂપિયા આવ્યા ક્યાંથી તેનો જવાબ આપવામાં આવે.

કોંગ્રેસ પોતાના ધારાસભ્યોને સાચવી નથી શકતી અને અમારા પર આક્ષેપ કરે છે

અમિત ચાવડા દ્વારા ખરીદ-વેચાણના આક્ષેપ કરવામાં આવતા મુખ્યમંત્રી વિજય રૂપાણી અકળાઈ ઉઠ્યા હતા. અમિત ચાવડાના જવાબમાં તેમણે જણાવ્યું હતું કે, કોંગ્રેસ પોતાના ધારાસભ્યોને સાચવી શકતી નથી અને અમારા પર આક્ષેપ કરે છે. નીતિનભાઈને ૧૫ ધારાસભ્ય લઈને આવવાની વાત કરતા હતા હવે એમના જ ધારાસભ્ય બચાવી શકતા નથી. વિરજીભાઈ બુમો પાડીને કહેતા હતા કે નીતિનભાઈ ૧૫ ધારાસભ્યો લઈને આવો એ તમે શું કરતા હતા.

રાજ્યસભાની ચૂંટણીઃ ફોર્મની ચકાસણી પૂર્ણ, ચૂંટણી અધિકારીએ ફોર્મ મંજૂર કર્યા

રાજ્યસભાની ચૂંટણી માટે હવે ગણતરીના દિવસો જ બાકી છે, ત્યારે ભાજપ અને કોંગ્રેસના કુલ ૫ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે. ત્યારે રાજ્યસભાની ચૂંટણી માટે તમામ ઉમેદવારોએ ભરેલા ફોર્મની ચકાસણી પૂર્ણ થઈ ગઈ છે. રાજ્યસભાની ચૂંટણી માટે તમામ ઉમેદવારોના ફોર્મ માન્ય રાખવામાં આવ્યા છે. પાંચેય ફોર્મ રાજ્યસસભાના ચૂંટણી અધિકારીએ મંજૂર કર્યા છે. ભાજપના ૩ અને કોંગ્રેસના ૨ ઉમેદવારના ફોર્મ માન્ય રાખવામાં આવ્યા છે.

કોંગ્રેસના અમુક ધારાસભ્યોને વજનના ભારોભાર ખરીદવામાં ભાજપ સફળઃ ધાનાણી

વિધાનસભામા ધાનાણીએ કહ્યું હતું કે કોંગ્રેસના અમુક ધારાસભ્યોને વજનના ભારોભાર ખરીદવામાં ભાજપ સફળ થયો છે. ૧૪મીની રાત્રે મુખ્યમંત્રીના ઘરે ભારોભાર તોલી લીધા હતા. તેમણે જનતાના મેન્ડેટનો અનાદાર કર્યો છે. ધાનાણીએ આડકતરી રીતે સ્વીકારતા કહ્યું છેકે અમે હારીશું પણ અંત સુધી લડીશું. પરેશ ધાનાણી ગૃહમાં જણાવ્યું હતું કે કમલમમાં કોરોનાના બદલે તોડોના ચાલે છે. જે પાંચ રાજ્યોને ભરખી ગયો છે. ઘરના બંદરને પૂરીને રાખ્યા અને બહારના બંદરને પંદર-પંદર, ભાજપના ધારાસભ્યો ગૃહ બહાર આવી વાતો કરી રહ્યાં છે.

ધારાસભ્ય છોટુ વસાવાની તબીયત અચાનક લથડતા હોસ્પિટલે ખસેડાયા

રાજ્યસભામાં ચૂંટણીનો માહોલ છે પરંતુ ચૂટણીના સમયે ઝગડીયાના ધારાસભ્ય છોટું વસાવાની તબીયત લથડી. જેના કારણે તેમને તાત્કાલીક ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. મળતી માહિતી મુજબ તેમને આંતરડામાં તકલીફ હોવાને કારણે તેને હોસ્પિટલમાં એડમિટ કરાયા છે અને હાલ તેઓ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

કોંગ્રેસને વધુ એક ઝટકોઃ ડાંગ ધારાસભ્ય મંગળ ગાવિતનું રાજીનામું

ગાંધીનગર

રાજ્યસભાની ચૂંટણી યોજાય તે પહેલાં કોંગ્રેસના ધારાસભ્યોના ટપોટપ રાજીનામા પડી રહ્યાં છે. ગઇ કાલે ચાર ધારાસભ્યો ભાજપની શામ, દામ, દંડ-ભેદની નીતિની જાળમાં સપડાયેલાં ચાર કોંગ્રેસી ધારાસભ્યોએ પક્ષની વંડી ઠેકીને હાથનો સાથ છોડ્યો ત્યારે આજે ફરી એક ધારાસભ્યએ કોંગ્રેસ સાથે છેડો ફાડી રાજીનામું આપી દીધું છે. ડાંગના કોંગ્રેસી ધારાસભ્ય મંગળ ગાવિતે વિધાનસભાના સ્પીકરના ઘરે જઈને પોતાનું રાજીનામું ધરી દીધું છે. આ સાથે જ ગુજરાત વિધાનસભામાં કોંગ્રેસનું સંખ્યાબળ સંખ્યા ૬૮ થઈ ગઈ છે. ગઇ કાલે જે.વી.કાકડિયા (ધારી), સોમા ગાંડા પટેલ (લિંબડી), પ્રદ્યુમ્નસિંહ જાડેજા (અબડાસા), પ્રવિણ મારૂ (ગઢડા) આ રાજીનામુ આપ્યું હતું. આ જોતાં કોંગ્રેસના ધારાસભ્યોનું સંખ્યાબળ ઘટતાં ભાજપની ત્રણેય બેઠકો અકબંધ રહે તેવી શક્યતા પ્રબળ જણાઇ રહી છે. કોંગ્રેસના ચારેય ધારાસભ્યોએ વિવિધ શરતો મૂકી હતી તે તમામ શરતો આધારે રાજકીય સોદાબાજી કર્યા બાદ રાજીનામા આપ્યા હતાં. કોંગ્રેસના ધારાસભ્યોના એક પછી એક રાજીનામા બાદ ગુજરાતનુ રાજકારણ ગરમાયુ છે. અત્યારે પરિસ્થિતી જોતાં કોંગ્રેસની બે બેઠકો પૈકી એક બેઠક પર હાર નિશ્ચિત મનાઇ રહી છે.આ વખતે ભાજપ ત્રણેય બેઠકો જાળવી રાખશે તે નક્કી છે.

મતદારો સાથે ગદ્દારી કરતા ધારાસભ્યો સામે દેશદ્રોહનો કેસ ચલાવો

રાજ્યસભા ચૂંટણી જીતવા ભાજપે ગુજરાત કોંગ્રેસના ધારાસભ્યોને તોડવા માંડ્યા છે ત્યારે ગુજરાતના જ એક ધારાસભ્યે આક્ષેપ કર્યો છે કે, ગુજરાત કોંગ્રેસનો એક ધારાસભ્ય સો કરોડ રૂપિયામાં વેચાયો છે. ભારતીય ટ્રાઈબલ પાર્ટી(બીટીપી)ના ધારાસભ્ય છોટુ વસાવાએ ફેસબુક પોસ્ટ લખીને આ ચોંકાવનારો આક્ષેપ કર્યો છે. છોટુ વસાવાએ તો મતદારો સાથે ગદ્દારી કરનારાં ધારાસભ્યો સામે દ્રેશદ્રોહની કલમ લગાવી પગલાં ભરવાની માંગ પણ કરી છે. છોટુ વસાવાએ ફેસબુક પોસ્ટમાં લખ્યું છે કે, મતદારોએ જેમને મત આપીને ચૂંટીને ધારાસભ્ય બનાવ્યાં છે તેઓ ચૂંટણી જીત્યા બાદ માત્ર થોડાક રૂપિયા ખાતર વેચાઈ જાય છે. આવા ધારાસભ્ય અને સાંસદો પર દ્રેશદ્રોહનો આરોપ લાગવો જોઈએ.

જીપીસીબીના પૂર્વ અધિકારી અતુલ ગઢિયાએ ટ્રેન નીચે ઝંપલાવી આપઘાત કર્યો

રાજકોટ

ગુજરાત પોલ્યૂશન કન્ટ્રોલ બોર્ડના પૂર્વ અધિકારીએ ટ્રેન નીચે ઝંપલાવીને આપઘાત કર્યાનો મામલો સામે આવ્યો છે. મળતી માહિતી મુજબ, GPCBના પૂર્વ અધિકારી અતુલ ગઢિયાએ ટ્રેન નીચે ઝંપલાવી આપઘાત કર્યો છે.

અતુલ ગઢિયાએ કાલાવાડ રોડ અન્ડરબ્રિજ ખાતે રેલવે ટ્રેક પર ટ્રેન નીચે ઝંપલાવતાં તેમનું ઘટનાસ્થળે જ મોત થયું છે.

રેલવે પોલીસને ઘટનાની જાણ થતાં ઘટનાસ્થળે પહોંચી લાશનો કબ્જો લઈ તેને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપવામાં આવી છે.

પ્રાથમિક તપાસમાં એ જાણવા નથી મળ્યું કે અતુલ ગઢિયાએ કયા કારણસર આત્મહત્યા કરી છે. રેલવે પોલીસ ઘટનાસ્થળે પ્રત્યક્ષદર્શીઓ અને આસપાસના લોકો સાથે પૂછપરછ કરીને ઘટના વિશેની જાણકારી મેળવી રહી છે. પોલીસ તેમના ઘરના સભ્યો સાથે ચર્ચા કરતાં આ રહસ્યમય આત્મહત્યા પરથી પડદો ઊંચકાવવાની શક્યતા છે.

મોરારિબાપુની કથા ૧૫ દિવસ મોકૂફ

અમરેલી

રાજુલામાં મહાત્મા ગાંધી આરોગ્ય મંદિર અને રામપરા વૃંદાવન બાગ આશ્રમના દ્વારા રામકથાનું આયોજન કરાયું છે. જેમાં મોરારિબાપુના વ્યાસાસનેથી હજારોની સંખ્યામાં શ્રાવકો કથાનો લાભ લઇ રહ્યા હતા. પરંતુ કોરોના વાઈરસને કારણે પહેલી વાર બાપુએ કથાને સ્થગિત કરી છે. આગામી ૧૫ દિવસ માટે કથાને વિરામ આપ્યો છે. બધુ સરખું થઈ જાય પછી ૧ એપ્રિલથી ફરી કથા શરૂ કરવામાં આવશે.

કથાનો આજે ત્રીજો દિવસ છે. પહેલા દિવસે જ કથાના આરંભે બાપુએ જણાવ્યું હતું કે કોરોનાથી સાવચેત રહો, ડરવાની જરૂર નથી, કંઇ તકલીફ લાગશે તો હું કથા બંધ કરી દઈશ. કાંતિભાઇ તેના ઘરે અને હું તલગાજરડા. મને આખા વિશ્વની ચિંતા છે. જરૂર પડશે તો કથા બંધ પણ રાખીશું.

પોલીસે દારૂ-બિયરના જથ્થા સાથે ફોર્ચ્યુનર ઝડપીઃ કાર ચાલક ફરાર

વડોદરા

વડોદરા જીલ્લા એલસીબીએ કરજણ તાલુકાના કણભા ગામથી બોડકા ગામ તરફ જતાં રોડ પરથી વિદેશી દારૂ અને બીયરના જથ્થો ભરેલી ફોર્ચ્યુનર કાર ઝડપી પાડી છે અને ૧.૮૦ લાખના દારૂ સહિત ૨૬.૮૦ લાખનો મુદ્દામાલ જમ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. કારનું રજીસ્ટ્રેશન પણ ન કરવામાં ન આવ્યું હોવાથી નવી કારમાં દારૂ લઈ જવામાં આવી રહ્યો હોવાનું જાણવા મળ્યું છે.

વડોદરા જીલ્લા એલસીબીએ બાતમીને આધારે કરજણ તાલુકાના કણભા ગામથી બોડકા ગામ તરફ જવાના રોડ ઉપર ફોર્ચ્યુનર કારને રોકી હતી. પોલીસને જોઈને કારચાલક ભાગી છૂટ્યો હતો. પોલીસે કારમાં તપાસ કરતા બીયરની ૩૧ પેટીઓ અને વિદેશી દારૂની ૨૨ પેટીઓ મળીને ૧,૮૦,૦૦૦ની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. એલસીબીએ દારૂનો જથ્થો, ફોર્ચ્યુનર કાર મળીને ૨૬,૮૦,૦૦૦નો મુદ્દામાલ કબજે કરીને પ્રોહીબિશનનો ગુનો નોંધી ફરાર થયેલા કાર ચાલકની શોધખોળ હાથ ધરી છે.



ચોકબજાર રાજા ઓવારા હુસેની મસ્જિદ (ઈબાદતખાનુ) નિર્માણ કરવા કુબેર ભંડારી મહાદેવ મંદિરના ટ્રસ્ટીઓ તથા લોક સમસ્યા નિદાન કેન્દ્ર દ્વારા મ્યુનિ. કમિ.ને આવેદન પત્ર પાઠવવામાં આવ્યું હતું.

ઓરિસ્સાના બ્રેનડેડ વ્યક્તિના અંગોનું દાન કરાતા પાંચને નવી જીંદગી સાંપડી

બ્રેનડેડ ૪૪ વર્ષીય બિપીન પ્રધાનના પરિવારજનોએ માનવતા મહેંકાવી

સુરત

સુરતના ભેસ્તાન સિદ્ધાર્થનગરમાં રહેતા અને વિવિંગ એકમમાં માસ્ટર તરીકેનું કામ કરતા બિપિન રઘુરામ પ્રધાન (ઉ.વ.૪૪) ૯ માર્ચના રોજ ઘરે જમવા માટે આવ્યો ત્યારે શરીરમાં બેચેની લાગતા તેને નજીકની કે.પી. સંઘવી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સીટી સ્કેન કરાવવામાં આવતા મગજની નસો ફાટી જવાને કારણે લોહીનો ગઠ્ઠો જામી ગયો હોવાનું બહાર આવતા વધુ સારવાર માટે સુમુલ ડેરી રોડની કિરણ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમ્યાન તે બ્રેનડેડ હોવાનું બહાર આવતા પ્રવાસી ઓરિસ્સા સમાજના પ્રમુખ પ્રદિપ શાહુ અને ડોનેટ લાઈફના પ્રમુખ નિલેશ માંડલેવાલનો સંપર્ક કરવામાં આવ્યો હતો. આ બન્ને પ્રધાનના પરિવારજનોને અંગ દાનની સમજ આપતા તેમણે અંગદાન કરવાનું નક્કી કર્યુ હતું. સુરતથી મુંબઈ ૨૯૮ કિમીનું અંતર ૧૦૦ મિનિટમાં કાપી પ૬ વર્ષીય મહિલામાં હૃદય ટ્રાન્સપ્લાન કરાયું હતું. જ્યારે તેમની બંને કીડને ૪૬ વર્ષીય મહિલાને શરીરમાં ટ્રાન્સપ્લાનટ કરવામાં આવી હતી. જ્યારે અમદાવાદમાં આઈ.કે.ડી.આર.સી હોસ્પિટલમાં ૫૦ વર્ષના વ્યક્તિના શરીરમાં લીવરનું ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું હતું. જ્યારે ચક્ષુઓનું દાન સુરતની લોકદ્રષ્ટિ ચક્ષું બેંકને કરવામાં આવ્યું હતું.

કિરણ હોસ્પિટલથી એરપોર્ટ સુધીના સત્તર કિમીના માર્ગને ગ્રીન કોરીડોર બનાવવા શહેર પોલીસે સહયોગ આપ્યો હતો. જ્યારે કિડની અને લિવર માટે ગ્રામ્ય પોલીસનો સહયોગ મળ્યા હતો. એ રીતે બિપિન રઘુ પ્રધાનના અંગદાનથી પાંચ લોકોને નવજીવન મળ્યું હતું.

કુટણખાનાનો પર્દાફાશઃ ૪ યુવતી, ત્રણ ગ્રાહક સહિત આઠ ઝડપાયા

વડોદરા

વડોદરા શહેરના મુજમહુડા સિલ્વર આર્કેડ કોમ્પ્લેક્ષમાં બે ફ્લેટમાં ચાલતા કુટણખાનાનો પોલીસે દરોડો પાડી પર્દાફાશ કર્યો છે. પોલીસે દરોડા દરમિયાન ૪ યુવતીઓ અને ૩ ગ્રાહકો સહિત ૮ વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી છે. કુટણખાના સંચાલકો ગ્રાહકો પાસેથી રૂપિયા ૩ હજાર વસૂલ કરતા હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.

જે.પી. પોલીસ સ્ટેશનના પી.આઈ. ડી.કે. વાઘેલાએ જણાવ્યું હતું કે, મુજમહુડા સિલ્વર આર્કેડ કોમ્પ્લેક્ષના બી ટાવરના ત્રીજા માળે ફ્લેટ નંબર૨-૩૦૩, ૩૦૪માં વિપુલગીરી ચતુરગીરી ગોસ્વામી દેહવ્યાપારનો ધંધો કરતો કરતો હોવાની માહિતી મળી હતી. જે માહિતીના આધારે રવિવારે મોડી રાત્રે દરોડો પાડવામાં આવ્યો હતો. દરોડા દરમિયાન શરીર સુખ માણવા માટે આવેલા ભાવેશ ગોવિંદભાઈ રાઠોડ (રહે.સરદાર સોસાયટી, વડસર), મેહુલ વિઠ્ઠલભાઈ રાઠોડ (રહે. વસંતવિહાર સોસાયટી, વડસર, વડોદરા) અને વિશાલ વિષ્ણુભાઈ દવે (રહે. મારૂતિ હા.સો., વડસર, વડોદરા)ની ધરપકડ કરવામાં આવી છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, દરોડા દરમિયાન સુત્રાધાર વિપુલગીરી ગોસ્વામી મળી આવ્યો નથી. પરંતુ તેનો સાગરીત મહંમદરઝાઉલ ઉર્ફ બબલુ અબ્દુલકરીમ શેખ (રહે. પશ્ચિમ બંગાળ)ની ધરપકડ કરવામાં આવી છે. મહંમદરઝાઉલ ઉર્ફ બબલુ શેખે પૂછપરછમાં જણાવ્યું છે કે, નેપાળ અને રાજસ્થાનથી ૪ યુવતીઓને લાવવામાં આવી હતી. અને તેઓને ફ્લેટમાં જ રહેવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. ગ્રાહકો પાસેથી રૂપિયા ૩ હજાર રૂપિયા વસૂલ કરીને તેઓને યુવતીઓ સોંપવામાં આવતી હતી. દરોડા દરમિયાન યુવતીઓની પણ ધરપકડ કરવામાં આવી છે.

ભેદ ઉકેલાયોઃ યુવતીએ પ્રેમી સાથે મળી રાજકોટના યુવાનની હત્યા કરી હતી

જૂનાગઢ

રાજકોટ રહેતા મનોજભાઈ કાંતીલાલ સીમેજીયાની ૧૨ માર્ચના રોજ મેંદરડા પાસેનાં સાસણનાં જંગલમાં કાંઠાળા નેસ્ટ જતા રસ્તે અવાવરૂ જગ્યાએથી મૃતદેહ મળી આવ્યો હત્યો. આથી પોલીસે મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે મોકલતા મૃતકની હત્યા થયાનો રિપોર્ટ આવ્યો હતો. હત્યા પાછળ ધારીનાં હિંમત મહેતા અને રાજકોટની વર્ષાનો હાથ હોવાનું સામે આવ્યું છે. બંનેએ પૂરાવાનો નાશ કરવા જંગલમાં લાશ મુકી આવ્યા હતા. બાદમાં બંને ફરાર થઈ ગયા હતા. આથી પોલીસે બંનેની ધરપકડ કરી લીધી છે.

આ અંગે મેંદરડાના પીએસઆઈ એ. બી. દેસાઈએ તપાસ કરતાં અને મૃતકનાં પરિવારજનોનાં નિવેદન લેતા રાજકોટની વર્ષા નામની મહિલા અને ધારીનો હિંમત મહેતાએ મનોજભાઈની હત્યા કર્યાનો ઘટસ્ફોટ થયો હતો. આ અંગે ૧૫ માર્ચે સાંજે મેંદરડા પોલીસે મૃતકનાં પુત્ર રજનીકાંત સીમેજીયાએ વર્ષા અને હિંમત સામે મનોજભાઈની હત્યાની ફરીયાદ કરતા ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. હત્યાનાં આ બનાવમાં વર્ષા અને હિંમત મહેતા વચ્ચે આડાસંબંધ હોય જેના કારણે પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા બંનેએ કાવતરૂ રચી વર્ષાએ મૃતક મનોજભાઈને ફરવાનાં બહાને હિંમત સાથે મોકલ્યો હતો. બાદમાં બંનેએ સાસણના જંગલમાં અવાવરૂ જગ્યાએ મનોજને મારી નાખી મૃતદેહનો નાશ કરવા મૃતદેહને જંગલમાં મુકી પુરાવાનો નાશ કરીને વર્ષા અને હિંમત નાસી ગયા હતાં.

યુવતીનું નકલી એફબી એકાઉન્ટ બનાવી ચેટિંગ કરતો ભેજાબાજ ઝડપાયો

વડોદરા

વડોદરા શહેરમાં એક સામાજિક સંસ્થામાં સમાજ સેવાનું કામ કરતી યુવતીનું ફેક ફેસબુક એકાઉન્ટ બનાવી તેના ફેસબુક મિત્રો સાથે ચેટિંગ કરતા ભેજાબાજની ક્રાઇમ બ્રાંચે ધરપકડ કરી છે. ભેજાબાજે યુવતીના ફોટા ફેક ફેસબુક આઈ.ડી. અને વોટ્સએપના ડી.પી. ઉપર મૂક્યા હતા.

સાઈબર ક્રાઈમમાંથી મળેલી માહિતી પ્રમાણે વડોદરા શહેરમાં સામાજિક સંસ્થા ચલાવતી સંસ્થામાં ભાવનાબહેન(નામ બદલ્યું છે.) સમાજ સેવાનું કામ કરે છે. જાન્યુઆરી-૨૦૨૦માં ભાવનાને તેના મિત્રોએ જણાવ્યું હતું કે, તારા ફોટાનો ઉપયોગ કરીને કાશ્મિરા પટેલ(નામ બદલ્યું છે) ફેક ફેસબુક એકાઉન્ટ બનાવ્યું છે. અને ડી.પી. ઉપર તારો ફોટો મૂક્યો છે. તેમજ વોટ્સએપ ડી.પી. ઉપર પણ તારો ફોટો મૂકીને તારા ફેસબુક મિત્રો સાથે ચેટિંગ કરી રહ્યો છે.

મિત્રો પાસેથી માહિતી મળતા ભાવના ચોંકી ઉઠી હતી. અને પ્રાથમિક તપાસ કરીને ૨૯-૨-૦૨૦ના રોજ સાઈબર ક્રાઈમમાં ફેક ફેસબુક એકાઉન્ટ ખોલીને ફોટાનો ઉપયોગ કરનાર ભેજાબાજ મોઈન સાહીર મન્સુરી(૨૬) (મૂળ રહે. કાળીડોડી, નસવાડી, હાલ, ૯૮, ગાયત્રીનગર સોસાયટી, રાજકોટ મશીનરીની ગલીમાં, છોટાઉદેપુર રોડ, બોડેલી) સામે અરજી આપી હતી. જે અરજીના આધારે સાઈબર ક્રાઈમના પી.આઈ. વી.આર. વાણીયા, પી.એસ.આઈ. પી.એમ. રાખોલીયા, અ.હે.કો. જીગ્નેશભાઈ, પો.કો. કુલદીપસિંહ વિગેરે તપાસ શરૂ કરી હતી.

બાવળામાં ખૂલ્લા ખેતરમાં ૩૦૦૦થી વધુ દિવ્યાંગોની સાયકલ ધૂળ ખાય છે

અમદાવાદ

રાજયમાં વધુ એક સાયકલ કૌભાંડની ગંધ આવી છે. ગુજરાતના બાવળામાં ખુલ્લા ખેતરમાં દિવ્યાંગોની સાયકલ ધૂળ ખાતી હાલતમાં જોવા મળી હતી. ખુલ્લા ખેતરમાં ૩૦૦૦થી વધુ દિવ્યાંગોની સાયકલ ધૂળ ખાતી જોવા મળતા ખળભળાટ મચ્યો છે. દિવ્યાંગ લાભાર્થીઓ માટેની સાયકલ ભંગાર હાલતમાં જોવા મળી હતી. લાભાર્થીઓને ન મળેલી સાયકલ ચોરાઈ જવાનો ભય દેખાઈ રહ્યો છે.

આ વિશે મળતી માહિતી પ્રમાણે, બાવળા ખાતે વિકલાંગોને સહાય માટે આપવામાં આવતી ઈ-બાયસિકલ જે ઈલેક્ટ્રીક થી ચાલે વિકલાંગ સાયકલ મોટી સંખ્યામાં બાવળા નજીક ખુલ્લા ખેતરમાં હાલ ખરાબ થઈ રહી છે. ખુલ્લા ખેતરમાં ૩૦૦૦ જેટલી સાયકલો ભગવાન ભરોસે છે. જેમાંથી ઘણી સાયકલમાં ટયુબ પણ ફૂટી ગયા છે તો ઘણી સાયકલોના સ્પેરપાર્ટ્સ પણ તૂટી ગયા છે. બાવળામાં સરકારી અધિકારીઓની ઘોર બેદરકારી અને લાલિયાવાડી સામે આવી રહી છે.

બીજી બાજુ બાવળામાં ગૃહમંત્રી અમિત શાહ દ્વારા વિકલાંગ સહાયનું વિતરણ કરવાનું આયોજન કરાયું હતું. પરંતુ કોઈ અગમ્ય કારણસર આયોજન બંધ રહેતા હજારોની સંખ્યામાં લાવવામાં આવેલી બેટરીથી ચાલતી સાયકલ પેડલથી ચાલતી સાયકલ ધૂળ ખાતી નજરે પડી રહી છે. મોટાભાગની સાયકલમાંથી હવા પણ નીકળી ગઈ છે, બેટરી પણ ખરાબ જોવા મળી છે, ક્યાંક ટાયર પણ બહાર નીકળી ગયા છે.

કોડીનારમાં સિંહે યુવાન પર હુમલો કરતાં ખળભળાટ મચ્યો

ગીર સોમનાથ

કોડીનારના સોઢાયા ગામે સિંહે રામભાઈ રાજાભાઈ ભેડા નામના યુવાન પર હુમલો કર્યો હતો. યુવાન પોતાની વાડી વહેલી સવારે ખેતરમાં કામ કરી રહ્યો હતો. આ સમયે સિંહે અચાનક જ તેના પર હુમલો કરી દીધો હતો. સદનસીબે ઘરના સભ્યો આવી હાકલા પડકારા કરી સિંહને ખદેડી મુકતા યુવાનનો જીવ બચી ગયો હતો. ગંભીર રીતે ઘાયલ રામભાઈને સારવાર માટે કોડીનાર સરકારી હોસ્પિટલે ખસેડવામાં આવ્યો હતો.

ઘટનાની જાણ થતા જ વન વિભાગની ટીમ દોડી ગઈ હતી. હુમલો કરનાર સિંહને શોધખોળ હાથ ધરી છે. સિંહ દ્વારા માનવીઓ પર થતા હુમલા વધી રહ્યા છે. સોઢાયા ગામમાં સિંહના હુમલાથી ગ્રામજનોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.

વડોદરામાં અજાણ્યા વ્યક્તિનો મૃતદેહ મળતા ચકચાર

વડોદરા

વડોદરા શહેરના પાણીગેટ દરવાજા દરવાજામાંથી અજાણ્યા વ્યક્તિનો મૃતદેહ મળી આવ્યો છે. પોલીસે લાશનો કબજો લઈને પોસ્ટ મોર્ટમ માટે સયાજી હોસ્પિટલમાં મોકલી આપ્યો છે.

વડોદરા શહેરના પાણીગેટ દરવાજાની વચ્ચેની બેસવાની જગ્યા ઉપર મૃત હાલતમાં એક વ્યક્તિ હોવાની જાણ પાણીગેટ અને સીટી પોલીસ સ્ટેશનને થતાં તુરંત જ સ્ટાફ સ્થળ પર દોડી ગયો હતો. આ સાથે સ્થાનિક લોકો પણ ટોળે વળી ગયા હતા. પોલીસે ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવી મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે સયાજી હોસ્પિટલમાં મોકલી આપ્યો છે. મૃતક વ્યક્તિ ક્યાંનો રહેવાસી છે. તે અંગેની પોલીસને હજુ સુધી કોઈ માહિતી મળી નથી. સ્થાનિક લોકોના જણાવ્યા પ્રમાણે મરનાર કોઈ ભીક્ષુક હોવાનું મનાય છે. હાલ પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

પ્રેમસંબંધ તૂટતા પ્રેમીએ પ્રેમિકાના ઘરે જઈ ખર્ચેલી રકમ પરત માંગતા હંગામો

સુરત

સુરતમાં પ્રેમ સંબંધમાં બંધાયેલી યુવતીઓ માટે ચેતવણી તેમજ લાલબત્તી સમાન કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. સુરતના કિસ્સામાં પ્રેમ સંબંધ તોડી નાખ્યા બાદ પ્રેમી દ્વારા જે કૃત્ય કરવામાં આવ્યું તે ખરેખર ચોંકાવનારું છે. એક જ સમાજના યુવક-યુવતી વચ્ચે પ્રેમ સંબંધ બંધાયો હતો. જોકે, એક સામાન્ય બાબતે બંને વચ્ચે થયેલા ઝઘડાને લઈને સંબંધ તૂટતા પ્રેમીએ પ્રેમિકા પાછળ ખર્ચેલા ૫૦ હજારની માંગણી કરી તેના ઘરે પહોંચીને હંગામો મચાવ્યો હતો. સાથે યુવતીના ફોટો વાયરલ કરવાની ધમકી આપતા આખો મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો. જે બાદમાં યુવતીએ આ યુવક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

બંને પ્રેમ સંબંધ બાદ અનારનવાર સાથે ફરવા પણ જતા હતા. એક દિવસ યુવાને યુવતીને પોતાની સાથે એક લગ્ન પ્રસંગમાં ગામમાં સાથે જવાની વાત કરી હતી. જોકે, યુવતીએ આ બાબતે ઈકાર કરતા બંને વચ્ચે ઝઘડો થયો હતો. આ ઝઘડો એટલી હદે વધી ગયો હતો. યુવકે યુવતી સાથે તમામ સંબંધો તોડી નાખ્યા હતા અને યુવતી સાથે ફરવા પાછળ થયેલા ખર્ચ રૂપિયા ૫૦ હજાર પાછા આપવા માટે કહ્યું હતું. જો રૂપિયા પરત નહીં આપે તો યુવતી સાથેના અંગત ફોટોગ્રાફ વાયરલ કરી સમાજમાં બદનામ કરવાની ધમકી પણ આપી હતી. ગત ૧૨મીએ યુવક આ યુવતીના ઘરે પહોંચી ગયો હતો અને યુવતીના પરિવારની હાજરીમાં હંગામો મચાવ્યો હતો. યુવતીના માતા-પિતાને જીવથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. જે બાદમાં યુવતી કતારગામ પોલીસ મથકે પહોંચી હતી અને આરોપી યુવક સુનિલ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

ઘરના બંધ રૂમમાંથી યુવાનનો મૃત દેહ મળ્યોઃ પરિવારે માર માર્યાનો આક્ષેપ કર્યો

સુરત

રાંદેરમાં હનુમાન ટેકરી ખાતે આવેલા ઘરના અંદરથી બંધ રૂમમાંથી યુવાન મૃત હાલતમાં મળી આવ્યો હતો. યુવાનનું મોત પ્રેમિકાના ભાઈઓએ માર માર્યો હોવાથી થયું હોવાનું પરિવારે આરોપ મુકતા પોલીસે ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. મૃતક દેવદાસ માંગુલાલ જાદવને પૂર્વ પ્રેમિકાના ભાઈઓએ શનિવારના રોજ ઘર બહાર જ માર માર્યા બાદ તે અંદરની દુઃખાવાથી પીડિત હોવાનું પરિવારે જણાવ્યું હતું. કલરકામ કરતા દેવદાસને ૫-૬ દિવસ પહેલાં પણ માર મરાયો હતો. પોસ્ટમોર્ટમ બાદ દેવદાસના શરીરમાંથી અંદરની મારના નિશાન પણ મળી આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. જોકે, હજી સુધી આ બાબતે પોલીસે કોઈ સમર્થન આપ્યું નથી. કલ્પનાબેન મોરે (દેવદાસના બહેન) એ જણાવ્યું હતું કે, ૨૦ વર્ષ પહેલાં દેવદાસ માગુલાલ જાદવ (ઉ.વ.૪૦) ને ઘર સામે રહેતી એક યુવતી સાથે પ્રેમ થઈ ગયો હતો. બન્ને એકબીજાના પ્રેમમાં હતા. જોકે, યુવતીના પરિવારને આ પ્રેમની જાણ થઈ જતા દેવદાસને માર મરાયો હતો. ત્યારબાદ બન્નેએ પરિવારની મરજીથી અલગ અલગ પાત્ર સાથે લગ્ન પણ કરી લીધા હતા. જોકે, પિયર આવતી મહિલાને દેવદાસ મળવાનો પ્રયાસ કરતો હોવાના વહેમમાં મહિલાના ભાઈઓ અવાર નવાર ધમકાવતા હતા. જેને લઈ દેવદાસ રસ્તો બદલી કામે જતો હતો. તેમ છતાં પૂર્વ પ્રેમિકાના ભાઈઓ કોઈ પણ સુખ દુઃખના પ્રસંગમાં દેવદાસને માર મારી જ લેતા હતા. એકવાર તો છાતિમાં ચપ્પુ પણ હુલાવી દીધું હતું. જોકે, નસીબનો બળીયો દેવદાસ બચી ગયો હતો.

પોલીસ કોન્સ્ટેબલે પોલીસમાં નોકરી અપાવવાની લાલચ આપી છ લાખ પડાવ્યા

ભાવનગર

ગુજરાતમાં પ્રજાની સલામતી અને સુરક્ષાની જવાબદારી જેમના શિર છે તે પોલીસ જવાનો જ હાલ ગુનાના કૃત્યમાં સંડોવાયેલા જોવા મળી રહ્યા છે. ગઈકાલે વડોદરામાં પોલીસ જવાને એકાંતમાં મિત્ર સાથે બેસેલી યુવતી પર દુષ્કર્મ આચર્યું હતું. તો ભાવનગરમાં એક પોલીસ હેડ કોન્સ્ટેબલે પોલીસમાં નોકરી આપવાની લાલચ આપીને છ લાખ રૂપિયા પડાવી લઈ છેતરપીંડિ કરી હોવાની ફરિયાદ નોંધાતા પોલીસ બેડામાં ખળભળાટ મચી જવા પામ્યો હતો. પોલીસે આ મામલે આરોપી હેડ કોન્સ્ટેબલની ધરપકડ કરી છે.

સરકારી નોકરી મેળવવા માટે લોકો ટૂંકો રસ્તો અપનાવતા હોય છે અને તેનો લાભ લેભાગુ તત્વો લઈ જતા હોય છે. જો કે અહીયાં તો ખુદ પોલીસ હેડ કોન્સ્ટેબલ જ પોલીસમાં નોકરી અપાવવાના બહાને છ લાખ રૂપિયા પડાવી લીધા હતા. અને નોકરી ના અપાવતા આખરે આ હેડ કોસ્ટેબલ હાલ પોલીસ સકંજામાં આવી ગયો છે. ભાવનગર શહેરના મહેબુબભાઈ હસનભાઈ સોલંકીએ ભાવનગર નિલમબાગ પોલીસ સ્ટેશનમાં ગત, ૧૪ ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ એવા મતલબની ફરિયાદ નોંધાવી હતી કે જે તે સમયે મહુવા તાલુકાના મોટા ખુંટવડા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હેડ કોસ્ટેબલ કિરણસિંહ મનુભા ઝાલા તેમજ તેમની સાથે દિલીપસિંહ ઝાલા, કિંજલ ઝાલા, મુકેશ ચૌધરી, વૈભવ જાની તેના દીકરા તેમજ ભત્રીજાને પોલીસમાં નોકરી અપાવવાના બહાને જુદા જુદા સમયે છ લાખ રૂપિયા પડાવી લઈ અને નોકરી નહીં આપી છેતરપીંડી કરી હતી. જેના અનુસંધાને પોલીસે આરોપી પોલીસ હેડકોસ્ટેબલ કરણસિંહ ઝાલાને ઝડપી લઈ અને કોર્ટમાં રજુ કરતા કોર્ટે ત્રણ દિવસના રીમાન્ડ મંજુર કર્યા છે.

ગુજરાતી ફિલ્મોમાં કામ કરનાર કોમેડિયન કેસ્ટો ઈકબાલનું અકસ્માતમાં મોત

વડોદરા

૧૦૦થી વધુ ગુજરાતી ફિલ્મોમાં કામ કરનાર કોમેડિયન કેસ્ટો ઈકબાલ અને તેમના મિત્રનું વડોદરા નજીક નેશનલ હાઈવે ઉપર અજાણ્યા વાહનની ટક્કરે મૃત્યુ થયું છે. કેસ્ટો ઈકબાલ ફિલ્મનું શૂટિંગ પતાવીને વડોદરા આવી રહ્યા હતા. તે સમયે અકસ્માત થયો હતો.



મૂળ ડભોઈના સુંદરકુવા ગામના ઈકબાલ અહેમદ મન્સુરી(૬૧) ગુજરાતી ફિલ્મોમાં કોમેડિયન તરીકે કામ કરતા હતા. તેઓ ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝમાં કેસ્ટો ઈકબાલના નામથી જાણીતા હતા. કેસ્ટો ઈકબાલ રવિવારે તેમના મિત્ર કાદર ગુલામ રસુલ મન્સુરી(૫૧, રહે સી-૯, શ્રી એપાર્ટમેન્ટ, સંગમ ચાર હરણી રોડ, વડોદરા)ના નિમેટા પાસે પારસીપુરા ગામ પાસે ફાર્મ હાઉસમાં ગયા હતા. જ્યાં કેસ્ટો ઈકબાલની ગુજરાતી ફિલ્મનું શૂટિંગ ચાલતુ હતું. શૂટિંગ પતાવીને મોડી રાત્રે બંને વડોદરા તરફ ટુ-વ્હીલર પર પરત ફરી રહ્યા હતા, ત્યારે નેશનલ હાઈવે નં-૪૮ ઉપર વાઘોડિયા બ્રિજથી કપૂરાઈ બ્રિજ તરફ જવાના રસ્તા પર જય જલારામ ફેબ ફરાસખાના પાસે ટુ-વ્હીલરને અજાણ્યા વાહને ટક્કર મારી હતી. જેમાં બંનેના ઘટના સ્થળે જ મોત નીપજ્યા હતા.

હોજીવાલા ઈન્ડસ્ટ્રીઝમાં પ્લાસ્ટિકની ફેક્ટરીમાં ભીષણ આગ ફાટી નીકળી



જેસીબી મશીનથી દિવાલ તોડી ફાયર ફાયટરોએ પાણીના મારો ચલાવ્યો

સુરત

સચિન હોજીવાલા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં પ્લાસ્ટિકની ફેકટરીમાં અચનક આગ ફાટી નીકળતા ભાગદોડ મચી ગઈ હતી. ઘટનાની જાણ બાદ ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી આગ પર પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લેવામાં જોતરાઈ ગઈ હતી. જોકે, પ્લાસ્ટિકની ફેક્ટરીમાં લાગેલી આગના કાળા ધુમાડા આકાશમાં દેખાતા સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો.

ફાયર ફાયટરને રમેશભાઈએ જણાવ્યું હતું કે, ફેક્ટરીથી થોડે દુર તેમની ચા-નાસ્તાની લારી છે. આગ લાગતા મજૂરો બહાર નીકળી ગયા હતા.એક મજૂર દોડીને આવ્યો અને બોલ્યો કે, ફેકટરીમાંઆગ લાગી ગઈ છે.એ સાંભળીતાત્કાલિક ફાયરને જાણ કરી દીધી હતી. ગણતરીની મિનિટોમાં જ ફાયરની ટીમ દોડી આવી હતી અને આગને કાબુમાં લેવાનો પ્રયાસ શરૂ કરી દીધો હતો.

આગના કોલ બાદ ઘટના સ્થળે ફાયર વિભાગનો કાફલો દોડી ગયા હતા. સચિન ફાયર વિભાગના જવાનોએ બંધ ગોડાઉનની દિવાલને JCB મશીનથી તોડી આગ પર કાબુ મેળવવાનો પ્રયાસ શરૂ કર્યો હતો. ગણતરીના સમયમાં ફાયર ફાયટરોએ સતત પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવવામાં સફળતા મેળવી હતી.

છત્રપતિ શિવાજી મહારાજ પ્રતિમા સ્મારક અનાવરણ કાર્યક્રમ મોકુફ

કોરાના વાયરસના કારણે જાહેર સમારંભ સ્થગિત કરાયો

સુરત

સમગ્ર વિશ્વ માં ચાલી રહેલી કોરોના વાઇરસ બાબતે સતર્કતા અને બચાવ માટે આપના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર ભાઈ મોદી જી એ આહ્વાન કરયું છે કે સાર્વજનિક કાર્યક્રમો સ્થગિત કરવા જોઈએ. સ્વયં શ્રી પ્રધાનમંત્રી સાહેબ એ પોતાનો ગુજરાત નો પ્રવાસ સ્થગિત કર્યો છે. પ્રધાનમંત્રી શ્રી અને સરકાર ની વાત ને અનુસરતા ગુજરાત પ્રદેશ ભાજપ , સાંસદ શ્રી સી આર પાટીલ સાહેબ અને ધારાસભ્ય શ્રીમતી સંગીતા બેન પાટીલ દ્વારા છત્રપતિ શિવાજી સ્મારક સમિતિ ને તારીખ ૧૬ માર્ચ ૨૦૨૦ના રોજ યોજાનાર × છત્રપતિ શિવાજી મહારાજ પ્રતિમા× નું અનાવરણ કાર્યક્રમ મોકૂફ કરવા અનુરોધ કર્યો છે.

ભારતીય જનતા પાર્ટી, સાંસદ શ્રી અને ધારાસભ્ય શ્રી ની વાત ઉપર સર્વસંમતિ થી વિચાર વિમર્શ કરીને છત્રપતિ શિવાજી મહારાજ સ્મારક સમિતિ જાહેર કરે છે કે આ પ્રતિમા અનાવરણનો આજના સંજોગો જોઈ કાર્યક્રમ મોકૂફ રાખવામાં આવેલ છે.



સુરત એસટી વિભાગ કર્મચારી યુનિયન દ્વારા મધ્યસ્થ બસ સ્ટેશન ખાતે કોરોના વાયરસને લઈને મુસાફરો તેમજ સાથી સ્ટાફ મિત્રોની જાગૃતતા માટે તેમજ સફાઈ ઝુંબેશ માટેના એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

ઘોડીપાડા ખાતે કૃષિ પ્રદર્શનમાં કૃષિ પાક અંગે પરિસંવાદ યોજાયો

કૃષિ પ્રદર્શનનું વન રાજ્યમંત્રી પાટકરના હસ્તે ઉદ્‌ઘાટન

વલસાડ

વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના સાંસ્કૃતિક હોલ ઘોડીપાડા ખાતે કૃષિ મેળો-૨૦૨૦ અંતર્ગત ખેડૂત તાલીમ કેન્દ્ર-પારડી અને ખેતીવાડી શાખા-જિલ્લા પંચાયત વલસાડ દ્વારા આયોજિત પ્રાકૃતિક કૃષિ પાક પરિસંવાદ અને કૃષિ મેળો તથા પ્રદર્શનને વન અને આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી રમણલાલ પાટકર સહિત મહાનુભાવોના હસ્તે દીપપ્રાગટય કરીને શુભારંભ કરાયો હતો.

આ અવસરે આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી રમણલાલ પાટકરે જણાવ્યું હતું કે, ૨૦૨૨ સુધીમાં ખેડૂતની આવક બમણી કરવા માટે સરકાર દ્વારા અનેક પ્રયાસો કરાયા છે, વિવિધ યોજનાકીય સહાય આપી ખેડૂતોને મદદરૂપ બની રહી છે, ત્યારે દરેક ખેડૂતો આધુનિક ખેતી કરે તેવો અનુરોધ કરી રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવતી વિવિધ સહાયનો લાભ મેળવવા જણાવ્યું હતું. ખેડૂતોને દિવસ દરમિયાન વીજળી આપવાનો નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે, જેનો અમલ ટૂંક સમયમાં કરાશે. આ ઉપરાંત સોલાર પાવર થકી ખેડૂતો વિનામૂલ્યે વીજળી મેળવવાની સાથે ભવિષ્યમાં તેમાંથી આવક પણ મેળવી શકશે. આત્મા પ્રોજકટ હેઠળ કપરાડા-ધરમપુર વિસ્તારના અનેક ખેડૂતોને વૈજ્ઞાનિક ખેતી કરવાનું યોગ્ય માર્ગદર્શન મળતાં ત્યાંના ખેડૂતોએ વિવિધ ખેતીપાકોનું મબલખ ઉત્પાદન મેળવ્યું છે.

કોરોના વાઈરસથી બચવાનો ઈલાજ સાવચેતી છે, જેથી સૌ નાગરિકોને ચોખ્ખાઈ રાખી સંપૂર્ણ કાળજી રાખવા અનુરોધ કર્યો હતો. ગ્રામ્ય વિસ્તોરોમાં થતી આયુર્વેદિક વનસ્પતિ કડવી નાઈનો રસ પીવામાં આવે તો કોરોના સહિત કોઈપણ રોગ સામે રક્ષણ મળી શકે છે, તેમ તેમણે તેમના અનુભવોના આધારે જણાવ્યું હતું. ઉમરગામ તાલુકાના ૧૨૯ કુપોષિત બાળકોને ટૂંકા સમયમાં સુપોષિત કરવા માટેનું આયોજન કરાયું છે, જેમાં બાળકોના માતા-પિતા તેમજ તેમના પાલક વાલીઓને સહયોગ આપવા અનુરોધ કર્યો હતો.

વલસાડ કલેક્ટકર સી.આર.ખરસાણે ભારત ખેતી પ્રધાન છે અને ખેતીવાડી થકી ખેડૂતો પોતાનું જીવન નિર્વાહ કરી રહયા છે, તેમના માટે આ પ્રકારના કૃષિ મેળાઓ ખૂબ જ ઉપયોગી પુરવાર થશે. પ્રાકૃતિક ખેતી માટે યોજાયેલી તાલીમ થકી અનેક ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરતા થયા છે, જેના થકી ખેતીનો ખર્ચ ઘટતાં તેની આવકમાં પણ વધારો થયો છે. ઓનલાઈન પોર્ટલ ઉપર અરજી કરી રાજ્ય સરકારની સહાય મેળવવા જણાવ્યું હતું. નવજાત બાળકોનું સો ટકા રસીકરણ થાય તે માટે દરેક માતા-પિતા કાળજી રાખે તે આવશ્યક છે. કોરોના વાઈરસથી બચવા માટે દરેક નાગરિકોને સરકાર દ્વારા સૂચવાયેલા તકેદારીના પગલાં લેવા જણાવ્યું હતું. માતા અને બાળ મરણ ન થાય તે માટે પોષણયુક્ત આહાર લેવા, ઘરે ઉગાડેલી લીલા શાકભાજીનું સેવન કરવા તેમજ આરોગ્યની નિયમિત ચકાસણી કરવી જોઈએ. કુપોષણ સામે રક્ષણ મેળવવા આંગણવાડીમાંથી આપવામાં આવતા આહાર બાળકોને આપવો જોઈએ. કૃષિ મેળામાં આવેલા ખેડૂતો અલગ-અલગ પ્રકારના સ્ટોળમાંથી તેમજ કૃષિ વૈજ્ઞાનિકો પાસેથી જાણકારી મેળવી તે પ્રમાણે ખેતી કરવા જણાવ્યું હતું.

આ અવસરે બેટી-બચાઓ, બેટી પઢાઓ અંતર્ગત નાટક રજૂ કરાયું હતું. ખેડુતલક્ષી વિવિધ વિભાગો દ્વારા પ્રદર્શન યોજાયું હતું, જેનો ઉપસ્થિત ખેડૂતોએ લાભ લીધો હતો. કાર્યક્રમ બાદ મંત્રીશ્રી અને મહાનુભાવોએ કૃષિ પ્રદર્શનની મુલાકાત લીધી હતી.

નાયબ ખેતી નિયામક પ્રવિણ માંડાણીએ સ્વાગત પ્રવચનમાં સૌને આવકાર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, ખેતીવાડી વિભાગ દ્વારા ખેડૂતોને ખેતીલક્ષી તાલીમ આપી, કૃષિપ્રવાસો યોજીને આધુનિક ખેતી માટે પ્રોત્સોહિત કરવામાં આવે છે. ખેડૂત સધ્ધર થાય તે માટે સરકાર દ્વારા વિવિધ સહાય આપવામાં આવે છે, જેનો અનેક ખેડૂતોએ લાભ લીધો છે.

આ અવસરે વલસાડ કલેક્ટર, સી.આર.ખરસાણ, જિલ્લા વિકાસ અધિકારી અર્પિત સાગર, ખેતીવાડી અધિકારી એમ.એમ.પટેલ, મદદનીશ ખેતી નિયામક હેમંતભાઇ ચૌધરી, કૃષિ વૈજ્ઞાનિકો, વિવિધ ગામોના સરપંચો, અગ્રણી મુકેશભાઈ પટેલ, પ્રકાશભાઈ પટેલ, રામદાસભાઈ વરઠા, ખેતીવાડી વિભાગના કર્મીઓ, ખેડૂતો મોટી સંખ્યામાં હાજર રહયા હતા.

ઉછીના આપેલા પૈસાની ઉઘરાણી અંગે લોખંડના તવાથી હુમલો

રૂા.૩૦ હજારની ઉઘરાણી કરી મારી નાંખવાની ધમકી

સુરત

ત્રણેક વર્ષ પહેલાં ઉછીના આપેલા રૂપિયા ૩૦ હજારની ઉઘરાણીમાં લેણદારે દેવાદાર ઉપર લોખંડના તવાથી હુમલો કરી ઈજા પહોંચાડી રૂપિયા નહીં આપે તો જાનથી મારી નાંખવાની ધમકી આપવાનો બનાવ કતારગામ પોલીસ સ્ટેશને નોંધાયો હતો.

કતારગામ પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ કતારગામ સુમુલ ડેરી રોડ નિલકંઠ સોસાયટી ઘર નં.૭માં રહેતાં કિશનસિંગ રાજનંદ સિંગે આરોપી બબલુ કુમાર વિજયપ્રસાદ ગુમા (રહે. ક્ષેત્રપાળનગર, આશાપુરી સોસાયટી, પાંડેસરા) પાસેથી ત્રણ વર્ષ પહેલાં રૂપિયા ૩૦ હજારની રકમ ઉછીના લીધી હતી. આ રૂપિયાની ઉઘરાણી કરવા આવેલા આરોપી બબલુકુમારે ફરિયાદીની સાથે ઝઘડો કરી ઢીક મુક્કીનો માર મારી રોટલી બનાવવાના લોખંડના તવાથી માથાના ભાગે મારી ઈજા પહોંચાડી જાનથી મારી નાંખવાની ધમકી આપી નાસી ગયો હતો. કતારગામ પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

રાજ્ય સરકારના હુકમનો ભંગ

લીંબાયતની માઉન્ટ મેરી શાળા ચાલુ રાખતા વાલીઓનો વિરોધ

વાલીઓ દ્વારા જિલ્લા શિક્ષણાધિકારીને ફરિયાદ કરાઈ

સુરત

વિશ્વમાં ફેલાયેલા કોરોના વાઈરસના કારણે લોકોમાં ફફડાટ વ્યાપી ગયો છે. ત્યારે અગમચેતીના ભાગરૂપે રાજ્ય સરકાર દ્વારા રાજ્યના તમામ મલ્ટીપ્લેક્સ, શાળા તેમજ કોલેજો બંધ રાખવા આદેશ આપવામાં આવ્યોછે. જોકે, સુરતમાં લિંબાયતની માઉન્ટ મેરી સ્કૂલ ચાલુ રહેતા વિદ્યાર્થીઓ અને વાલીઓ આશ્ચર્યમાં આવી ગયા હતા. જિલ્લા શિક્ષણ અધિકારીએ જણાવ્યું હતું કે, સુરતમાં પંદરસો જેટલી શાળાઓને પરિપત્ર પાઠવી ૨૯મી સુધી શિક્ષણ કાર્ય બંધ રાખવા શાળાઓને આદેશ આપવામાં આવ્યા છે. જોકે, લિંબાયત અંબાનગરની માઉન્ટ મેરી સ્કૂલ ચાલુ રહી હોવાની ફરિયાદ આવી છે. મારા નિરીક્ષકોને મોકલ્યા છે કંઈ પણ ખોટું થયું હોવાનું જણાશે તો સંચાલકોને નોટિસ આપી જવાબ મગાશે.

શાળા સંચાલકોની બેજવાબદારી બહાર આવી જતા ઉદ્ધતવર્તન પર આવી ગયેલા સંચાલકોએ તાત્કાલિક તમામ વિદ્યાર્થીઓને રજા આપી દીધી હતી. જેને લઈ શાળાના વિદ્યાર્થીઓ મોઢે રૂમાલ મૂકી ઘર તરફ જતા કેમેરામાં કેદ થઈ ગયા હતા. વિશ્વમાં કહેર મચાવનાર કોરોના વાઈરસને લઈ જાગૃત રાજ્ય સરકારના આદેશનું ઉલ્લંઘન કરનાર આ શાળા સંચાલકો સામે કેટલાક વાલીઓએ પણ નામ ન લખવાની શરતે રોષ વ્યકત કર્યો હતો.

સુરતમાં ચાર વર્ષનો બાળક ખાડીમાં તણાઈ જતાં મોતને ભેટ્યો

સુરત

વરાછા વિસ્તારમાં આવેલા કુબેરનગરની ખાડીમાં વિવેકાનંદ સોસાયટી પાસે રમતા રમતાં ચાર વર્ષનો બાળક ખાડીમાં તણાઈ ગયો હતો. જેથી ફાયરબ્રિગેડ અને પોલીસને જાણ કરવામાં આવી હતી. ફાયરબ્રિગેડની ટીમ દ્વારા ખાડીમાં ઉતરીને બાળકની શોધખોળ હાથ ધરી હતી જેમાં ચાર કલાકની જહેમત બાદ બાળકનો મૃતદેહ મળી આવ્યો હતો.

વિવેકાનંદ સોસાયટી નજીકથી પસાર થતી ખાડીમાં ચાર વર્ષનો બાળક નિશાંસ તિવારી મુંબઈથી સુરત મામાના ઘરે આવ્યો હતો. પાંડેસરામાં સત્યનારાયણની ફોઈને ત્યાં કથા હોવાથી નિશાંસ હરીધામ સોસાયટીમાં આવ્યો હતો.ઘર નજીક ખાડી કિનારે રમતા રમતાં ખાડીમાં પડી ગયો હતો. ખાડીમાં બાળક તણાઈ ગયો હતો. જેની જાણ સ્થાનિકોને થતાં મોટી સંખ્યામાં ટોળા ઉમટ્યાં હતાં.બીજી તરફ ઘટનાની જાણ થતાં ફાયરબ્રિગેડ અને પોલીસનો કાફલો દોડી આવ્યો હતો. ફાયરબ્રિગેડના અધિકારીઓએ જણાવ્યું હતું કે, બપોરના ૧૧.૩૭ વાગ્યે કોલ આવ્યો હતો. જેથી તેઓ તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગયા હતા અને તપાસ કરી હતી. પાણીનો પ્રવાહ વધુ હોવાથી બાળક તણાઈને આગળ નીકળી ગયો હોય તેવી શક્યતા સેવાઈ રહી છે. હાલ જવાનો દ્વારા બાળકને શાધવા માટેની કામગીરી ચલાવા હતી.જેમાંચારેક કલાકની જહેમત બાદ બાળકનો મૃતદેહ મળી આવ્યો હતો.

હાથીજણ-મહેમદાવાદ હાઈ-વે પર કારમાં આગઃ કારચાલક ભડથું

શહેરના હાથીજણ- મહેમદાવાદ હાઈવે પર રાધે ઉપવન સામે આજે સવારે એક કારમાં આગ લાગી હતી. આગમાં કારચાલકનું આગમાં દાઝી જવાથી મોત થયું છે. ફાયરબ્રિગેડને જાણ કરવામાં આવતા ફાયરની ગાડી ઘટનાસ્થળે પોહચી હતી. જો કે ત્યાં સુધીમાં ગાડી સંપૂર્ણ બળીને ખાક થઈ ગઈ હતી. આગમાં મૃતક વ્યક્તિ મનોજભાઈ સોની ઘટના સ્થળ પાસે આવેલા શ્રદ્ધા પાયોનિયરના જ રહેવાસી હતા. કાર ચાલક ગાડીમાં ડીઝલ ભરાવીને પરત આવતા બની જીવલેણ ઘટના બની હતી. આગ લાગવાનું કારણ હજી અકબંધ છે. એસકોસ ગાડી લોક થઈ જવાથી કારચાલક બહાર નીકળી ન શકતાં તેનું મોત થયું હતું. વિવેકાનંદનગર પોલીસે પણ ઘટનાસ્થળે પહોચી તપાસ શરૂ કરી છે.

ક્ષિપ્રા ગણેશ મંદિરમાં સુંદર કાંડ પ્રસંગે શ્રદ્ધાળુઓ ઉમટયાં

અંકલેશ્વર

અંકલેશ્વર રામકુંડ સ્થિત ક્ષિપ્રા ગણેશ મંદિરે રવિવારના રોજ સાંજે ૦૮:૩૦ કલાકથી સુંદરકાંડના પાઠનું આયોજન કરવામાં આવ્યું હતું.

શીઘ્ર ફળ દાતા ગણાતા ક્ષિપ્રા ગણેશ મંદિરની સંચાલક સમિતિ દ્વારા રવિવાર તારીખ ૧૫ માર્ચના રોજ સાંજે ૮:૩૦ વાગ્યાથી પ્રખ્યાત વક્તા અશ્વિનભાઈ પાઠકના કંઠે સુંદરકાંડના પાઠનું આયોજન કરવામાં આવ્યું હતું. સમિતિ દ્વારા અંકલેશ્વરની ધાર્મિક જનતાને આ ધાર્મિક કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ભાગ લેવા માટે જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું હતું. સુંદરકાંડના પઠન તેમજ શ્રવણ માટે મોટી સંખ્યામાં ભાવિક ભકતો ઉમટી પડ્યા હતા અને કૃતાર્થ થયાની લાગણી અનુભવી હતી.

વેસુ રોડ પર કાર અડફેટે રાહદારીનું મોત થયું

સુરત

વેસુ અગ્રવાલ સ્કૂલ પાસે રાહદારીને અજાણ્યા કાર ચાલકે અડફેટમાં લેતા આ રાહદારીનું સારવાર દરમિયાન મૃત્યું થયું હતું. ઉમરા પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર વેસુ ગામ હળપતિવાસમાં રહેતા નીતાબેન ભીખાભાઈ રાઠોડને ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ ફરિયાદીના કાકા સસરા સુખા સોમાભાઈ ચાલતા જતા હતા, ત્યારે અજાણી કારે અડફેટમાં લઈ ગંભીર ઈજા પહોંચાડી હતી. જેમનું સારવાર દરમિયાન મૃત્યું થયું હતું. ઉમરા પોલીસે તપાસ હાથ ધરી છે.

હાંસોટની આરએમપટેલ વિદ્યાલય દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન

તેજસ્વી તારલાઓને ઈનામોનું વિતરણ કરાયું

અંકલેશ્વર

R.M.Patel વિદ્યાલય સંસ્થાના પ્રમુખ જમીયતભાઈ એમ પટેલના જન્મદિનના પ્રસંગે દિવા રોડ પર આવેલ 'માધવબાગ' ખાતે શાળાના તેજસ્વી તારલાઓના સન્માન અને એવોર્ડથી વિતરણના કાર્યક્રમમાં આયોજન કરવામાં આવ્યું હતું. સમારંભના પ્રમુખસ્થાને અંકલેશ્વર તાલુકાના પૂર્વ બી. આર. સી. ભદ્રેશ ઝેડ. પટેલ, સંસ્થાનાં ટ્રસ્ટી ભારતીબેન સંદીપભાઈ. કાંતાબેન ઉપરાંત સુરતથી પધારેલા રેખાબેન પ્રાકડા તેમજ વિશાળ સંખ્યામાં વાલીગણ ઉપસ્થિત રહ્યાં હતા..પ્રારંભે શાળાના શિક્ષિકાબેનો એ સ્વાગતમની કૃતિ રજૂ કર્યા બાદ વિદ્યાર્થીઓ એ વિવિધ રંગારંગ કાર્યક્રમ રજૂ કર્યો હતો. જમીયતભાઈ પટેલ તેમ જ મંચસ્થ મહાનુભાવોના વરદ હસ્તે પ્રમાણપત્રો અને ઈનામ વિતરણ થયું હતું.

આચાર્યા કુ.દીપિકા શુકલનું બહુમાન

ગુજરાત હિતરક્ષક સભા, અમદાવાદના પ્રમુખ ડો. અતુલ પાઠકજી રોટરી ક્લબ ઓફ સુરત ડાયમંડ સિટી, સુરત જિલ્લા મહિલા સંઘ આ સંસ્થાઓ તરફથી આચાર્યા કુ. દીપિકા શુક્લને શ્રીમતિ પરીજ્ઞાન ગૌરી પાઠકજી મહિલા સશક્તિકરણ એવોર્ડથી મહાનુભાવોના વરદ્ હસ્તે આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે સન્માનવામાં આવ્યા હતા. આ પ્રસંગે પ્રેસિડન્સી એજ્યુકેશન ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી હિતેન્દ્ર ચુડાવાળા અને પ્રા. એન.એમ.કારીયા ઉપસ્થિત રહી તેમની સિદ્ધિને બીરદાવી હતી.









દેશ-વિદેશમાં કોરોના વાયરસે ભારે હાહાકાર મચાવી દીધો છે. ત્યારે ગુજરાતમાં સરકાર દ્વારા, શાળા, કોલેજ, ટ્યુશન ક્લાસો, સિનેમાઘરો, સ્વીમિંગપુલો તા.૨૯'મી માર્ચ સુધી બંધ રાખવાનું ફરમાન કરતા મલ્ટીપ્લેક્સ, સિનેમાઘર, શાળા અને સ્વીમિંગ પુલ બંધ કરી દેવામાં આવ્યા હોવાનું ઉપરોક્ત તસ્વીરોમાં નજરે પડે છે.

દક્ષિણ ગુજરાતના તાપમાનમાં સતત વધારો : સુરતમાં ૩૫ ડીગ્રી તાપમાન

ઉનાળો શરૂ થતા રોજેરોજ તાપમાનમાં વધારો થશે

સુરત

માર્ચ મહિનાના ત્રીજા સપ્તાહની શરૂઆત સાથે દક્ષિણ ગુજરાતના તાપમાનમાં નોંધપાત્ર વધારો થવાની સાથે ગરમીનો પારો ૩૫ ડીગ્રી સુધી પહોંચી ગયો છે. આગામી દિવસોમાં તાપમાનમાં સતત વધારો થવાની સાથે ઉનાળાની વિધિવત શરૂઆત થશે.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે શહેરનું અધિકતમ તાપમાન ૩૪.૬ ડીગ્રી અને ન્યુનતમ તાપમાન ૧૯.૮ ડીગ્રી નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ઘટીને ૨૮ ટકા તેમજ હવાનું દબાણ ૧૦૧૩ મિલીબાર નોંધાયું છે. શહેરમાં સવારથી જ ઉત્તર-પૂર્વ દિશાથી કલાકના ૭ કિલોમીટરની ઝડપે પવન ફુંકાઈ રહ્યો છે. આગામી દિવસોમાં તાપમાનમાં ધીરે ધીરે વધારો થવાની સાથે વિધિવત રીતે ઉનાળાની શરૂઆત થશે. આજે બપોર બાદ શહેરમાં આકરો તાપ નીકળતા શહેરીજનોને ગરમીનો અનુભવ થયો હતો. માર્ચ મહિનાની શરૂઆત સાથે તાપમાનમાં વધારો થતો અટકી ગયો હતો. ત્રીજા સપ્તાહની શરૂઆત સાથે જ ગરમી વધી છે. દક્ષિણ ગુજરાતમાં આજે ચોખ્ખુ આકાશ દેખાયું હતું અને બપોરે આકરો તાપ અનુભવાયો હતો.

આજે ભાટીયા ટોલ ટેક્સ નાબુદી સંઘર્ષ સમિતિ દ્વારા ચોક બજાર ખાતે ધરણા

ભાટીયા ટોલનાકા સંઘર્ષ સમિતિએ કેન્દ્રીય પરિવહન મંત્રી સાથે બેઠક યોજવા સાંસદ સી.આર.પાટીલને ઈ-મેઈલ કરાયો

સુરત

ભાટિયા ટોલનાકા ઉપર સ્થાનિક વાહનોને ટોલ મુક્તિ અપાવવા માટે ભાટિયા ટોલનાકા સંઘર્ષ સમિતિ લાંબા સમયથી આંદોલન ચલાવી રહી છે. હવે આ આંદોલનની અંતિમ તબક્કામાં લઈ જવા માટે પ્રતિક ધરણા, ચક્કાજામ સહિતના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આવતીકાલે સાંજે ૪ થી ૬ કલાક દરમિયાન ચોકબજાર ગાંધીજીની પ્રતિમા પાસે સાહસિક અને શાંતિપૂર્ણ રીતે સંઘર્ષ સમિતિ દ્વારા પ્રતિક ધરણા કરવામાં આવશે.

ભાટીયા ટોલનાકા સંઘર્ષ સમિતિના આગેવાન દર્શન નાયકના જણાવ્યા મુજબ આવતીકાલના પ્રતિક ધરણાના કાર્યક્રમને સફળ બનાવવા માટે આજે સાંજે પાંચ વાગે ખેડૂત સમાજ ગુજરાત, જિન કંપાઉન્ડ, જહાંગીરપુરા ખાતે આગેવાનોની એક બેઠક મળશે.

સુરત જિલ્લા પંચાયતના સભ્ય અને સંઘર્ષ સમિતિના આગેવાન દર્શન નાયકે જણાવ્યું હતું કે, અગાઉ સુરત શહેર જિલ્લાના ત્રણ સાંસદો સીઆર પાટીલ, દર્શના જરદોશ અને પરભુ વસાવાને રૂબરૂ મળી રજૂઆત કરવામાં આવી હતી. ત્યારબાદ આ ત્રણેય સાંસદોને મેઈલ કરી દિલ્હી ખાતે રાષ્ટ્રીય માર્ગ-પરિવહન મંત્રી નીતિન ગડકરી સાથે સંઘર્ષ સમિતિના આગેવાનોની મુલાકાત ગોઠવી આપવા વિનંતી કરી હતી.

કોટ વિસ્તારમાં અશાંતધારો લાગુ કરાયા બાદ કુલ ૭૯૭૩ મિલ્કતો તબદીલ

કોટ વિસ્તારોમાં પાંચ વર્ષમાં મિલકતો વેચવા અંગેની ૧૨૩૪ અરજીઓ દફ્તરે કરી દેવાઈ

સુરત

સુરત શહેરના કોટ વિસ્તારમાં અશાંતધારો લાગુ કર્યા બાદ રાંદેર અને લીંબાયત વિસ્તારોમાં પણ રાજ્ય સરકાર દ્વારા ગતરોજ અશાંતધારો લાગુ કરવાનો મહત્ત્વનો નિર્ણય લેવાયો છે.

રાજ્ય સરકાર દ્વારા સુરત કોટ વિસ્તારમાં તા.૧-૮-૨૦૧૬ના રોજ અશાંતધારો લાગુ કરવામાં આવ્યો હતો. અશાંતધારો લાગુ થયા બાદ તા.૨૯-૨-૨૦૨૦ સુધી કલેક્ટર કચેરીમાં કુલ ૯૭૩૯ જેટલી અરજી મળવા પામી છે. જેની સામે સિટી પ્રાંતે ૭૯૭૩ જેટલી અરજી મંજૂર કરી હોવાનું જાણવા મળે છે. પાંચ વર્ષમાં ૧૨૩૪ અરજીના પુરાવાઓ માન્ય ન રાખી અરજી દફ્તરે કરવામાં આવી હતી અને હાલમાં પડર જેટલી અરજીઓ પેન્ડિંગ હોવાનું નાયબ કલેક્ટરે (સિટી પ્રાંત)એ જણાવ્યું હતું.

રાજ્ય સરકારના આ નિર્ણયને કારણે કોર્ટ વિસ્તારોમાં મિલકતોની લે-વેચનો ઘટી જ જવા પામી છે. આ સાથે જ વિસ્તારોની મિલકતોની કિંમતમાં પણ તોતિંગ ઘટાડો જોવા મળ્યો છે. નવાઈની વાત તો એ છે કે કતારગામ વિસ્તારમાં અશાંતધારો લાગુ પડાયા બાદ અશાંતધારામાં આવતી મિલકતના દસ્તાવેજોના વિવિધ કારણોસર ઓર્ડર જ ન થયા હોવાનું જાણવા મળે છે. જે બાબત નોંધપાત્ર લેખાવી શકાય તેમ છે.

લંડનથી રિટર્ન આવેલી યુવતીમાં શંકાસ્પદ કોરોના લક્ષણ દેખાયા

સુરત

થોડા દિવસ પૂર્વે જ લંડનથી સુરત આવેલી યુવતીમાં શંકાસ્પદ કોરોનાના લક્ષણ દેખા દેતા પરિવારજનોએ સામેથી સુરતની સિવિલ હોસ્પિટલનો સંપર્ક સાધ્યો હતો અને તેણીને આજરોજ તા. ૧૬મીના સુરતની સિવિલ હોસ્પિટલમાં કોરોનાના શંકાસ્પદ દર્દી તરીકે દાખલ કરવામાં આવી છે. તેના સેમ્પલ અમદાવાદ બી.જે. મેડિકલ કોલેજમાં તબીબી તપાસ અર્થે મોકલી આપવામાં આવ્યા છે.

લંડનથી પરત આવેલી યુવતીને રવિવારે રાત્રે તાવ, ખાંસીની ફરિયાદ હતી. આથી યુવતીના પરિવારજનોએ ફેમિલી ડોક્ટરની સલાહ લીધી હતી. ફેમિલી ડોકટરની સૂચના અનુસાર પરિવારજનોએ સુરતની સિવિલ હોસ્પિટલના સત્તાધીશોનો સંપર્ક સાધ્યો હતો. તેને સિવિલ હોસ્પિટલમાં તપાસઅર્થે લાવ્યા બાદ પ્રાથમિક તપાસમાં શંકાસ્પદ કોરોનાના લક્ષણ દેખાતા લંડન રિટર્ન યુવતીને સિવિલ હોસ્પિટલમાં કોરોનાના દર્દીઓ માટે તૈયાર કરાયેલા અલાયદા વોર્ડમાં દાખલ કરવામાં આવી છે. સાથે સાથે તેણીના પરિવારજનોએ પણ અગમચેતી વાપરીને યુવતીના સંપર્કમાં જે-જે લોકો આવ્યા છે તે તમામને સેલ્ફ કોરન્ટાઈન માટે અપીલ કરી દીધી છે. તંત્રએ પણ યુવતીના સંપર્કમાં આવેલા લોકોને ટ્રેસ કરવાનું શરૂ કરી દીધું છે.

સરીગામમાં રૂ. ૪૦ લાખના ખર્ચે એલ.ઈ.ડી સ્ટ્રીટલાઈટ લગાડાશે

વલસાડ

વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના સરીગામ ખાતે સરીગામ બાયપાસ રોડથી મુખ્ય સ્ટેટ હાઈવે બજાર ત્રણ રસ્તા વિસ્તારથી નવા સબસ્ટેશન સુધી તથા સરીગામ -અણગામ રોડ ઉપર અજય આરેકરના સર્વિસ સ્ટેશન સુધી નોટીફાઈડ એરીયા ગ્રાન્ટમાંથી રૂા.૪૦ લાખના ખર્ચે લગાવવામાં આવનારી એલ.ઈ.ડી. સ્ટ્રી ટ લાઈટના કામનું ખાતમુહૂર્ત વન અને આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી રમણલાલ પાટકરના હસ્તે કરાયું હતું. આ અવસરે આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી રમણલાલ પાટકરે સરીગામના વિકાસ માટે ઈ. ચા. સરપંચ પંકજભાઈના પ્રયાસોને બિરદાવતાં જણાવ્યું હતું કે, ગામના સર્વાંગી વિકાસ કરવો હોય તો સૌનો સહયોગ જરૂરી છે. રસ્તા, પાણી, વીજળીની સગવડ દરેક નાગરિકોને મળે તે માટે રાજ્ય સરકાર કટિબધ્ધ છે. રાજ્ય સરકાર સુવિધા આપે છે, ત્યારે તેની જાળવણી કરવી એ આપણી નૈતિક ફરજ બને છે. સોલાર રૂફટોપ યોજના થકી દરેક ઘરોમાં સૂર્યશક્તિથી વીજળી ઉપલબ્ધ કરાવી વીજળીનું બીલ ભરવામાંથી મુક્તિ અપાવવાનું આયોજન કરાયું છે, જેનો સૌ નાગરિકોને લાભ લેવા અનુરોધ કર્યો હતો. કોરોના વાઈરસથી બચવા માટે દરેક નાગરિકોને સરકાર દ્વારા સૂચવાયેલા તકેદારીના પગલાં લેવા જણાવ્યું હતું.

સરીગામના ઈ.ચા. સરપંચ પંકજભાઈએ ગામમાં થયેલા વિકાસકામોની રૂપરેખા આપી હતી. આ અવસરે અગ્રણી રામદાસ વરઠા, મુકેશભાઈ પટેલ, દિલીપભાઈ ભંડારી, પ્રકાશભાઈ પટેલ, ગ્રામ પંચાયત સભ્યો, આજુબાજુના ગામના સરપંચો, ગ્રામજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

કાપોદ્રામાં જુગાર રમતા ચાર જુગારી ઝડપાયા

સુરત

કાપોદ્રામાં બરોડા પ્રિસ્ટેજ પાસે મોહનનગરમાં જુગાર રમતા કનુ લીલાસિંધી, જયંતી ગોરધન પનારા, રહીમ અહેમદ ખુમાર, મોહન દેવરાજ જેઠવાની કાપોદ્રા પોલીસે ધરપકડ કરી અંગઝડતી અને દાવ પર મળી કુલ રોકડા રૂપિયા ૧૦૩૬૦ની રકમ કબજે કરી હતી. કાપોદ્રા પોલીસે આ ચારેય આરોપીઓ વિરૂદ્ધ જુગારધારા અન્વયે કાયદેસરની કાર્યવાહી કરી હતી.

ગુજરાત સુપર લીગ ટેબલ ટેનિસની પાંચ ફ્રેન્ચાઈઝીનું અનાવરણ કરાયું

મે મહિનામાં પ્રથમ સિઝનની ચાર દિવસની ઈવેન્ટ સુરતમાં યોજાશે

અમદાવાદ

ગુજરાત સ્ટેટ ટેબલ ટેનિસ એસોસિ યેશન (જીએસટીટીએ)એ શુક્રવારે અહીંના મહાત્મા ગાંધી લેબર ઈન્સ્ટિટ્યૂટ ખાતે ગુજરાત સુપર લીગ (જીએસએલ)નું લોંચિંગ કર્યું તે સાથે ગુજરાતમાં ટેબલ ટેનિસે એક નવી હરણફાળ ભરી હતી. એસોસિયેશનના પ્રમુખ શ્રી વિપુલ મિત્રા (આઈએએસ) એ જીએસએલની પ્રથમ સિઝન માટેની ફ્રેન્ચાઈઝી, તારીખો અને સ્થળની જાહેરાત કરી હતી.

મે મહિનામાં પ્રથમ સિઝનની ચાર દિવસની ઈવેન્ટ સુરત ખાતે યોજાશે જેમાં પાંચ ટીમ ભાગ લેશે. આ લીગ બે ફોર્મેટમાં યોજાશે જેમાં પ્રથમ રોબિન ધોરણે અને ત્યારબાદ એલિમિનેટર ધોરણે રમાશે. પાંચ ફ્રેન્ચાઈઝીમાં ભાયાણી સ્ટાર, કટારિયા કિંગ્સ, મલ્ટિમેટ માર્વેલ્સ, શામલ સ્કવોડ અને તામ્મી ટાઈગર્સનો સમાવેશ થાય છે. ગુજરાત સ્ટેટ ટેબલ ટેનિસ એસો અને ટીટીએફઆઈ દ્વારા આ લીગને સત્તાવાર માન્યતા આપવામાં આવી છે. શુક્રવારે તેના લોંચિંગ પ્રસંગે જીએસટીટીએના પ્રમુખ શ્રી વિપુલ મિત્રા (આઈએએસ) ટીટીએફઆઈના વાઈસ પ્રેસિડેન્ટ અને જીએસટીટીએના માનદ સચિવ હરેશ સંગતાણી, એસોસિયેશનના ટ્રેઝરર અમિત ચોક્સી, એસોસિયેશનના પસંદગીકાર પથિક મહેતા તથા મીડિયા સમિતિના ચેરમેન કુશલ સંગતાણી ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાત સુપર લીગ ટેબલ ટેનિસનું સંચાલન ગર્વનિંગ કાઉન્સિલ દ્વારા કરાશે જેમાં ભૂતપૂર્વ ઈન્ટરનેશનલ ખેલાડી પથિક મહેતા, આણંદ જિલ્લા ટેબલ ટેનિસ એસોસિયેશનના કાંતિ ભુવા, જીએસટીટીએના આસિસ્ટન્ટ ટ્રેઝરર રૂજલ પટેલ, ઈન્ટરનેશનલ રેફરી હરિ પિલ્લાઈ અને જીએસટીટીએના શિસ્ત સમિતિના ચેરમેન કેરમન પટેલનો સમાવેશ થાય છે.

આ પ્રસંગે જીએસટીટીએના પ્રમુખ શ્રી. વિપુલ મિત્રા (આઈએએસ)એ પ્રાસંગિક પ્રવચનમાં ગુજરાત ટેબલ ટેનિસને રાષ્ટ્રકક્ષાએ નામના અપાવનારા અધિકારીઓ અને ખેલાડીઓને વધાવી લેતાં જણાવ્યું હતું કે "થોડા વર્ષ અગાઉ ગુજરાતના ખેલાડીઓને કોઈ ગંભીરતાથી લેતું ન હતું. પરંતુ જીએસટીટીએએ આ રમત અને તેના ખેલાડીઓના વિકાસ માટે ભગીરથ પ્રયાસો હાથ ધર્યા હતા. આજે આપણી પાસે બે ગુજરાતીઓ હરમિત દેસાઈ અને માનવ ઠક્કર જેવા ખેલાડી છે જે નેશનલ મેન્સ ટીમની ફાઈનલમાં રમ્યા છે. આ ઉપરાંત આપણી પાસે માનુષ શાહ જેવો ખેલાડી છે જેણે નેશનલ રેન્કિંગ ટુર્નામેન્ટમાં શાનદાર દેખાવ કર્યો છે. ગુજરાત સુપર લીગ લોંચ કરીને આ રમતના વિકાસમાં જીએસટીટીએએ વધુ એક પગલું ભર્યું છે જે માટે અમે ગૌરવ અનુભવી રહ્યા છીએ. આ પ્રોફેશનલ લીગથી યુવાન ખેલાડીઓ ચોક્કસપણે લાભ લઈ શકશે."

ઉછીના આપેલા રૂપિયા અંગે રિક્ષા ચાલક પર પેચીયાથી હુમલો

રિક્ષા ચાલક પર હુમલો કરનાર આરોપીની ધરપકડ

સુરત

વેડદરવાજા બોરીચા ગેસ ગોડાઉન ખુલ્લા પાર્કિંગમાં ઉછીના અપાવેલા નાણાં પરત માંગવામાં આવતા રીક્ષા ચાલક યુવક પર પેચીયા વડે હુમલો કરી શારીરિક ઈજાઓ પહોંચાડી વેડદરવાજા નાસીરનગરનો આરોપી ફરાર થઈ ગયો હોવાનો બનાવ ચોકબજાર પોલીસ મથકમાં નોંધાયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર નાસીરનગર વેડદરવાજા સીકંદરખાન શબ્બીરખાન પઠાણ રહે છે. ગત ૧૫મી માર્ચના રોજ રાત્રિના સુમારે વેડદરવાજા બોરીચા ગોડાઉનના ખુલ્લા પાર્કિંગમાં ઉછીના આપેલા નાણાં પરત કરવાની માંગણી સીકંદરખાને સુભાનગની શેખને કરી હતી. જે પૈસા આપવા બાબતે તેમણે મુદ્દત માંગતા ઉશ્કેરાઈ ગયેલા સીકંદરખાને પેચીયા વડે હુમલો કરી ઈજાઓ પહોંચાડી ફરાર થઈ ગયો હતો. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. પોલીસે આરોપીની ધરપકડ કરી છે.

ઈન્ટરીયર ડિઝાઈનના વિદ્યાર્થીઓ માટે વુડ,બામ્બુ અને કેન વર્કશોપ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં ડિપાર્ટમેન્ટ ઓફ ઈન્ટિરીયર ડિઝાઈનમાં અભ્યાસના ભાગરૂપે વુડ, બામ્બુ અને કેન વર્કશોપ વિષયમાં પ્રો. અંકિત ચાંગાવાલા અને શ્રી જેનીશ વાઘના માર્ગદર્શન હેઠળ પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ દ્વારા બામ્બુમાંથી તેના વિવિધ ગુણધર્મોને ધ્યાનમાં રાખીને સ્ટ્રક્ચર્સ તૈયાર કરવામાં આવી રહ્યા છે. આ વર્કશોપનો ધ્યેય વિદ્યાર્થીઓને સ્કીલ અને ટેકનીક થી માહિતગાર કરવાનો છે. તેમજ તેઓનેચર મટીરીયલ ને સમજી શકે અને ભવિષ્યમાં આ પ્રકારના નેચરલ રિસોર્શનો વિવેકપૂર્ણ ઉપયોગ કરે અને તેની અવેરનેશ લોકોને આપી શકે.

MARKET 4U ફ્રેન્ચાઈઝી નિમવાના છે

MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) મૂડી રોકાણ કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા

ફ્રેન્ચાઈઝી

તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નિમવાના છે. ઈચ્છા ધરાવતી વ્યક્તિઓ સંપર્ક કરે.
(નફાનું ધોરણ ટર્ન ઓવરના ૪% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)

સ્કીમ : ફ્રેન્ચાઈઝી બની એક સાથે ૩૦ જોઈનિંગ પીન ખરીનાર પહેલા ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી વચ્ચે ડ્રો થશે જેમાં
પહેલું ઇનામ : રૂપિયા એક કરોડ (૧ વ્યક્તિ ને)
બીજું ઇનામ : રૂપિયા એક લાખ (૫ વ્યક્તિ ને)
ત્રીજું ઇનામ : રૂપિયા ૫૦ હજાર (૨૫ વ્યક્તિને) આપવામાં આવશે.

શરતો

૧. ડ્રો ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી પુરા થયે જ કરવામાં આવશે
૨. ડ્રો ની રકમ માંથી સરકારી TDS ૫% કાપવામાં આવશે.
૩. ડ્રો જાહેરમાં ફંકશન યોજી કોમ્પ્યુટરાઈઝડ સિસ્ટમ થી કરવામાં આવશે.
૪. ડ્રો ની રકમ ની ચુકવણી NEFT થીજ કરવામાં આવશે.
૫. ડ્રો નો એડમીન ચાર્જ ૨% ડ્રો ની રકમ માં થી અલગ થી કમાશે
૬. આ ડ્રો બાબતે કંપની લેખિત માં લખાણ કરી આપશે જે પિન ખરીદીના ૧૫ દિવસમાં ફ્રેન્ચાઈઝીના નોંધાયેલ એડ્રેસ પર આરપીએડી થી મોકલશે
૭. ફ્રેન્ચાઈઝી બનવા પહેલા મેમ્બર બનવું ફરજીયાત છે જે માટે નિયત રકમ એડવાન્સ ભરવાની રહેશે.
૮. પિન મેમ્બરના વોલેટમાં મળશે. જેના પર પીનદીઠ કમિશન રૂપિયા ૨૫ અલગ થી વોલેટમાં જમા થશે.
૯. મેમ્બર અથવા ફ્રેન્ચાઈઝી બનવા સંપર્ક કરો 9978406257
૧૦. ફ્રેન્ચાઈઝી પીન કંપની પાસેથી ખરીદી હશે તેજ વ્યક્તિ ડ્રોમાં ભાગીદાર ગણાશે. માટે ડ્રોમાં ભાગ લેનારે કંપની પાસેથીજ પીન ખરીદવી ફરજીયાત રહેશે.
૧૧. ફ્રેન્ચાઈઝી એક આઈડી પર એકજ વખત આ સ્કીમનો લાભ લઈ શકશે બીજી વાર લાભ લેવા અલગથી મેમ્બર બની ત્યારબાદ ૩૦ પિન સામટી લઈ લાભ લઈ શકાશે.

9978406257 Whats-App Time 10 am to 5 pm

કોરોનાને લઈ નર્મદા વહીવટીતંત્ર દ્વારા શાળા કોલેજો બંધ રાખવા આદેશ

સ્ટેચ્યુ ઓફ યુનિટી બંધ રાખવા હજુ કોઈ નથી થઈ જાહેરાતઃ કલેક્ટર,નર્મદા

(ભરત શાહ દ્વારા) - રાજપીપળા :

કોરોના વાઈરસે ચાઈના બાદ સમગ્ર વિશ્વના દેશોને બાનમાં લીધા છે. ભારતમાં પણ અનેક રાજ્યોમાં કોરોના અસરગ્રસ્ત કેસો જોવા મળ્યા બાદ સરકાર દ્વારા તેની સામે રક્ષણાત્મક પગલાંના ભાગરૂપે ગુજરાતની તમામ શાળા, કેલેજો, આંગણવાડી, થિયેટરો, સ્વિમિંગપુલ વિગેરે બંધ રાખવા આદેશ કરાયા છે ત્યારે નર્મદા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પણ નર્મદા જિલ્લામાં આદેશ કરાયા છે તેમ નિવાસી અધિક કલેકટર એચ.કે. વ્યાસે જણાવ્યું હતું.

આ સંદર્ભે નર્મદા જિલ્લા આરોગ્ય અધિકારી કે.પી.પટેલે જણાવ્યું કે નર્મદા જિલ્લા આરોગ્ય તંત્ર કોરોના વાઈરસ ને લઈ સંપૂર્ણ સજ્જ છે આ માટે જિલ્લાના મુખ્ય મથકે આઈસોલેશન વોર્ડ તૈયાર કરાયો છે જરૂરી દવાઓ અને માસ્ક પણ ઉપલબ્ધ છે ઉપરાંત જિલ્લામાં બહારના દેશમાથી આવતા લોકો માટે કોરનટાઈલ કરવા માટે જરૂરી સુવિધા ઉભી કરાઈ છે.જેમાં ડેડીયાપાડામાં તેહરાન દેશ થી આવેલ એક વ્યક્તિને કોરનટાઈલ કરાયો છે અને તે સ્વસ્થ છે જિલ્લામાં કોઈ પણ કેશ પોઝિટિવ નથી અને લોકોએ ગભરાવાની જરૂર નથી તકેદારી રાખવા લોકોને જણાવ્યું છે.અત્યારસુધી જિલ્લામાં બહારના દેશ માંથી આવેલ વ્યક્તિઓમાં ૮ ભારતીય અને ૪ વિદેશી નાગરિકો છે પણ હજુ સુધી કોઈ કોરોના અસરગ્રસ્ત કે શંકાસ્પદ કેશ નર્મદા જિલ્લામાં નથી.



કાળકામાતાએ ચૈત્રી નવરાત્રીનો મેળો આ વર્ષે નહિ ભરાય : મેળો ચાલુ રાખવા માંગ

કોરોના વાઈરસને કારણે ચૈત્ર મહિનામાં ભરાતા નવરાત્રીના મેળાનું આયોજન સરકાર દ્વારા મોકૂફ રાખવામાં આવ્યું છે એટલે આ વર્ષે રાજપીપળા ખાતે કાલિકા માતાનો મેળો નહિ ભરવા રાજપીપળા હિન્દૂ દેવસ્થાન કમિટી એ નક્કી કર્યું છે. કોરોના વાઈરસ અંગે સાવચેતી રાખવાની હોય પાંચ થી વધુ માણસોએ ભેગા નહિ થવાની વાતને લઈ આગામી ૨૫ માર્ચ ના રોજ થી શરૂ થનારો કાળકા માતાના મંદિરે ભરાતો ભાતીગળ મેળો આ વર્ષે નહી ભરાય તો મોટી સંખ્યામાં મેળામાં આવવાનું લોકો ટાળે તેમ હિન્દૂ દેવસ્થાન કમિટીના સભ્ય ગજેન્દ્ર સિંહ જાડેજાએ જણાવ્યું હતું.

જ્યારે ધોબી સમાજના આગેવાન રાકેશભાઈ ધોબીએ જણાવ્યું કે કાલકા માતા અમારી કુળદેવી છે. વર્ષોથી અહીયા મેળો ભરાય છે. અમે દર વર્ષે પૂજા પાઠ કરીએ છે.અન્ય ભક્તો પણ બહાર થી નવરાત્રી દરમ્યાન પૂજા કરવા આવે છે.માટે આ મેળો ચાલુ રાખવો જોઈએ.

હાલ કોરોના વાઈરસે સમગ્ર વિશ્વને બાનમાં લીધુ છે ત્યારે ગુજરાતની તમામ શાળા કોલેજો સ્વિમિંગ પુલ, સિનેમા ઘરો આજથી બંધ રાખવા સરકાર દ્વારા આદેશ અપાયો છે ત્યારે નર્મદા જિલ્લા વહીવટી તંત્ર તરફથી પણ તકેદારી ના ભાગરૂપે આદેશ આપી દેવાયા છે.પરંતુ નર્મદામાં આવેલ વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે આવતા હજારો પ્રવાસીઓના સ્વાસ્થ્ય ને ધ્યાને રાખી સ્ટેચ્યુ પણ બંધ રહેશે તેવી ચર્ચાએ જોર પકડ્યું છે પરંતુ આ માટે હજુ કોઈ સત્તાવાર જાહેરાત થઈ નથી ત્યારે હાલ મીની વેકેશન જાહેર થયા બાદ લોકો પ્રવાસન સ્થળોએ દોટ મુકશે તેવી સંભાવના રહેલી હોય સરકાર દ્વારા પ્રવાસન સ્થળોને પણ લોકોના સ્વાસ્થ્યને ધ્યાને રાખી બંધ રાખવા જોઈએ તેવી લોકોમાં ચર્ચા સંભળાઈ રહી છે.

ચાર વર્ષથી મહિલા અત્યાચાર-દહેજ પ્રતિબંધક ધારાનો ગુનો કરી વિદેશ ભાગેલા આરોપીની ધરપકડ



ભરૂચ જિલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમાની સુચના અનુસંધાને જીલ્લામાં નાસતા ફરતા આરોપીઓ શોધી કાઢવા અંગે પો.સ.ઈ. બી.ડી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ ભરુચ પેરોલ ફર્લો સ્કોર્ડ ની ટીમ જંબુસર પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીગમાં હતી એ દરમ્યાન બાતમી મળતા મહિલા પો.સ્ટે. ગુ.ર.નં. I ૧૬/૨૦૧૬ IPC કલમ ૪૯૮ (ક), ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા દહેજ ધારા કલમ ૪ મુજબના ગુનામાં છેલ્લા ચાર વર્ષથી સાઉથ આફ્રીકા ખાતે નાશી ગયેલ અને ભારત ખાતે પરત આવતા આરોપી અનીશ અબ્બાસભાઈ પટેલ રહે.ઈસ્લામપુર હાજી ફળીયું તા. જંબુસર જી. ભરૂચને તેના ઘરેથી પકડી પાડી તા.૧૫/૦૩/૨૦૨૦ નારોજ CrPC ૪૧ (૧) આઈ મુજબ અટક કરી આગળની કાર્યવાહી કરવા જંબુસર પો.સ્ટે. સોંપવામાં આવ્યો છે.

દાહોદ જિલ્લામાં બાળ લગ્ન અટકાવતી ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન ટીમ દાહોદ

(ભરત શાહ દ્વારા) - રાજપીપળાઃ

એક જાગૃત વ્યક્તિ એ ૧૮૧અભયમ મહિલા હેલ્પલાઈન મા ફોન કરી જણાવેલ કે અમારા ગામમા બાળ લગ્ન થવાના છે જેથી અભયમ રેસ્ક્યુ વાન દાહોદ તાત્કાલિક સ્થળ પર પહોંચી બાળ લગ્ન અટકાવવામાં સફળતા મેળવી હતી.

દાહોદ જિલ્લાના બારીયા તાલુકાના એક ગામમા બાળ લગ્ન અટકાવવા માટે જાગૃત વ્યક્તિના ફોનના આધારે દાહોદ ની અભયમ ટીમ સ્થળ પર પહોંચી દીકરીનું સર્ટી ચેક કરતા તેની ઉંમર માત્ર ૧૪વર્ષ ની હતી જેથી બાળ લગ્ન પ્રતિબંધક ધારા હેઠળ આ લગ્ન ગુનો બનતો હોઈ ગામના આગેવાનો, પરિવારને સમજ આપી જેથી તેમણે બાળ લગ્ન નહી કરીએ તેવી ખાત્રી આપી હતી,આ બાળ લગ્ન અટકાવ્યા હતા ત્યારબાદ અભયમ ટીમે એમ પણ જણાવ્યું કે આ લગ્ન દીકરી પુખ્ત વયની થાય પછી કરી શકસો. આમ અભયમ ટીમે એક બાળ લગ્ન અટકાવ્યા હતા.

નર્મદા : લગ્નના બીજા જ દિવસે પરણીતા પોતાના દાદાના ઘરેથી ગુમ થતા અનેક શંકા

૧૨ માર્ચે લગ્ન થયા ૧૩ માર્ચે સામાજીક રીત રીવાજ મુજબ દાદાના ઘરે આવી ત્યાં લગ્નના ઉજાગરાના કારણે બધા સુતા હોય ઉઠીને જોયું તો પરણીતા ગુમ

(ભરત શાહ દ્વારા) - રાજપીપળાઃ

નર્મદા જીલ્લાના ગરુડેશ્વર તાલુકાના ગંભીરપુરા ગામ ની દીકરીના લગ્ન વાસલા ગામે કર્યા ના બીજાજ દિવસે કયાંક ગુમ થતાં અનેક તર્ક વિતર્ક સેવાઈ રહ્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગંભીરપુરા ગામમાં દાદાના ઘરે રહેતી શોભનાબેન સુરેશભાઇ તડવી (ઉ.વ.૨૧)ના ગત તા.૧૨ માર્ચે વાંસલા ગામે લગ્ન થયા હતાં લગ્ન બાદ વાસલા થી લગ્નના સામાજીક રીત રીવાજ પુરો કરી બધા બપોરે ગંભીરપુરા ગામે આવેલા અને ઘરના બધા સભ્યો સાથે શોભના પણ લગ્નના ઉજાગરાના કારણે ઘરે સુઇ ગયેલી ત્યારબાદ સાંજે ઘરના સભ્યો એ ઉઠીને જોયુ તો શોભના ઘરે જોવા ન મળતા તેની તપાસ કરતા કયાંયે ન મળતા આખરે પરિવારે ગુમ થયાની ફરિયાદ રાજપીપળા પો.સ્ટે.માં આપતા પોલીસે તપાસ હાથ ધરી છે.

સરથાણામાં છ મોટરકારોના કાચ તોડી મ્યુઝીક સિસ્ટમની ચોરી

રાત્રિ સમયે તસ્કરોએ એક સાથે છ કારોને નિશાન બનાવી

સુરત

સરથાણા જકાતનાકા વિસ્તારમાં આવેલી સોસાયટીમાં પાર્ક કરાયેલ છ જેટલી કારોને તસ્કરોએ નિશાન બનાવી કુલ રૂા.૧.૯૫ લાખની કિંમતની મ્યુઝિક સિસ્ટમની ચોરી કરી નાસી ગયા હતા.

સરથાણા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ગત તા.૧૫મીના રોજ મધ્યરાત્રિ બાદ અજાણ્યા તસ્કરોએ સરથાણા જકાતનાકા વિશાલનગર સોસાયટી અને આજુબાજુની સોસાયટીમાં પાર્ક કારોને નિશાન બનાવી છ જેટલી કારના કાચ તોડી રૂપિયા ૧.૯૫ લાખની કિંમતના એ.સી., મ્યુઝિક સિસ્ટમની ચોરી કરી નાસી ગયા હતા.

કાપોદ્રા પોલીસે કલ્પેશ મનસુખભાઈ વેકરીયા (રહે. વિશાલનગર, સરથાણા જકાતનાકા)ની ફરિયાદ નોંધી સીસીટીવી ફુટેજ મેળવી તપાસ હાથ ધરી છે.

પોલીસ જામા સાથે પરીક્ષા કેન્દ્ર ઉપર સમયસર લઈ જવા હુકમ

રાજપીપળા જેલના કેદીને ધોરણ ૧૨ની પરીક્ષા આપવા કોર્ટે પરવાનગી આપી

(ભરત શાહ દ્વારા) - રાજપીપળા :

નર્મદા જિલ્લાના ડેડીયાપાડા તાલુકાના કનબુડી ગામનો પ્રતાપ વસાવા નામનો યુવાન રાજપીપળા ની સબજેલમાં છેલ્લા ૩ મહિનાથી બળાત્કારના કેસમાં હોય તેને બોર્ડની પરીક્ષા આપવા કોર્ટ સમક્ષ અરજી કરતા કોર્ટે તેને એક દિવસના પેરોલ જામીન આપવા મંજૂરી આપી છે.

ડેડીયાપાડાના કનબુડીનો અરજદાર આરોપી પ્રતાપ વસાવા હાલ બળાત્કારના કેસમાં ૩ મહિના થી જેલમાં હોય હાલ ચાલી રહેલી બોર્ડની પરીક્ષામાં તેનું આગામી ૧૮ માર્ચે અંગ્રેજીનું પેપર હોવાથી તેણે તેના વકીલ એમ.જી. કુરેશી મારફતે અરજી કરી જેમાં પેપર આપવા તેને એક દિવસ માટે પોલીસ જાપતા સાથે પરીક્ષા આપવા દેવાય,જેથી કોર્ટે આ બાબતે અરજદારને પરીક્ષાના પ્રશ્ન હોય તેની રજુઆત મુજબ પરીક્ષામાં પોલીસ જપતા સાથે લઈ જવા પરવાનગી આપી જેમાં જણાવ્યું કે પરીક્ષા અપાવવા માટે રાજપીપળા સબજેલથી તેના પરીક્ષા કેન્દ્ર ઉપર સમયસર લઈ જવા અને પરીક્ષા પત્યા બાદ તેને સબજેલ રાજપીપળા પરત લઈ આવવો સાથે સાથે અરજદારના સગાં સબંધીઓ પરીક્ષાના વિષયનું મટીરીયલ/પુસ્તકો,નોટો આપે તો અરજદારને વાંચવા માટે પુરી પાડવા અને વાલી આ પરીક્ષાની ઓરીજનલ રીસીપ્ટ આપે તે પણ તેને આપવી, અરજદાર આરોપીને પરીક્ષા આપવામાં કોઈપણ તકલીફ ના થાય તેની કાળજી લેવા પણ કોર્ટે જેલના સુપ્રીટેન્ડેન્ટને જણાવાયું હતું.



ડેડીયાપાડાના કનબુડી ગામનો યુવાન ૩ મહિનાથી બળાત્કારના કેસમાં જેલમાં હોય પરીક્ષા માટે અરજી કરી હતી

નર્સિંગનો અભ્યાસ કરતી વિદ્યાર્થિનીને આત્મહત્યાનો પ્રયાસ કરતા બચાવી લેવાઈ

૧૮૧ મહિલા હેલ્પલાઈન છોટાઉદેપુર ટીમે પરિવારને સોંપી

(ભરત શાહ દ્વારા) - રાજપીપળા :

ધોરણ ૧૨ પછી નર્સિંગમાં અભ્યાસ કરતી વિધ્યાર્થીનીઓ માટે છેલ્લા લગભગ ૨ વર્ષ થી અભ્યાસ અંગ્રેજી માં થતા ઘણી મુશ્કેલીઓ પડી રહી હોય નાપાસ થવાના ડરે કેટલીક વિદ્યાર્થીનીઓ અજુગતું પગલું ભરતી હોય છે તેવીજ ઘટના છોટાઉદેપુર માં બની હતી જોકે આત્મહત્યા કરવા ગયેલી વિદ્યાર્થિનીને બચાવી ૧૮૧ હેલ્પલાઈન ટીમે પરિવારને સોંપી ઉમદા કામગીરી કરી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ અંગ્રેજીમા જીએનએમનો અભ્યાસ ક્રમ હોવાથી સમજ ન પડતી હોય ૧૯વર્ષની એક યુવતી જીવન થી નાસીપાસ થઈ કેનાલમા આત્મહત્યા કરવા કૂદી પડી ત્યારે રાહદારીઓની નજર પડતા તેને બચાવી લીધા બાદ કોઈકે ૧૮૧મહિલા હેલ્પલાઈન ટિમ ને જાણ કરતા છોટાઉદેપુર સ્થિત અભયમ રેસ્ક્યુ વાન તાત્કાલિક ઘટના સ્થળે ગઈ ગભરાયેલી યુવતીને આશ્વાસન આપી તેના પરિવારને સોંપવામાં આવી હતી.

છોટાઉદેપુર પાસેના એક ગામની યુવતી જીએનએમ નો અમદાવાદ અભ્યાસ કરે છે આ અભ્યાસ અંગ્રેજી ભાષા મા હોવાથી તેને સમજવામાં મુશ્કેલી પડતી હતી જેથી તે કસોટીમા નાપાસ થતા તેને લાગી આવ્યું હતું જેથી હવે શુ કરવું તે ખબર ના પડતા મોટી કેનાલમા આત્મહત્યા કરવા કૂદી પડી પરંતુ રામ રાખે તેને કોણ ચાખે ની જેમ રાહદારી ની નજર પડતા તેને બચાવી લીધી હતી.આ રાહદારીએ અભયમને જાણ કરતા છોટાઉદેપુર વાન તાત્કાલિક ત્યાં પહોંચી ખુબ જ ગભરાયેલ યુવતીને અભયમ ટીમ ઘ્વારા સાંત્વના આપી જરૂરી સમજ આપી પરિવારનો સંપર્ક નંબર મેળવી તેમને બોલાવતા પરિવાર ત્યાં આવતા તેમને સોંપવામાં આવી હતી. પરીવારને પોતાની દીકરી હેમખેમ મળતા અભયમ ટીમનો આભાર માન્યો હતો.



ભરૂચ જિલ્લાના કાવી ગામના વતની સુહેલ પર સાઉથ આફ્રિકામાં જીવલેણ હુમલો

ભરૂચ જિલ્લાના કાવી ગામના વતની સુહેલ રોજગાર અર્થે સાઉથ આફ્રિકાના વેન્ડા શહેરમાં છેલ્લા ૮-૧૦ વર્ષથી સ્થાયી થયો હતો. વેન્ડમાં સીબાશા વિસ્તારમાં બપોરે દુકાન બંધ કરી સ્ટાફ સાથે કારમાં જોહરની નમાજ પઢવા માટે સીબાશા મસ્જિદ તરફ જતા હતા તે દરમિયાન સીબાશા મસ્જિદ પાસે ગીચ વસ્તીમાં આફ્રિકન નિગરો દ્વારા લૂંટના ઈરાદે હવામાં ફાયરિંગ કરતા સુહેલની કાર તરફ ધસી આવ્યા હતા અને કાર પર ફાયરિંગ કર્યું હતું, આ ફાયરિંગ દરમિયાન ગનમાંથી નિકરેલી ગોળી સુહેલના પેટના ભાગે વાગી પગના ઉપલા ભાગે જાંગમાં ગોળી ખુંપી ગઈ હતી. લૂંટરા લૂંટમાં નાકામ રહ્યા હતા પરંતુ ભરૂચના કાવી ગામનો વતની સુહેલ ફાયરિંગમાં ઈજગ્રસ્ત થયો હતો. સ્થાનિક યુવકો તાત્કાલિક સુહેલની કાર તરફ દોડી આવી એને તાત્કાલિક પીટર્સબર્ગ ખાતેની હોસ્પિટલમા સારવાર અર્થે ખસેડાયો હતો. ઓપરેશન બાદ સુહેલની સ્થિતિ સારી હોવાનું આફ્રિકાથી સમાચાર મળી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે કાવી ગામના વાતની સુહેલ પર સાઉથ આફ્રિકામાં બે મહિનાના સમયગાળામાં આ બીજીવાર લૂંટના ઈરાદે હુમલો થયો છે અને બંનેવાર આબાદ બચાવ થયો છે.



સુરતમાં જાહેરમાં થૂંકનાર વ્યક્તિ પાસેથી રૂ.૫૦૦ દંડ વસૂલાયો

રાજ્ય સરકાર દ્વારા જાહેરમાં થૂંકનારા સામે કડક કાર્યવાહી કરી દંડ ફટકારવાની ગાઈડ લાઈન જાહેર કરવામાં આવી છે. જેના ભાગ રૂપે મનપાની આરોગ્ય વિભાગની ટીમ દ્વારા શહેરમાં જાહેરમાં થૂંકનારા યુવક પાસેથી ૫૦૦ રૂપિયાનો દંડ વસૂલવામાં આવ્યો હતો. યુવકે સ્થળ પર જ દંડની રકમ ભરપાઈ કરી દીધી હતી. મનપાના આરોગ્ય અધિકારીએ જણાવ્યું હતું કે, શહેરમાં કમિશનરના આદેશ મુજબ ગઈકાલથી દંડ વસૂલવાનું શરૂ કરાયું છે. ગઈકાલે કમિશનરના આદેશ પ્રમાણે ૨૫૦નો દંડ લેવાતો હતો. પરંતુ રાજ્ય સરકારે આજથી ૫૦૦ રૂપિયાનો દંડ જાહેર કર્યો હોવાથી આજે સન્ની જાદવ નામના બાઈક ચાલકે જાહેરમાં થૂંકદાન કર્યું હોવાથી વહિવટી ખર્ચ પેટે તેની પાસેથી ૫૦૦ રૂપિયાનો દંડ વસૂલવામાં આવ્યો હતો.

MARKET 4U™
ISO 9001:2015 Certified company
REG. OFFICE:
13 PRITAM SOCIETY VIBHAG 1,
KASAK, BHARUCH.392002
Mo. No. : 7575006847
• Email : market4u19@gmail.com
• Website : www.market4u.in
• GST NO : 24ABDPZ8422D1ZN
તમામ શહેરોમાં એજન્સી મેળવવા સંપર્ક કરો.
આપના એકિટવાથી ટ્રક સુધીના તમામ વાહનોની સુરક્ષા
અને ક્યાં છે તે જાણવા GPS ટ્રેકિંગ સિસ્ટમ ફિટ કરાવો
માત્ર રૂપિયા ૬૦૦૦/-
સાથે મેળવો ત્રણ વર્ષ માટે આપની જાહેરાતની સુવિધા
તો રાહ કોની જુઓ છો ? કરો એક કોલ અને જાણો વિગત
GPS Market
RV-04
Geo Fence
Overspeed Alarm
Mileage Statistics
5M Accuracy (95%)
ACC Ignition Detection
OTA Firmware Upgrade
Over Voltage Protection
Built In Battery 160 mA/H
Tele-Cut Off (Petrol/ Electricity)
Data In Buffer (in GPS Blind Area)
GSM Module : QUECTEL M26
GPS Module : GTOP GT-1612-UB7X
For Demo -
Go to play store
Download -
GPSMARKET
User id : demo -
password : 123456
ADMIN OFFICE: 13/96, Bethi Colony, Khatodara, Udhna Darwaja, SURAT. MO. : 7575006850

પરમકૃપાળુ શ્રી જગદીશાનંદજી (રંગબાળ)ની પ્રેરણાથી www.connectindians.inના કંપની કોડ 99999999ની તમામ આવક શ્રી રંગ અવધૂત બાપજીના નામે ચેરીટેબલ સંસ્થા ખોલી લોક કલ્યાણની પ્રવૃત્તિઓમાં વપરાશે જેની સૌએ નોંધ લઈ આ કોડ સાથે જોડાવાની અરજ કરીએ છે : ધનંજય ઝવેરી

MARKET4U (OPC) PVT. LTD. ની તમામ જિલ્લા-શહેર અને એરિયા માટે એજન્સી મેળવવા સંપર્ક કરો : 9978406257

જોજો ચૂકી જતા આ મોકો

MARKET4U (OPC) PVT LTD

ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા ૬૫૦/- ભરી જાહેરાત કરી શકે તેવા અને પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા

૫૦૦૦થી વધુ ભાઇ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને

મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો

(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને જીતો

MARUTI ALTO





HONDA ACTIVA



BRANDED MIXER

ફ્રી ૨૫ ઓક્ટોબર વિજ્યાદશમી (દશેરો)

(શરતો લાગુ રહેશે)

9978406257

શુ આપ MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/- ભરાવી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત MARKET4U (OPC) PVT. LTD.ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. (T.& C.Apply)

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

MARKET 4U (OPC) PVT. LTD. ફ્રેન્ચાઈઝી નીમવાના છે

CEO MARKET4U (OPC) PVT. LTD., Dhananjay zaveri,
Surat - Bharuch. 7575006850 www.connectindians.in

MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી (રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના)
ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)
એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- (T. @ C.apply)

ઓફીસ એડ્રેસ

સુરત

MARKET4U (OPC) PVT. LTD.
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ભરૂચ

MARKET4U (OPC) PVT. LTD.
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ MARKET4U (OPC) PVT. LTD.નું નવું સાહસ WWW.CONNECTINDIANS.IN

MARKET4U (OPC) PVT. LTD.ના connectindians પ્લાન સાથે માત્ર રૂપિયા ૫૫૦/-ભરી જોડાઈ જાવ અને MARKET4U (OPC) PVT. LTD. વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો **9978406257**

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૬૫૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી MARKET4U (OPC) PVT. LTD. કંપની આપની આવકમાંથી TDS બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં NEFTથી જમા કરશે. તો રાહ શેની માત્ર ૬૫૦/- ભરો અને અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૬૫૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in

ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ

CONNECT INDIANS : MLM Plan Rs.650
INCOME ILLUSTRATION OF 1 X 10 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	10	100	1000	50	950
2	100	75	7500	375	7125
3	1000	50	50000	2500	47500
4	10000	25	250000	12500	237500
5	100000	20	2000000	100000	1900000
6	1000000	15	15000000	750000	14250000
7	10000000	10	100000000	5000000	95000000
8	100000000	5	500000000	25000000	475000000
TOTAL EARNING :					586443075

Note : This illustration is based on assumption that every Member makes 10 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ **ડાયરેક્ટરઃ** જોડાયાના એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો ૧ વર્ષ માટે બને પ્રેસ પ્રતિનિધિ

★ **સિલ્વર ડાયરેક્ટરઃ** જોડાયાના ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ **ગોલ્ડ ડાયરેક્ટરઃ** જોડાયાના છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ **પ્લેટિનમ ડાયરેક્ટરઃ** જોડાયાના એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૬૫૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ સાથે ટ્રાન્સફર કરો. ટ્રાન્ઝેક્શનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ **www.connectindians.in** વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી **99999999 Dhananjay** આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.connectindians.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :

CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257

(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)